# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

તારીખ : ૦૭ નવેમ્બર ૨૦૨૩, મંગળવાર | વર્ષ : ૧૫ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૭૯, આસો વદ દશમ | અંક : ૧૦૩ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886


### નેપાળ માટે ભારતે રાહત સામગ્રીનો પ્રથમ જથ્થો મોકલ્યો I આવી સ્થિતિમાં ભારત નેપાળની મદદે પહોંચ્યુ

# નેપાળમાં ભીષણ ભૂકંપે તબાહી મચાવી દીધી

### રાહત સામગ્રીમાં ટેન્ટ, કમ્બલ, તાડપત્રી, ચાદરો અને દવાઓ, પોર્ટેબલ વેન્ટિલેટર અને તબીબી સાધનો વગેરે સામેલ છે

I નવી દિલ્હી, તા.૬ I

નેપાળમાં શુક્રવારે આવેલા ભીષણ ભૂકંપે તબાહી મચાવી દીધી છે. પશ્ચિમી નેપાળમાં આવેલા આવેલા આ ભૂકંપથી અત્યાર સુધીમાં ૧૫૭ લોકોના મોત થઈ ચૂક્યા છે અને ૨૫૦થી વધુ લોકો ઘાયલ થયા છે. મોટી સંખ્યામાં લોકો બેઘર થઈ ગયા છે અને ખાવા-પાવીનું તથા દવાઓની અછત સર્જાઈ ગઈ છે. આવી સ્થિતિમાં ભારત નેપાળની મદદે પહોંચ્યુ છે. નેપાળની મદદ માટે ભારત તરફથી ભારતીય વાયુ સેના દ્વારા રાહત સામગ્રીનો પ્રથમ જથ્થો મોકલવામાં આવ્યો છે. જે નેપાળગંજ પહોંચી ચૂક્યો છે.

કાઠમાંડૂમાં ભારતીય દૂતાવાસે એક નિવેદનમાં કહ્યું કે, ભારતીય તરફથી એરફોર્સના એક વિશેષ સી-૧૩૦ વિમાન દ્વારા નેપાળ મોકલવામાં આવેલી ૧૦ કરોડ રૂપિયાની કટોકટીની રાહત સામગ્રીનો પ્રથમ જથ્થો પ્રાપ્ત થયો છે. તેમાં ટેન્ટ, કમ્બલ, તાડપત્રી, ચાદરો અને સ્લીપિંગ બેગની સાથે-સાથે આવશ્યક દવાઓ, પોર્ટેબલ વેન્ટિલેટર અને તબીબી સાધનો વગેરે સામેલ છે.



#### મોટી સંખ્યામાં લોકો બેઘર થઈ ગયા છે અને ખાવા-પાવીની અછત

દૂતાવાસના નિવેદનમાં કહેવામાં આવ્યું કે, ભારતીય વાયુસેનાના વિમાનમાં ૧૧ ટનથી વધુ રાહત સામગ્રી મોકલવામાં આવી હતી. ભૂકંપથી પ્રભાવિત લોકોને તમામ જરૂરી વસ્તુઓ આપવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. નિવેદનમાં વધુમાં કહેવામાં આવ્યું કે, ભારત સરકાર વતી ભારતીય રાજદૂત નવીન શ્રીવાસ્તવે કરનાલીના મુખ્યમંત્રી રાજ કુમાર શર્માની હાજરીમાં નેપાળના નાયબ વડા પ્રધાન અને સંરક્ષણ મંત્રી પૂર્ણ બહાદુર ખડકાને રાહત સામગ્રી સોંપી હતી. ભારત પર આવનારા દિવસોમાં રાહત સામગ્રીનો વધુ એક જથ્થો આવવાની આશા છે. ભારતીય મિશને કહ્યું કે, એક નજીકના મિત્ર અને પાડોસી દેશ તરીકે ભારત નેપાળમાં ભૂકંપથી અસરગ્રસ્ત લોકોને દરેક શક્ય મદદ કરવા માટે પ્રતિબદ્ધ છે. ભારત નેપાળી ભૂકંપ પીડિતોને રાહત પેકેજ આપવામાં પ્રથમ રેસ્પોન્ડર રહ્યો છે.

### દિલ્હી-એનસીઆર સહિત સમગ્ર ઉ. ભારતમાં ભૂકંપ

## દિલ્હીથી લખનઉ સુધી ૫.૬ની તીવ્રતાના આંચકાથી લોકોમાં ભય

#### ભૂકંપની તીવ્રતા ૫.૬ નોંધાઈ અને કેન્દ્રબિંદુ નેપાળ પાસે નોંધાયું, ત્રણ દિવસમાં બીજી વખત ભૂકંપના આંચકા

I નવી દિલ્હી, તા.૬ I

દિલ્હી-એનસીઆરસહિત સમગ્ર ઉત્તર ભારતમાં ભૂકંપના આંચકા અનુભવાયા છે. દિલ્હીથી લખનઉ સુધી ભૂકંપના આંચકાથી લોકોમાં ભયનો માહોલ જોવા મળ્યો હતો અને ઘરોમાંથી બહાર દોડી આવ્યા હતા. ભૂકંપની તીવ્રતા ૫.૬ નોંધાઈ અને કેન્દ્રબિંદુ નેપાળ પાસે નોંધાયું છે. ત્રણ દિવસમાં બીજી વખત ભૂકંપના આંચકા અનુભવાયા છે. આ પહેલા નેપાળમાં શુક્રવારે રાત્રે આવેલા જોરદાર ભૂકંપના કારણે ઉત્તર ભારતના મોટાભાગના વિસ્તારોમાં ભૂકંપ ના આંચકા અનુભવાયા હતા. પૃથ્વીની અંદર કુલ સાત પ્લેટ છે. જે હંમેશા કાર્ય કરતી રહે છે. જ્યાં આ પ્લેટ્સ એકબીજા સાથે અથડાઈ છે તેને ફોલ્ટ ઝોન કહેવામાં આવે છે. જ્યારે આ પ્લેટો અથડાય છે, ત્યારે ઊર્જા બહાર નીકળવાનો પ્રયત્ન કરે છે. આ પ્લેટની હિલચાલ ભૂકંપ બની જાય છે. ભૂકંપનું કેન્દ્ર સપાટીથી જેટલું નજીક હોય તેટલી વધુ તબાહી સર્જાતી હોય છે. જો ભૂકંપની તીવ્રતા ૦ થી ૧.૯ રિક્ટર હોય તો તેનો અનુભવ થતો નથી.

## ન્યૂઝ બ્રિફ

### ૪૦ કરોડની છેતરપિંડી ના કેસમાં જસવંતસિંહ ગજ્જનની અટકાયત



I જાલંધર, તા.૬ I

પંજાબમાં આમ આદમી પાર્ટીના ધારાસભ્ય જસવંત સિંહ ગજ્જન માજરા સામે મોટી કાર્યવાહી કરવાની ઘટના સામે આવી છે. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે ગજ્જનની અટકાયત કરી છે. ઈડીએ બેંક સાથે કરોડોની છેતરપિંડીના જૂના કેસમાં આ કાર્યવાહી કરી છે. મળતા અહેવાલો મુજબ ઈડીએ છેતરપિંડી મામલે પૂછપરછ કરવા જસવંત સિંહની અટકાયત કરી છે.

### તેજસ્વી યાદવ અંગે અમદાવાદ કોર્ટમાં સુનાવણી પર સુપ્રીમની રોક

I નવી દિલ્હી, તા.૬ I

'ગુજરાતી ઠગ' વાળા નિવેદનને લઈને બિહારના ડેપ્યુટી સીએમ તેજસ્વી યાદવને સુપ્રીમ કોર્ટમાંથી રાહત મળી છે. સુપ્રીમ કોર્ટે તેજસ્વી યાદવની અરજી પર સુનાવણી કરતા આ કેસની અમદાવાદ કોર્ટમાં સુનાવણી પર રોક લગાવી દીધી છે. સુપ્રીમ કોર્ટના આદેશ બાદ હવે તેજસ્વી યાદવ નીચલી અદાલતમાં વ્યક્તિગત હાજરીમાંથી મુક્તિ મળી ગઈ છે. સૂત્રો દ્વારા મળેલી માહિતી પ્રમાણે તેજસ્વી યાદવની કથિત ટિપ્પણી માત્ર ગુજરાતીઓ જ ઠગ હોઈ શકે છે.

### વિશ્વના સૌથી વધુ પ્રદૂષિત શહેરમાં દિલ્હી પ્રથમ, લાહોર બીજા સ્થાને

I નવી દિલ્હી, તા.૬ I

ભારત સહિત દુનિયાના ઘણાબધા દેશો પ્રદૂષણનો સામનો કરી રહ્યા છે. આ વાયુ પ્રદૂષણ દિવસેને દિવસે એટલું વધી રહ્યું છે કે લોકોને શ્વાસ લેવામાં પણ મુશ્કેલી પડી રહી છે. દિલ્લી-એનસીઆરસહિત દેશના અનેક શહેરોમાં હવા ઝેરી બની છે. વિશ્વના ટોપના ૧૦ પ્રદૂષિત શહેરોની યાદી જાહેર કરવામાં આવી છે. આ લીસ્ટમાં દિલ્હી પ્રથમ સ્થાને છે, બીજા સ્થાને પાકિસ્તાનનું લાહોર છે. ટોપના ૫ સૌથી વધુ પ્રદૂષિત શહેરોમાં ભારતના ત્રણ શહેરોનો સમાવેશ થાય છે. સ્વિસ ગ્રુપ આઈક્યુએરદ્વારા વિશ્વના ૧૦ સૌથી પ્રદૂષિત શહેરોની યાદી બહાર પાડવામાં આવે છે.

### દિલ્હીમાં હવાની ગુણવત્તાની ખરાબ સ્થિતિની વચ્ચે સરકારનો નિર્ણય

## દિલ્હીમાં ૧૩-૨૦ નવેમ્બરે વાહનો માટે ઓડ-ઈવન ફોર્મ્યુલા લાગુ રહેશે

#### દિલ્હીના પર્યાવરણ મંત્રી ગોપાલ રાયે કહ્યું, પ્રદૂષણ વધી રહ્યું છે, નિષ્ણાતોના મતે તેનું કારણ તાપમાનમાં સતત ઘટાડો અને પવનની ખૂબ જ ધીમી ગતિ છે

I નવી દિલ્હી, તા.૬ I

દિલ્હીમાં હવાની ગુણવત્તાની ખરાબ સ્થિતિ વચ્ચે દિલ્હીના પર્યાવરણ મંત્રી ગોપાલ રાયે એક પ્રેસ કોન્ફરન્સમાં અનેક મોટી જાહેરાતો કરી. પ્રદૂષણને નિયંત્રિત કરવા માટે દિલ્હીમાં ઘણા નવા નિયમો લાગુ કરવામાં આવી રહ્યા છે, જેમાંથી સૌથી મોટો નિયમ ઓડ-ઈવન નિયમ છે. આ અંતર્ગત અઠવાડિયામાં અમુક દિવસો માટે માત્ર એકી નંબર પ્લેટવાળા વાહનો જ રસ્તા પર દોડી શકશે અને બાકીના દિવસોમાં બેકી નંબર પ્લેટવાળા વાહનો જ ચલાવી શકશે. આ માટે સમયપત્રક જારી કરવામાં આવશે. જો કે આ એક સપ્તાહમાં તેની સમીક્ષા કરવામાં આવશે. તે પછી સરકાર નક્કી કરશે કે તેને આગળ ચાલુ રાખવું કે નહીં.

દિલ્હીના પર્યાવરણ મંત્રી ગોપાલ રાયે કહ્યું કે, પ્રદૂષણ સતત વધી રહ્યું છે. નિષ્ણાતોના મતે તેનું મુખ્ય કારણ તાપમાનમાં સતત ઘટાડો અને પવનની ખૂબ જ ધીમી ગતિ છે. આજે એક્યુઆઈ ૪૩૬ પર પહોંચી ગયો છે. દિલ્હીમાં ૩૬૫ દિવસ દરમિયાન પ્રદૂષણ ઘટાડવા



માટે કામ કરવામાં આવી રહ્યું છે. આવી સ્થિતિમાં દિલ્હી માટે ઉનાળો અને શિયાળાનો એક્શન પ્લાન લાગુ કરવામાં આવી રહ્યો છે. વર્ષ ૨૦૧૫માં ૩૬૫માંથી ૧૦૯ સ્પષ્ટ દિવસો હતા જે આ વર્ષે વધીને ૨૦૬ થયા છે. આજે મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે સમીક્ષા બેઠક યોજી હતી. જેમાં તેમને અત્યાર સુધી શું કામ થયું છે તેની તમામ માહિતી આપવામાં આવી હતી. દિલ્હીની અંદર આવશ્યક સેવાઓના ટ્રક અને સીએનજી, ઈલેક્ટ્રિક વાહનો સિવાય તમામ ટ્રકોના પ્રવેશ પર પ્રતિબંધ રહેશે. હવે દિલ્હીમાં તમામ બાંધકામ અને ડિમોલિશન પર સંપૂર્ણ પ્રતિબંધ રહેશે. ખરાબ હવાના કારણે ૫ ધોરણ સુધીની તમામ શાળાઓ ૧૦ નવેમ્બર સુધી બંધ રહેશે. આ સાથે ધોરણ ૬ થી ધોરણ ૯ અને ધોરણ ૧૧ ના બાળકો માટેની શાળાઓ પણ ૧૦ નવેમ્બર સુધી બંધ કરી દેવામાં આવી છે.

### દિલ્હી ગેસ ચેમ્બરમાં ફેરવાતા લોકોના આરોગ્યને ખતરો

## માત્ર સમિતિઓ બનાવવાથી પ્રદૂષણની સ્થિતિમાં સુધરો નહીં આવે : સુપ્રીમ કોર્ટ

I નવી દિલ્હી, તા.૬ I

શિયાળો આવતા જ હંમેશની માફક દેશની રાજધાની દિલ્હી ગેસ ચેમ્બરમાં ફેરવાઈ ગઈ છે જેને કારણે આરોગ્ય પર મોટો ખતરો ઉભો થયો છે. લોકોને શ્વાસ લેવામાં પણ તકલીફ પડી રહી છે. આ મામલો એટલો ગંભીર બન્યો છે કે તે હવે સુપ્રીમ કોર્ટ સુધી પહોંચી ગયો છે. આજે સુપ્રીમમાં પ્રદૂષણના આકલન માટે એક સ્થાયી સમિતી રચવાની માંગ કરતી અરજી દાખલ કરવામાં આવી હતી. જોકે, કોર્ટે આ અરજી પર વિચાર કરવા ના કહી દીધી



હતી. મુખ્ય ન્યાયાધીશ ડીવાય ચંદ્રચુડની અધ્યક્ષતા વાળી પીઠએ કહ્યું કે, આ સંપૂર્ણપણે નીતિગત મામલો છે. બેન્ચમાં જસ્ટિસ જે.બી.પારડીવાલા અને જસ્ટિસ મનોજ મિશ્રા પણ સામેલ હતા. તેમણે પૂછ્યું, 'શું તમને લાગે છે કે દેશભરના તમામ જિલ્લાઓમાં સમિતિઓ બનવામાં આવશે તો પ્રદૂષણ મુક્તિ મળશે?' આ પ્રકારની સમિતિઓની રચનાથી હાલની સ્થિતિ સુધારશે નહીં. સુપ્રીમ કોર્ટના પ્રશ્નનો બાદ અરજદારના વકીલે PIL પાછી ખેંચી લીધી હતી. સુપ્રીમ કોર્ટ અજય નારાયણરાવ ગજબહાર દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી પર સુનાવણી કરી રહી હતી.

### હીરાલાલ સામરિયા પ્રથમ દલિત ચીફ ઇન્ફોર્મેશન કમિશનર બન્યા

I નવી દિલ્હી, તા.૬ I

રાજસ્થાનના હીરાલાલ સામરિયા દેશના પ્રથમ દલિત ચીફ ઈન્ફોર્મેશન કમિશનર બન્યા છે. દ્રૌપદી મુર્મુએ રાષ્ટ્રપતિ ભવનમાં હીરાલાલ સામરિયાને ચીફ ઈન્ફોર્મેશન કમિશનર તરીકેના શપથ લેવડાવ્યા. આ માહિતી રાષ્ટ્રપતિ ભવન દ્વારા આપવામાં આવી છે. હીરાલાલ સામરિયા હાલમાં માહિતી કમિશનર તરીકે ફરજ બજાવે છે.

### રાહુલ ગાંધીનો અલગ અંદાજ જોવા મળ્યો

## રાહુલ ગાંધીએ કેદારનાથ ધામમાં ભક્તોને પીવડાવી ચા

I નવી દિલ્હી, તા.૬ I

કોંગ્રેસના પૂર્વ રાષ્ટ્રીય અધ્યક્ષ રાહુલ ગાંધીએ દેહરાદૂનના કેદારનાથ મંદિરની મુલાકાત લીધી હતી અને ભક્તોને ચા પીરસી હતી, જેનો એક વીડિયો પણ સામે આવ્યો છે. રાહુલ ગાંધીએ ભાજપની આગેવાની હેઠળની કેન્દ્ર સરકાર અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર નિશાન સાધ્યું હતું અને તેમના વાયદા પૂરા ન કરવાનો આરોપ લગાવ્યો હતો. તેમણે એવો પણ આક્ષેપ કર્યો હતો કે ભાજપ જંગલ વિસ્તારોમાં રહેતા આદિવાસી



વસ્તી માટે 'આદિવાસી'ને બદલે 'વનવાસી'નો ઉપયોગ કરે છે. નોંધનીય છે કે, કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી બપોરે કેદારનાથ પહોંચ્યા હતા. રાહુલ ગાંધી VIP હેલિપેડ પર જવાને બદલે સામાન્ય મુસાફરો માટે હેલિપેડ પર પહોંચ્યા હતા.










## દંપતી ખરીદીમાં મગ્ન અને બાળકને કોઇ ઉપાડી ગયું



। અમદાવાદ, તા.૬ ।

દિવાળીને હવે થોડા જ દિવસો બાકી છે. ત્યારે શહેરની બજારોમાં લોકો ખરીદી કરવા નીકળી પડ્યા છે. દિવાળીને કારણે બજારમાં ખરીદીનો માહોલ જોવા મળી રહ્યો છે. ગઈકાલે દિવાળી પહેલાનો છેલ્લો રવિવાર હોવાથી લોકો મોટી સંખ્યામાં ખરીદી કરવા બજારમાં ઉમટી પડ્યા હતા. અમદાવાદના ભદ્ર પાસેનું પાથરણાં બજારમાં રવિવારે લોકો મોટી સંખ્યામાં ખરીદી કરવા ઉમટી પડ્યા હતા. ત્યારે આટલી ભીડમાં અમદાવાદ પોલીસની ટીમો પણ હાજર રહીને લોકોને ચેતવતા હતા. લોકો ખરીદીમાં એટલા મશગૂલ થઈ જાય છે કે પોતાના બાળકો અને મોંઘી ચીજવસ્તુઓ પણ કોઈ ઉપાડી જાય તો પણ ખ્યાલ નથી રહેતો. જો તમે ખરીદી કરવા જાવ તો આ વીડિયોમાં દેખાય છે તેવી ભૂલો તો ન જ કરતા. અમદાવાદના ભદ્ર વિસ્તારમાં અને લાલદરવાજામાં દિવાળીની ખરીદીનો બરાબરનો માહોલ જામ્યો છે. ત્યારે અનેક ચોર ટોળકીઓ પણ સક્રિય થઈ ગઈ છે. જેઓ ખરીદી કરી રહેલા લોકોની વસ્તુઓને ચોરી કરી રહ્યા છે. આ વીડિયોમાં તમે જોઈ શકો છો કે, દિવાળીના તહેવારોમાં લોકો સજાગ થાય તે માટે પોલીસની અનેક ટીમો સતર્ક બની છે. રવિવારે એક મહિલા જે કોઈપણ પ્રકારના ડર વગર એક છોકરીની બેગમાંથી વસ્તુ કાઢી રહી હતી. યુવતીને જરાપણ ખ્યાલ નથી આવ્યો કે તેની બેગમાંથી વસ્તુઓ ચોરાઇ ગઇ. બીજી એક ઘટનામાં અહીં તો હદ થઈ ગઇ છે. મહિલા તેના બાળક સાથે ખરીદી કરવા આવી હતી. અહીં જુઓ મહિલાની આંખ સામેથી જ તેમના બાળકને સાદા કપડામાં આવેલા પોલીસ લઈ જાય છે. તો પણ ખબર નથી પડતી. નોંધનીય છે કે, અમદાવાદનું ભદ્ર પાસેનું પાથરણાં બજાર ખરીદી માટે જાણીતું છે. ત્યાં દિવાળી પહેલા બજારોમાં ધૂમ મચી ગઈ છે. લાલદરવાજા ખાતે હૈયાથી હૈયું દળાય તેવી ભીડ જોવા મળી રહી છે. પરિવાર સાથે લોકો દિવાળીની ખરીદી કરવા પહોંચ્યા છે. દિવાળી પહેલા ખરીદીને લઈને લોકોમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ઘરવખરીનો સામાન, કપડાં સહિતની નાની મોટી વસ્તુઓ ખરીદવા લોકોની ભીડ જામી છે. તો બીજી બાજુ ચોરોની ટોળકીઓ પણ સક્રિય થઈ રહી છે. તો ભીડમાં જાવ તો તમે સાચવજો.

### દિવાળી પહેલા રેલ્વે વિભાગનો મહત્વનો નિર્ણય

# દિવાળીને લીધે રેલ્વે વિભાગ સ્પેશિયલ ટ્રેન દોડવાશે

## આ ટ્રેનમાં એસી ચેરકાર, નોર્મલ ચેરકાર, સ્લીપર અને સેકન્ડ ક્લાસ સીટિંગ કોચનો સમાવેશ થાય છે

। ભાવનગર, તા.૬ ।

મહુવા-સુરત વચ્ચે દ્વિ-સાપ્તાહિક વિશેષ ટ્રેન દોડશે. રવિવારથી ટિકિટ બુકિંગ શરૂ થશે. મુસાફરોની સુવિધા માટે પશ્ચિમ રેલ્વેએ મહુવા અને સુરત વચ્ચે વિશેષ ભાડા પર દ્વિ-સાપ્તાહિક વિશેષ ટ્રેન ચલાવવાનો નિર્ણય કર્યો છે. ભાવનગર ડિવિઝનના સિનિયર ડીસીએમ માશૂક અહમદના જણાવ્યું કે, આ ટ્રેન મહુવાથી દર ગુરુવાર અને શનિવારે બપોરે ૧૩.૧૫ કલાકે ઉપડશે. આ ટ્રેનને ૦૯ નવેમ્બર ૨૦૨૩ થી ૩૦ નવેમ્બર ૨૦૨૩ સુધી ચલાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ટ્રેન નંબર ૦૯૧૧૨/૦૯૧૧૧ મહુવા-સુરત-મહુવા એક્સપ્રેસ ટ્રેન નંબર ૦૯૧૧૨ મહુવા-સુરત દ્વિ-સાપ્તાહિક વિશેષ ટ્રેન મહુવાથી દર ગુરુવાર અને શનિવારે ૧૩.૧૫ કલાકે ઉપડશે અને બીજા દિવસે ૦૨.૩૦ કલાકે સુરત



પહોંચશે. આ ટ્રેન મહુવાથી ૦૯, ૧૧, ૧૬, ૧૮, ૨૩, ૨૫ અને ૩૦ નવેમ્બર, ૨૦૨૩ના રોજ દોડશે. ટ્રેન નંબર ૦૯૧૧૧ સુરત-મહુવા દ્વિ-સાપ્તાહિક વિશેષ ટ્રેન દર બુધવાર અને શુક્રવારે સુરતથી ૨૨.૦૦ કલાકે ઉપડશે અને બીજા દિવસે ૦૯.૧૦ કલાકે મહુવા પહોંચશે. આ ટ્રેન ૦૮, ૧૦, ૧૫, ૧૭, ૨૨, ૨૪ અને ૨૯ નવેમ્બર ૨૦૨૩ના રોજ દોડશે. આ ટ્રેન બંને દિશામાં રાજુલા, સાવરકુંડલા, લીલીયા મોટા, દામનગર, ઢસા, ધોળા, નિંગાળા, બોટાદ, ધંધુકા, ધોળકા, બાવળા, ગાંધીગ્રામ, અમદાવાદ અને વડોદરા સ્ટેશનો પર ઉભી રહેશે. આ ટ્રેનમાં એસી ચેરકાર, નોર્મલ ચેરકાર, સ્લીપર અને સેકન્ડ ક્લાસ સીટિંગ કોચનો સમાવેશ થાય છે. ટ્રેન નંબર ૦૯૧૧૨ અને ૦૯૧૧૧નું બુકિંગ ૦૫.૧૧.૨૦૨૩ (રવિવાર) થી પેસેન્જર રિઝર્વેશન કેન્દ્રો અને ઈઝ્રઝ્ર વેબસાઈટ પર શરૂ થશે. મુસાફરોની સુવિધા માટે પશ્ચિમ રેલવેએ વેરાવળ અને સુરત વચ્ચે વિશેષ સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેન દોડાવવાનો નિર્ણય કર્યો છે. આ ટ્રેન વેરાવળથી દર મંગળવારે ૧૧.૦૫ કલાકે દોડશે. આ ટ્રેનને ૦૭ નવેમ્બર, ૨૦૨૩ થી ૨૮ નવેમ્બર, ૨૦૨૩ સુધી ચલાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ટ્રેન નંબર ૦૯૦૧૮/૦૯૦૧૭ વેરાવળ-સુરત-વેરાવળ સાપ્તાહિક એક્સપ્રેસ ટ્રેન નંબર ૦૯૦૧૮ વેરાવળ-સુરત સાપ્તાહિક વિશેષ ટ્રેન વેરાવળથી દર મંગળવારે ૧૧.૦૫ કલાકે ઉપડશે અને તે જ દિવસે ૨૩.૪૫ કલાકે સુરત પહોંચશે. આ ટ્રેન વેરાવળથી ૦૭, ૧૪, ૨૧ અને ૨૮ નવેમ્બર, ૨૦૨૩ના રોજ દોડશે. ટ્રેન નંબર ૦૯૦૧૭ સુરત-વેરાવળ સાપ્તાહિક વિશેષ ટ્રેન દર સોમવારે સુરતથી ૧૯.૩૦ કલાકે ઉપડશે અને બીજા દિવસે ૦૮.૦૫ કલાકે વેરાવળ પહોંચશે. આ ટ્રેન ૦૬, ૧૩, ૨૦ અને ૨૭ નવેમ્બર, ૨૦૨૩ના રોજ દોડશે. આ ટ્રેન માળીયા હાટીના, કેશોદ, જૂનાગઢ, જેતલસર, ગોંડલ, રાજકોટ, અમદાવાદ અને વડોદરા સ્ટેશન પર બંને દિશામાં ઉભી રહેશે. ટ્રેન નંબર ૦૯૦૧૮ અને ૦૯૦૧૭ માટે બુકિંગ ૦૫.૧૧.૨૦૨૩ (રવિવાર) થી પેસેન્જર રિઝર્વેશન કેન્દ્રો અને IRCTC વેબસાઈટ પર ખુલશે.

## સૌરાષ્ટ્રના યાર્ડમાં મગફળીના ભાવ સારા મળતા ખેડૂતો ખુશ

। અમરેલી, તા.૬ ।

અમરેલી સહીત સૌરાષ્ટ્રમાં મોટાભાગના ખેડૂતોએ મગફળીનું વાવેતર કર્યું છે. આ વર્ષે મગફળીનું ઉત્પાદન પણ મબલક થયું છે અને માર્કેટિંગ યાર્ડમાં હવે નવી મગફળીની આવક શરૂ થઈ ગઈ છે. મગફળીના ભાવ હાલ તૂટતા હોવાનું જણાઈ રહ્યું છે. સ્થાનિક વેપારીઓ જણાવ્યું કે, મગફળીની જંગી આવક વચ્ચે સિંગદાણાની ડિમાન્ડ ઓછી છે અને ભાવમાં ૨૦ રૂપિયાથી ૩૦ રૂપિયા સુધી નીચો જઈ રહ્યો છે અને સાથે માર્કેટિંગ યાર્ડમાં મગફળીની ખૂબ જ આવક થઈ રહી છે. અમરેલી માર્કેટિંગ યાર્ડમાં છેલ્લા એક અઠવાડિયામાં મગફળી મોટીનો ૯૫૦ થી ૧,૪૧૦ રૂપિયા સુધી બોલાયો હતો. સાવરકુંડલા માર્કેટિંગ યાર્ડમાં મગફળી મોટીનો ભાવ ૧,૧૦૦ રૂપિયાથી ૧,૪૧૦ રૂપિયા સુધી બોલાયો હતો.



એસજી હાઈવે પર વારંવાર થતા અકસ્માતને રોકવા ડિવાઈડર પર ઉકેલ ઝડને કાપી નાખવામાં આવ્યા છે.

### વડોદરાના મ્યૂઝિયમમાંથી બહાર આવશે ખજાનો

# આ દિવાળી પર ૧૦૦ વર્ષ જૂના દીવામાંથી ફેલાશે ઉજાશ

। વડોદરા, તા.૬ ।

આખો દેશ દિવાળીનો તહેવાર ધામધૂમથી ઉજવે છે. દિવાળીના તહેવારનું મહત્વ અને દિપોત્સવીની પરંપરાનો ઈતિહાસ અનેરો છે. લોકો દીપ પ્રગટાવી દિવાળીના તહેવારની ઉજવણી કરે છે. ત્યારે વડોદરાના મ્યુઝિયમમાં ૧૦૦ વર્ષ જુનો દીવડો લોકોમાં આકર્ષણનું કેન્દ્ર બન્યો છે. ભગવાન રામ લંકા વિજય મેળવીને અયોધ્યા પરત ફર્યા ત્યારે અવધમાં દિવડા પ્રગટાવી દીપોત્સવ મનાવવામાં આવ્યો હતો. દરેક લોકોએ પોતાના ઘરની બહાર અને રાજમાર્ગો પર દીવા પ્રગટાવ્યા હતા. આ જ હેતુથી આજે પણ દિવાળીના તહેવારે લોકો ઘરે ઘરે, દુકાને અને ઓફિસે દીવો પ્રગટાવે છે. આજે માટીના કોડિયાથી શરૂ કરીને ચાઈનીઝ દીવા બજારમાં આવ્યા છે. જેની લોકો ખરીદી કરે છે ત્યારે વડોદરાના ક્માટીબાગમાં બરોડા મ્યુઝિયમ એન્ડ પિક્ચર ગેલેરીમાં ૧૯ મી સદીનો ૧૦૦ વર્ષ પહેલાં બનેલો દીવો સચવાયેલો છે. પિત્તળમાં બનેલો આ દિવો હાથી પર બનાવવામાં આવ્યો હતો. ૨૪ નાની દીવી, તેના પર મોટો દીવો અને દીપ લક્ષ્મીનું સુંદર નિર્માણ કરવા આવ્યું છે. આ આલિશાન કંડારેલા દીવા પર ૧૦૮ દીવા પ્રગટાવી શકાય છે.

### એક કલાક સુધી આકાશમાં ઝગમગાટ થશે । કાળી ચૌદસના દિવસે આકર્ષક રંગોળી સ્પર્ધા યોજાશે

# રાજકોટમાં ધનતેરસના દિવસે ભવ્ય આતશબાજી

। રાજકોટ, તા.૬ ।

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા કોરોના કાળથી બંધ કરવામાં આવેલી દિવાળી કાર્નિવલ આ વર્ષે પણ યોજવામાં નહીં આવે. પરંતુ ધનતેરસે જબરદસ્ત આતશબાજી અને દિવાળીના આગલા દિવસે રેસકોર્સ રીંગ રોડ પર ભવ્ય રંગોળી સ્પર્ધા યોજવામાં આવશે. તેમજ આતશબાજીનો સમય પણ આ વર્ષે લંબાવવામાં આવ્યો છે.

ધનતેરસના દિવસે મનપા દ્વારા રેસકોર્સમાં આતશબાજી યોજવામાં આવશે. એક કલાક સુધી આકાશમાં અવનવા ફટાકડા ફોડવા આયોજન કરાયું છે. દર વર્ષેની જેમ આ વર્ષે રાજકોટવાસીઓ ધનતેરસ ઉપર આતશબાજીનો અદભુત આનંદ માણશે. ૫૦ હજારથી વધુ લોકો તારામંડળ અને સ્કાય ફોલ નો ડીજે મ્યુઝિક સાથે આનંદ માણશે. ગત રોજ રાજકોટ - ઈસ્ઝ્રની સ્ટેન્ડિંગ કમિટીની બેઠક મળી હતી. જેમાં ૮ કરોડ ૭૩ લાખના વિકાસ કામોને મંજૂરી આપવામાં આવી છે. તેમજ ગૌરવ પથ કાલાવડ રોડને સિક્સ લેન બનાવવાની દરખાસ્તને મંજૂરી અપાઈ છે.

મોટામવા ગામથી અવધ રોડ સુધી સિક્સ લેન બનાવવામાં આવશે. સાથે જ કપાતમાં જતી મિલકતોની મોટામવામાં જગ્યા ફાળવવામાં આવશે. છેલ્લી ૬-૬ સ્ટેન્ડિંગ કમિટી થી દરખાસ્ત પેન્ડિંગ રાખવામાં આવતી હતી. કપાતમાં જતી મિલકતોને ૧૦ટકા રકમ RMCમાં જમા કરાવવા અને ર્ફઝ્ર લેવાના નિર્ણયને પણ રદ કરવામાં આવ્યો. આ ઉપરાંત રખડતા ઢોર પકડવા જતા અધિકારીઓને બોડીવોર્ન કેમેરા આપવાનો નિર્ણય કરાયો છે. રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનની સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં આ નિર્ણય લેવાયો છે. બોડીવોર્ન કેમેરા ખરીદી કરવા ફાઈનાન્સ બોર્ડ પાસે ૩૬.૬૦ કરોડની ગ્રાન્ટની માંગ કરાશે.

દિવાળીના તહેવાર અંગે રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આતશબાજી કરવાનો મહત્વનો નિર્ણય લેવાયો છે. ધનતેરસના દિવસે માધવરાવ સિંધિયા ક્રિકેટ સ્ટેડિયમમાં આતિશબાજી કરાશે.

આ વર્ષે ૪૫ મિનિટના બદલે આ વખતે ૧ કલાક સુધી આતશબાજી કરાશે. તેમજ રેસકોર્સ રિંગ રોડ ફરતે ૧૦૦૦ રંગોળી બનાવવામાં આવશે. સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીન ઠાકર દ્વારા જણાવાયું કે, ધનતેરસની રાત્રે માધવરાવ સિંધિયા ક્રિકેટ સ્ટેડિયમમાં આતશબાજી કરવામાં આવશે. ૪૫ મિનિટને બદલે ૧ કલાક સુધી આતશબાઝી કરવામાં આવશે. સ્માર્ટ સીટી હેઠળ ચિત્રનગરી ટ્રસ્ટના ૧૦૦૦ બહેનો રેસકોર્ષ રિંગ રોડ ફરતા ૧૦૦૦ રંગોળીઓ બનાવવામાં આવશે. આ વર્ષે રેસકોર્ષ રિંગ રોડ ફરતે ભપકેદાર લાઈટિંગ પાછળ ખર્ચ બચાવવામાં આવશે. માત્ર વૃક્ષોમાં જ લાઈટિંગ કરવામાં આવશે.

### ગુજરાતમાં વધુ એક પરિવારનો સામુહિક આપઘાત

# સુરત બાદ બનાસકાંઠામાં ચાર લોકોએ ડેમમાં ઝંપલાવી દીધું

। બનાસકાંઠા, તા.૬ ।

સુરત બાદ હવે બનાસ કાંઠામાં સામુહિક આપઘાતનો બનાવ સામે આવ્યો છે. બનાસકાંઠાના દાંતીવાડા ડેમમાં એક જ પરિવારના ચાર લોકોએ ઝંપલાવી સામુહિક આત્મહત્યા કરી છે. દાંતીવાડા ડેમમાં સાસુ કનુબા ચૌહાણ, પુત્રવધુ નયનાબા ચૌહાણ, પૌત્રી સપનાબા ચૌહાણ અને પૌત્ર વિરમસિંહ ચૌહાણે ઝંપલાવી આત્મહત્યા આત્મહત્યા કરી છે. એક જ પરિવારના ૪ લોકોના મોત મામલે પોલીસ ફરિયાદ નોંધાઈ છે. મૃતક પરણીતાના ભાઈએ બનેવી અને સસરા સામે પોલીસ ફરિયાદ નોંધાવી છે. પતિ અને સસરાના ઘર કંકાસમાં પત્ની, દીકરો, દીકરી અને સાસુએ આત્મહત્યા કર્યાનો ફરિયાદમાં ઉલ્લેખ કરાયો છે. પ્રવીણસિંહ ઠાકોરની ફરિયાદને આધારે પતિ નારણસીંગ ગેનસીંગ ચૌહાણ અને સસરા ગેનસીંગ સ્વરૂપસીંગ ચૌહાણ સામે ૩૦૬ નો ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે. પરિણીતા, તેનાં સાસુ અને તેનાં સંતાનોને મૃતક પરિણીતાનો પતિ અને સસરા શારીરિક-માનસિક ત્રાસ આપતા હોઈ આ અંતિમ પગલું ભર્યું હોવાનું સામે આવ્યું છે.

પોલીસે આ મામલે વધુ તપાસ હાથ ધરી છે. ચારેય મૃતકો પાલનપુરના નાની ભટામલ હોવાનું સામે આવ્યું છે.

**વિશેષ** કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા ૩૦ હજાર ઈલેક્ટ્રીક વાહનો ઉત્પાદન કરવાની મંજૂરી અપાઈ, યુરોપિયન યુનિયને પણ આપી મંજૂરી


# ‘‘ક્લિન ઈન્ડિયા, ગ્રીન ઈન્ડિયા’’ની પહેલ : દક્ષિણ ગુજરાતમાં સૌ પ્રથમ ઔદ્યોગિક નગરી વાપી ઈ-વાહનોના મેન્યુફેક્ચરનું હબ બન્યું

હવા અને અવાજના વધતા પ્રદૂષણને અટકાવી પર્યાવરણની જાળવણીમાં સૌથી શ્રેષ્ઠ ગણાતા ઈલેક્ટ્રીક વાહનો પ્રત્યે લોકોને પ્રોત્સાહિત કરવા કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા અથાગ પ્રયાસ થઈ રહ્યા છે ત્યારે દક્ષિણ ગુજરાતમાં સૌ પ્રથમ વલસાડ જિલ્લાની ઔદ્યોગિક નગરી વાપી ખાતે એક એન્જિનિયર યુવકે વર્ષ ૨૦૧૯માં ઓટોમોબાઈલ્સ ક્ષેત્રે સ્ટાર્ટઅપ શરૂ કરી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના ‘‘ક્લિન ઈન્ડિયા, ગ્રીન ઈન્ડિયા’’ના સ્વપ્નને સાકાર કરવા ઈલેક્ટ્રીક વાહનો મેન્યુફેક્ચર કરવાનું શરૂ કર્યુ હતું. ચાર વર્ષના ટૂંકા ગાળા અને કોરોનાના કપરા માહોલમાં પણ હાર નહી માની ઈ- વાહનોનું ઉત્પાદનચાલુરાખીઅત્યારસુધીમાંમાત્રગુજરાતજનહીં પરંતુ દેશના વિવિધ રાજ્યો અને દેશની સરહદને પાર કરી આફ્રિકા દેશમાં પણ ‘‘મેક ઈન ઈન્ડિયા’’નો નારો ગુંજતો કર્યો છે. જર્મનીની કંપનીમાં મહિને રૂ. સાડા ત્રણ લાખના પગારની નોકરી છોડી વાપીના મિકેનીકલ એન્જિનિયર મનિષ વિજયભાઈ પાટીલે પર્યાવરણના જતન ક્ષેત્રે કામગીરીની શરૂઆત આમ તો વર્ષ ૨૦૧૫માં સોલાર અને પોલ્યુશન વગરના યંત્રો બનાવવાથી કરી હતી પરંતુ વર્ષ ૨૦૧૯માં વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના ‘‘ક્લિન ઈન્ડિયા, ગ્રીન ઈન્ડિયા’’ના મંત્રથી પ્રેરિત થઈ ઈ-વાહનનું ઉત્પાદન કરવા રૂ. ૫૦ લાખના મુડી રોકાણથી સ્ટાર્ટઅપની શરૂઆત કરી બલીઠામાં ઈલેક્ટ્રો ઈકો મોબિલિટી પ્રા.લિ. કંપનીની સ્થાપના કરી હતી. આજે વર્ષે ૭ કરોડ રૂપિયાનું ટર્ન ઓવર કરવાની સાથે ઈલેક્ટ્રીકલ, મોડ્યુલર, એન્જિનિયર, વેલ્ડર, ફીટર



### ઈ-વાહનના ઉપયોગથી પર્યાવરણના જતનની સાથે આર્થિક બચત પણ થાય છે : મનિષ પાટીલ

શરૂઆત મહિને ૧૦૦ ઈ-વાહન બનાવવાથી કરી હતી હાલમાં મહિને ૨૦૦ થી ૩૦૦ વાહનો બનાવી રહ્યા છે. વર્ષે ૩૦૦૦ થી ૪૦૦૦ ઈ- વાહનો ઉત્પાદન થઈ રહ્યા છે. અત્યાર સુધીમાંથી ૫૦૦૦ થી ૭૦૦૦ ઈ-વાહન મેન્યુફેક્ચર કર્યા છે. આ સિવાય ગુજરાત સરકારની રૂ. ૧૨ હજારની સબસિડી પણ ૭૦૦ વિદ્યાર્થીઓને આપવામાં આવી હતી. ૫૦ કિમી થી લઈને ૨૦૦ કિમી સુધીના ઈ-વાહનો બનાવી રહ્યા છે. જેમાં સ્કુટર રૂ. ૭૦ હજારથી, બાઈક રૂ. દોઢ લાખ અને કાર રૂ. ૩ લાખ થી ૫ લાખ સુધી મેન્યુફેક્ચર થઈ રહી છે. પેટ્રોલ-ડિઝલ વાહનની સરખામણીએ ઈ-વાહન પર્યાવરણની તો જાળવણી કરે જ છે પરંતુ સાથે સાથે પેટ્રોલ-ડિઝલ પાછળ થતા ખર્ચની બચત પણ કરે છે. માત્ર દોઢ થી બે વર્ષમાં જ ઈ-વાહનના પૈસા વસૂલ થઈ જાય છે.



અને એકાઉન્ટન્ટ સહિતની ડિગ્રી ધરાવતા ૩૦થી વધુ યુવક-યુવતીઓને રોજગારી પણ આપી રહ્યા છે. તેમના સ્ટાર્ટઅપને બિરદાવી એન્જિનિયર એસોસિએશન ઓફ વાપી દ્વારા તા. ૧૦ એપ્રિલ ૨૦૨૩ના રોજ સન્માન પણ કર્યુ હતું.

ઉદ્યોગ સાહસિક મનિષ પાટીલે જણાવ્યું કે, ભાવિ પેઢીને પ્રદૂષણ મુક્ત વાતાવરણ મળે અને વિદ્યાર્થીઓ, ગૃહિણીઓ તેમજ નોકરી – ધંધો કરતા લોકોના રોજ બરોજના જીવનમાં ઈ-વાહન ઉપયોગી થઈ શકે તે માટે કિફાયતી ભાવે લોકો ઈ- વાહન ખરીદી શકે તે દિશામાં પગલુ ભર્યુ હતું. જે માટે વિદેશોમાં જઈ ટ્રેનિંગ પણ લીધી હતી. આજે ભારતના વિવિધ રાજ્યોમાં ૨૦ થી પણ વધુ આઉટલેટમાં ઈલેક્ટ્રો ઈકો ઈ-બાઈક્સનું વેચાણ થઈ રહ્યું છે. ૫ હજારથી પણ વધુ સંતોષકારક ગ્રાહકોનો બહોળો વર્ગ ધરાવતા હોવાનો ગર્વ છે. શરૂઆતમાં બે મોડલના ઈ-વાહન લોન્ચ કર્યા હતા પરંતુ લોકોની માંગ વધતા ત્યારબાદ સ્કૂટર, બાઈક, કાર અને કોમર્શીયલ વ્હીકલ પીક અપની કેટેગરીમાં ૧૨ મોડલના ઈ-વાહનોની મંજૂરી મેળવી તબક્કાવાર લોન્ચ કર્યા છે. કેન્દ્ર સરકારે ૩૦ હજાર ઈ-વાહન ઉત્પાદન કરવાની પરવાનગી આપી છે. આ લક્ષ્યને વર્ષ ૨૦૨૪ સુધીમાં હાંસલ કરવા માટે ઉમરગામના પાલી કરમબેલીમાં ત્રણ થી પાંચ એકરની જમીન પર એક લાખ સ્કવેર ફૂટમાં પ્લાન્ટ નંખાશે, જ્યાં વર્ષે ૧૦ હજાર થી ૧૫ હજાર ઈ-વાહન મેન્યુફેક્ચર કરાશે. ૩૦૦ થી ૪૦૦ લોકોને રોજગારી મળશે અને વર્ષે રૂ. ૬૦૦ કરોડનું ટર્ન ઓવર થવાનો અંદાજ છે. જ્યાં બહારની વિદેશી કંપનીઓની ઈલેક્ટ્રીક કારની સરખામણીએ પાંચ સીટરની કાર પણ મેન્યુફેક્ચર કરાશે. જોકે હાલમાં ૩ સીટરની કાર લોન્ચ કરી દીધી છે. ‘‘લોકલ ફોર વોકલ’’ નહીં પરંતુ ‘‘લોકલ ફોર ગ્લોબલ’’નું સૂત્ર ચરિતાર્થ કરવા માટે વાપીમાં બનેલા ઈ વાહનો યુરોપિયન દેશોમાં પણ એક્સપોર્ટ થાય તે માટે એપ્રુવલ મળી ગયું છે. જેથી ‘‘મેક ઈન ઈન્ડિયા’’ની બ્રાન્ડ વિદેશોમાં પણ પહોંચશે. ઈ-વાહન ઓટોબાઈલ્સ ક્ષેત્રમાં ગુજરાત એક્સપોર્ટ હબ બનશે. ગુજરાત સરકાર દ્વારા તાજેતરમાં જ વાપી ખાતે યોજાયેલા વાઈબ્રન્ટ વલસાડ થકી પણ આ ઉદ્યોગને બળ મળ્યુ છે. જે બદલ હું ગુજરાતના મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલનો પણ આભાર માનુ છું.

### બાંગ્લાદેશ-શ્રીલંકા મેચની ચોંકાવનારી ઘટના

# શ્રીલંકાના બેટર એન્જેલોને ટાઈમ આઉટ જાહેર કરાયો

## ક્રિકેટના ૧૪૬ વર્ષના ઈતિહાસમાં ક્યારેય નથી બન્યું, આજ સુધી કોઈ બેટ્સમેનને આ રીતે આઉટ થઈને પેવેલિયન પરત જવું પડ્યું નથી

। નવી દિલ્હી, તા.૬ ।

આઈસીસી વનડે વર્લ્ડકપ ૨૦૨૩માં અત્યારે બાંગ્લાદેશ અને શ્રીલંકા વચ્ચે મેચ રમાઈ રહી છે, આ મેચમાં આજે એક ચોંકાવનારી ઘટના ઘટી છે. આ મેચ દરમિયાન એવું બન્યું જે ક્રિકેટના ૧૪૬ વર્ષના ઈતિહાસમાં ક્યારેય નથી બન્યુ. ખરેખરમાં, શ્રીલંકાના ખેલાડી એન્જેલો મેથ્યૂઝને ટાઈમ આઉટ જાહેર કરવામાં આવ્યો હતો. આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં આજ સુધી કોઈ બેટ્સમેનને આ રીતે આઉટ થઈને પેવેલિયન પરત જવું પડ્યું નથી. વનડે વર્લ્ડકપ ૨૦૨૩માં બાંગ્લાદેશ ક્રિકેટ ટીમ શ્રીલંકા ક્રિકેટ ટીમ સામે ક્રિકેટ મેચ રમી રહી છે, આ મેચમાં જોરદાર ઘટના ઘટી છે, જેને તમામ દિગ્ગજોને ચોંકાવી દીધા, શ્રીલંકાના મિડલ ઓર્ડર બેટ્સમેન એન્જેલો મેથ્યૂઝને ટાઈમ આઉટ આપવામાં આવ્યો હતો. તે વન-ડે ઈન્ટરનેશનલ ક્રિકેટમાં ટાઈમ આઉટથી આઉટ થનારો પ્રથમ ખેલાડી બની ગયો છે. એન્જેલો મેથ્યૂઝ એક પણ બૉલ રમ્યો ન હતો અને તેને પેવેલિયન પરત ફરવું પ ડ્યું હતું. મેચમાં શ્રીલંકન બેટ્સમેન સદિરા સમરવિક્રમાના આઉટ થયા બાદ મેથ્યૂઝ બેટિંગ કરવા આવ્યો હતો. તેનું હેલ્મેટ યોગ્ય ન હતું અને તેને પહેરવામાં મુશ્કેલી હતી. આ કારણે તેને પેવેલિયનમાંથી અન્ય હેમલેટ લાવવા કહ્યું, જે દરમિયાન બાંગ્લાદેશના કેપ્ટન શાકિબ અલ હસને મેથ્યૂસ સામે આઉટ કરવાની અપીલ કરી. એમ્પાયરે મેથ્યૂસ પાસે ગયા અને તેને પાછા જવા કહ્યું, મેથ્યૂસ થોડીવાર એમ્પાયર સાથે દલીલ કરતો રહ્યો અને પછી પેવેલિયન પરત ફર્યો હતો. નિયમ ૪૦.૧.૧ અનુસાર, વિકેટ પડી ગયા પછી અથવા બેટ્સમેનના રિટાયર્ડ થયા પછી બેટ્સમેન બૉલ રમવાની ૩ મિનિટની અંદર આગળનો બૉલ રમવા માટે તૈયાર હોવો જોઈએ. જો આમ ન થાય તો બૉલિંગ ટીમ અપીલ કરશે તો બેટ્સમેનને આઉટ જાહેર કરી શકાય છે. આમાં બૉલરને વિકેટનો શ્રેય મળતો નથી.




### શ્રીલંકાની સરકારે ક્રિકેટ બોર્ડને બરખાસ્ત કરી દીધું

ભારત સામે વન-ડે વર્લ્ડ કપ ૨૦૨૩માં ૩૦૨ રનના અંતરથી મળેલી કારમી હાર બાદ શ્રીલંકા ક્રિકેટ બોર્ડમાં હોબાળો મચી ગયો હતો. મળેલા અહેવાલો મુજબ વાત એટલા હદે વધી ગઈ હતી કે સરકારે આજે શ્રીલંકન ક્રિકેટ બોર્ડને બરખાસ્ત કરી દીધો છે. ભારત સામેની હાર બાદ રણસિંઘે શમ્મી સિલ્વાના નેતૃત્વવાળી એસએલસીમાંથી રાજીનામું આપ્યા બાદ આ કાર્યવાહી કરવામાં આવી હતી. ભારત સામે કારમી હાર બાદ સિલ્વા મેનેજમેન્ટના રાજીનામાની માંગ સાથે એસએલસીબિલ્ડીંગ સામે અનેક પ્રદર્શનો કરવામાં આવ્યા હતા. બિલ્ડીંગની સુરક્ષા માટે પોલીસ પણ તૈનાત કરવામાં આવી હતી. ખેલ મંત્રી રોશન રણસિંઘે શ્રીલંકા ક્રિકેટ ટીમના પૂર્વ કેપ્ટન અર્જુન રણતુંગાના નેતૃત્વમાં એક સાત સભ્યોની સમિતિની નિમણુક કરી હતી. ખેલ મંત્રાલયની એક નોટિફિકેશનમાં જણાવવામાં આવ્યું હતું કે આ સમિતિની નિમણુક રણસિંઘે દ્વારા ૧૯૭૩ના રમતના કાયદાઓની સંખ્યા ૨૫ની શક્તિઓ હેઠળ કરવામાં આવી છે. આ સમિતિમાં ત્રણ રીટાયર્ડ જજો પણ છે.

### દ.આફ્રિકાને હરાવી ભારતનો વર્લ્ડ કપમાં સતત આઠમો વિજય

# રોહિત શર્માએ ટીમ મેનેજમેન્ટ કોહલીને છેલ્લી સુધી ટકી રહેવા મેસેજ મોકલ્યો હતો

## વિરાટ અને શ્રેયસ બેટિંગ કરી રહ્યા હતા ત્યારે રોહિત શર્માએ ઇશાનને મેસેન્જર તરીકે મેદાન પર મોકલ્યો હતો




। કોલકાતા, તા.૬ ।

ભારત અને સાઉથ આફ્રિકા વચ્ચે ગઈકાલે કોલકાતાના ઈડન ગાર્ડનમાં વન-ડે વર્લ્ડ કપ૨૦૨૩ની ૩૭મી મેચ રમાઈ હતી. આ મેચમાં ભારતે સાઉથ આફ્રિકાને ૨૪૩ રનથી હરાવી વન-ડે વર્લ્ડ કપ૨૦૨૩માં તેની સતત ૮મી જીત નોંધાવી હતી. પરંતુ એક સમયે ભારતીય બેટ્સમેન મુશ્કેલીમાં દેખાઈ રહ્યા હતા. ભારતની બેટિંગ દરમિયાન ૧૧થી ૨૫ ઓવર સુધી ભારતીય બેટ્સમેનોએ માત્ર ૫૨ રન બનાવ્યા હતા. કોલકાતાની પિચ પર ટર્ન જોવા મળી રહ્યો હતો. આ ટર્નના કારણે વિરાટ કોહલી અને શ્રેયસ અય્યરને બેટિંગ કરવામાં મુશ્કેલી થઈ રહી હતી. જયારે વિરાટ અને શ્રેયસ બેટિંગ કરી રહ્યા હતા ત્યારે ભારતીય ટીમના કેપ્ટન રોહિત શર્માએ ઈશાન કિશનને મેસેન્જર તરીકે મેદાન પર મોકલ્યો હતો. કોચ રાહુલ દ્રવિડ અને રોહિત શર્માએ ઈશાનને કંઈક સમજાવ્યું અને ડ્રીંક્સ લઈને મેદાનમાં જવા કહ્યું હતું. તેના તરત પછી જ તેણે મેદાનમાં જઈને કોહલી અને અય્યરને કેપ્ટન અને કોચનો મેસેજ આપ્યો હતો. શ્રેયસ અય્યરે મેચ બાદ ખુલાસો કર્યો હતો કે ટીમ મેનેજમેન્ટ દ્વારા તેને શું સંદેશ મોકલવામાં આવ્યો હતો. અય્યરે કહ્યું, ' મેચ વચ્ચે મેસેજ મોકલવા માટે કેપ્ટન રોહિત શર્મા અને ટીમ મેનેજમેન્ટનો આભાર, કારણ કે તે સમયે હું થોડો ચિંતિત હતો પરંતુ તેઓએ અમને મેચમાં સમજદારીપૂર્વક બેટિંગ કરવા કહ્યું. આનાથી મને મેચ દરમિયાન ઘણી મદદ મળી. વિરાટ કોહલીએ પણ મેચ બાદ કહ્યું હતું કે ટીમ મેનેજમેન્ટે તેને અંત સુધી રહેવાનો મેસેજ આપ્યો હતો. વિરાટ કોહલી અને શ્રેયસ અય્યર વચ્ચે ૧૩૫ રનની ભાગીદારી થઈ હતી.

### આ એવી વિકેટ હતી જેના પર બેટિંગ કરવી મુશ્કેલ હતી

વિરાટ કોહલીએ કોલકાતાના ઈડન ગાર્ડન્સમાં ગઈકાલે દક્ષિણ આફ્રિકા સામે રમાયેલી મેચ દરમિયાન આખરે તે લાંબી રાહનો અંત લાવ્યો હતો જેની ચાહકો છેલ્લી કેટલીક મેચોથી જોવા માંગતા હતા. વિરાટ કોહલીએ વનડેમાં સચિન તેંડુલકરના ૪૯ સદીના રેકોર્ડની બરાબરી કરી લીધી છે. જોકે, સૌથી ઝડપી ૪૯ સદી પૂરી કરવાના મામલે વિરાટ સચિન કરતા ઘણો આગળ છે. વિરાટે આ રેકોર્ડ પોતાના જન્મદિવસ પર બનાવ્યો હતો. ઈનિંગ્સ પૂરી થયા બાદ તેણે આ સિદ્ધિ વિશે સત્તાવાર પ્રસારણકર્તા સ્ટાર સ્પોર્ટ્સ સાથે વાત કરી હતી. વિરાટ કોહલીએ સદી ફટકાર્યા બાદ કહ્યું હતું કે, 'આ એવી વિકેટ હતી જેના પર બેટિંગ કરવી મુશ્કેલ હતી. અમને રોહિત અને શુભમન તરફથી શાનદાર શરૂઆત મળી હતી. બેટિંગમાં આવીને મેં મારું કામ કરવાનું ચાલુ રાખવાનું હતું. ૧૦મી ઓવર પછી બોલ પકડવા અને સ્પિન થવા લાગ્યો હતો, પિચ ધીમી થવા લાગી હતી અને રન કરવા મુશ્કેલ બની રહ્યા હતા. ત્યાર પછી મારી ભૂમિકા મારી આસપાસ રમતા અન્ય લોકો સાથે છેલ્લે સુધી બેટિંગ કરવાની હતી. ટીમ મેનેજમેન્ટે જ મને આ વાત કહી હતી. પિચ ધીમી હતી, અમારી પાસે ગુણવત્તાયુક્ત બોલિંગ લાઈન-અપ પણ હતી, પરંતુ અમારે સખત મહેનત કરવી પડે એમ હતી. વિકેટો મહત્વની હશે.

### બાંગ્લાદેશ સામેની મેચ પહેલા પ્રિ મેચ પ્રેસકોન્ફરન્સ

# વિરાટ કોહલીને ૪૯મી વન-ડે સદી પર હું શા માટે અભનંદન આપું : મેન્ડિસ

। નવી દિલ્હી, તા.૬ ।



આઈસીસીવર્લ્ડ કપ ૨૦૨૩માં ભારતીય ક્રિકેટ ટીમ વિજય રથ પર સવાર છે. કોલકાતાના ઈડન ગાર્ડન્સ સ્ટેડિયમમાં રવિવારે રમાયેલી મેચમાં ટીમ ઈન્ડિયાએ આ વર્લ્ડ કપની સૌથી ધરખમ મનાતી અને પોઈન્ટ ટેબલ પર બીજુ સ્થાન ધરાવતી સાઉથ આફ્રિકાને ૨૪૩ રનથી પરાજય આપ્યો હતો. આ વર્લ્ડ કપમાં મોટો સ્કોર બનાવવામાં માહિર સાઉથ આફ્રિકાની ટીમ ભારતીય બોલરોની આક્રમક બોલિંગ સામે માત્ર ૮૩ રનમાં જ ખખડી ગઈ હતી. આ મેચમાં ટીમ ઈન્ડિયાના સ્ટાર બેટ્સમેન વિરાટ કોહલીએ પોતાની ૪૯મી વન-ડેઈન્ટરનેશનલ સદી ફટકારી હતી. વિરાટ કોહલી ૫મી નવેમ્બરે પોતાનો ૩૫મો જન્મદિવસ પણ ઉજવી રહ્યો હતો અને તેણે પોતાને જ ૪૯મી વન-ડેસદી ભેટ કરી હતી. આ રીતે વન-ડે ઈન્ટરનેશનલ ક્રિકેટમાં સૌથી વધુ સદી ફટકારવાના મામલે વિરાટ કોહલીએ માસ્ટર બ્લાસ્ટર સચિન તેંડુલકરની બરાબરી કરી લીધી છે. આઈસીસીવર્લ્ડ કપ ૨૦૨૩માં આજે શ્રીલંકા અને બાંગ્લાદેશ વચ્ચે મુકાબલો છે અને આ મેચ પહેલા કુસલ મેન્ડિસે શ્રીલંકા તરફથી પ્રિ મેચ પ્રેસ કોન્ફરન્સ અટેન્ડ કરી હતી. આ પ્રેસ કોન્ફરન્સમાં તેને વિરાટ વિશે એક સવાલ પૂછવામાં આવ્યો હતો જેનો તેણે એવો જવાબ આપ્યો કે ચાહકો ભડકી ગયા છે. રિપોર્ટરે કુસલ મેન્ડિસને પૂછ્યું કે, વિરાટે હાલમાં જ ૪૯મી વન ડે સદી ફટકારી છે.



દિલ્હીમાં ચહેરા પર માસ્ક પહેરેલો ટ્રાફિક પોલીસ ધુમ્મસ વચ્ચે વાહનોની ચાલકોને નિયમનું પાલન કરાવતા નજરે પડે છે.

# ક્લાઉડ સીડીંગ દ્વારા પ્રદૂષણ પર નિયંત્રણ માટે કરાશે પ્રયાસ

## ક્લાઉડ સીડીંગના પ્લાનને મૂકાયો જેમાં આઈઆઈટી કાનપુરે કૃત્રિમ વરસાદ કેવી રીતે કરી શકાય તે અંગે પ્રેઝન્ટેશન આપ્યું

। નવી દિલ્હી, તા.૬ ।

દેશમાં વાયુ પ્રદૂષણના કારણે લોકોની ચિંતા વધી છે. દિલ્હી-એનસીઆરમાં પ્રદૂષણ એટલું વધી ગયું છે કે લોકોને શ્વાસ લેવામાં પણ તકલીફ પડી રહી છે. આ શહેરનો એક્યુઆઈ ૫૦૦ પાર થઈ ગયો છે અત્યાર સુધી તેને રોકવા લેવામાં આવેલ તમામ પ્રયાસો સફળ થયા નથી.

હાલ જોરદાર પવન અથવા વરસાદની રાહ જોવાઈ રહી છે કે જેનાથી વાયુ પ્રદૂષણને અત્યારની સ્થિતિમાંથી સારી સ્થિતિમાં લાવી શકાય છે. તો એવામાં એક પ્રશ્ન ઉભો થઈ રહ્યો છે કે શું આને રોકવા માટે કોઈ પણ ઉપાય નથી. આ મામલે એક ઉકેલ છે જે લાંબા સમયથી વિચારવામાં છે પરંતુ તેના પર કોઈ અમલ કરાયો નથી.

આઈઆઈટીકાનપુરે દિલ્હી અને તેની આસપાસના વિસ્તારોમાં વાયુ પ્રદૂષણની સમસ્યાથી છુટકારો મેળવવા માટે ઉપાય વિચાર્યો છે. આઈઆઈટીએ ક્લાઉડ સીડીંગ દ્વારા કૃત્રિમ વરસાદની ટેકનોલોજી વિકસાવી છે. વરસાદની મદદથી હવામાં રહેલા પ્રદૂષકોને સાફ કરી શકાય છે. પ્લેન દ્વારા વાદળો પર એક ખાસ પ્રકારનું કેમિકલ છાંટવામાં આવે છે, ત્યારબાદ કૃત્રિમ વરસાદ કરવામાં આવે છે.

દિલ્હી પર્યાવરણ મંત્રી ગોપાલ રાય સમક્ષ ક્લાઉડ સીડીંગના પ્લાનને મૂકવામાં આવ્યો હતો. જેમાં આઈઆઈટીકાનપુરે કૃત્રિમ વરસાદ કેવી રીતે કરી શકાય તે અંગે પ્રેઝન્ટેશન આપ્યું હતું. ઉપરાંત રાય દ્વારા એવું પણ કહેવામાં આવ્યું કે, વિગતવાર પ્રેઝન્ટેશન સાથે નાણાકીય બોજ સહિત તમામ પાસાઓ સમજાવવા. મુખ્યમંત્રીને પ્રેઝન્ટેશન આપવામાં આવશે અને ત્યારબાદ તેના અમલીકરણ અંગે વિચારણા કરવામાં આવશે. એક અહેવાલ અનુસાર, આઈઆઈટીકાનપુરના પ્રોફેસરે મહિન્દ્રા અગ્રવાલ કે જેઓ આ પ્રોજેક્ટ-નું નેતૃત્વ કરી રહ્યા છે, તેમણે કહ્યું કે, એકવાર કૃત્રિમ વરસાદ કરવામાં આવશે તો એનસીઆરના આજુબાજુના વિસ્તારને લગભગ એક અઠવાડિયા સુધી રાહત મળી શકે છે. દિલ્હીમાં હવાની ગુણવત્તા સતત ચાર દિવસથી 'ગંભીર' શ્રેણીમાં છે. એક અહેવાલ પરથી એવું માનવામાં આવી રહ્યું છે કે, આઈઆઈટીપાંચ વર્ષથી કૃત્રિમ વરસાદ પર કામ રહી છે અને આ વર્ષે જુલાઈમાં તેનું સફળ પરીક્ષણ કરવામાં આવ્યું હતું. જો કે, કૃત્રિમ વરસાદ કરવા માટે, ખાસ હવામાન પરિસ્થિતિઓ જરૂરી છે. જેમ કે વાદળો પૂરતા પ્રમાણમાં ભેજ સાથે હાજર હોય છે અને યોગ્ય પવન પણ હોવો જરૂરી છે. શિયાળાની શરૂઆતમાં આ તકનીક કેમ અને કયા સ્તરે મદદ કરી શકે છે.

# વિન્ડીઝના ઓલરાઉન્ડર સુનિલ નારાયણે ક્રિકેટમાંથી નિવૃત્ત થવાનો નિર્ણય કર્યો




। બાર્બાડોસ, તા.૬ ।

વેસ્ટ ઈન્ડિઝના ઓલરાઉન્ડર સુનીલ નારાયણે ઈન્ટરનેશનલ ક્રિકેટથી નિવૃત્તિની જાહેરાત કરી છે. તે ઘણાં વર્ષોથી ઈન્ટરનેશનલ ક્રિકેટથી દૂર છે. તેને વેસ્ટ ઈન્ડિઝ માટે રમવાનો મોકો વર્ષ ૨૦૧૯માં મળ્યો હતો. ત્યારબાદ સુનીલ નારાયણને વેસ્ટ ઈન્ડિઝ માટે ઈન્ટરનેશનલ ક્રિકેટના કોઈપણ ફોર્મેટમાં રમવાની તક મળી નહીં. જેના કારણે સુનીલ નારાયણે ઈન્ટરનેશનલ ક્રિકેટથી નિવૃત્ત થવાનો નિર્ણય કર્યો છે. લીગ ક્રિકેટમાં સક્રિય સુનીલ નારાયણે તેના ૮ વર્ષના ઈન્ટરનેશનલ ક્રિકેટિંગ કરિયરને અલવિદા કહી દીધું છે. તેણે વેસ્ટ ઈન્ડિઝ માટે છેલ્લે ઓગસ્ટ ૨૦૧૯માં ટી૨૦ મેચ રમી હતી. નારાયણે તેના નિવૃત્તિની જાહેરાત સોશ્યલ મીડિયા પર એક પોસ્ટ દ્વારા કરી હતી. તેણે લખ્યું હતું કે, 'મારા તમામ ચાહકો, સાથીઓ અને પ્રિયજનો માટે ઈન્ટરનેશનલ ક્રિકેટથી મારી નિવૃત્તિના સંબંધમાં પત્ર. હું હંમેશા તમારો આભારી રહીશ.' સુનિલે પોતાના પત્રમાં લખ્યું છે કે, ''હું પ્રશંસા કરું છું કે મને વેસ્ટ ઈન્ડિઝ માટે છેલ્લી વખત રમ્યાને ૪ વર્ષથી વધુ સમય થઈ ગયો છે, પરંતુ આજે હું ઈન્ટરનેશનલ ક્રિકેટમાંથી નિવૃત્તિની જાહેરાત કરી રહ્યો છું. હું જાહેરમાં ઓછું બોલનાર વ્યક્તિ છું. પરંતુ વ્યક્તિગત રીતે એવા કેટલાક લોકો છે જેમણે મારા સમગ્ર કરિયર દરમિયાન મને ખુબ સમર્થન આપ્યો છે અને વેસ્ટ ઈન્ડિઝનું પ્રતિનિધિત્વ કરવાનું મારું સપનું સાકાર કરવામાં મદદ કરી છે અને હું તેમનો ખૂબ ખૂબ આભાર વ્યક્ત કરું છું. સુનીલ નારાયણે વેસ્ટ ઈન્ડિઝ માટે વર્ષ ૨૦૧૧માં ઈન્ટરનેશનલ ક્રિકેટમાં ડેબ્યૂ કર્યો હતો. તેણે ૧૨૨ ઈન્ટરનેશનલ મેચ રમી છે જેમાં ૬ ટેસ્ટ, ૬૫ વનડે અને ૫૧ ટી૨૦આઈમેચ સામેલ છે. તેણે વર્ષ ૨૦૧૨માં વેસ્ટ ઈન્ડિઝને તેનું પ્રથમ ટી૨૦ વર્લ્ડ કપટાઈટલ જીતવામાં મદદ કરી હતી. તે વર્ષ ૨૦૧૨થી આઈપીએલમાં રમી રહ્યો છે અને ત્યારથી તે કોલકાતા નાઈટ રાઈડર્સ ટીમનો ભાગ રહ્યો છે.

### ભારતે બીજી વખત ખિતાબ જીત્યો

# ભારતે એશિયન ચેમ્પિયન ટ્રોફી મહિલા હોકીનો ખિતાબ જીત્યો

। રાંચી, તા.૬ ।



ભારતીય મહિલા હોકી ટીમે ગઈકાલે એશિયન ચેમ્પિયન્સ ટ્રોફીહોકીનો ખિતાબ પોતાના નામે કર્યો હતો. ભારતીય મહિલા ટીમે ફાઈનલ મેચમાં જાપાનને ૪-૦થી હરાવીને ગોલ્ડ મેડલ જીત્યો હતો. ભારતે બીજી વખત આ ખિતાબ જીત્યો છે. આ પહેલા શનિવારે ભારતીય ટીમે એશિયન ગેમ્સની સિલ્વર મેડલ વિજેતા દક્ષિણ કોરિયાને ૨-૦થી હરાવીને વુમન્સ એશિયન ચેમ્પિયનશિપ ટ્રોફીહોકી ટુર્નામેન્ટની ફાઈનલમાં પ્રવેશ કર્યો હતો. રાંચીના મારંગ ગોમકે જયપાલ સિંહ એસ્ટ્રોટર્ફ હોકી સ્ટેડિયમમાં ગઈકાલે એશિયન ચેમ્પિયન્સ ટ્રોફી હોકી ૨૦૨૩ની ફાઈનલ મેચ રમાઈ હતી. ભારત માટે સંગીતા કુમારી, નેહા, લાલરેમસિઆમી અને વંદના કટારીયાએ ગોલ કર્યા હતા. ભારતીય મહિલા હોકી ટીમની જીત બાદ હોકી ઈન્ડિયાએ ટ્વિટ કરીને જાહેરાત કરી હતી કે દરેક ખેલાડીને ઈનામ તરીકે ૩ લાખ રૂપિયા આપવામાં આવશે. આ સાથે સપોર્ટ સ્ટાફના દરેક સભ્યને ૧.૫ લાખ રૂપિયા આપવામાં આવશે. ભારતે આ પહેલા વર્ષ ૨૦૧૬માં સિંગાપોરમાં પ્રથમ એશિયન ચેમ્પિયન્સ ટ્રોફીનો ખિતાબ જીત્યો હતો.

### ભારત તેમજ પાકિસ્તાન વચ્ચે સેમિફાઇનલ નક્કી?

। નવી દિલ્હી, તા.૬ ।

આઈસીસી વનડે વર્લ્ડકપ ૨૦૨૩ ભારતમાં રમાઈ રહ્યો છે, અને અત્યારે રોહિત શર્માની આગેવાની વાળી ટીમ ઈન્ડિયા આ ટૂર્નામેન્ટમાં શાનદાર પ્રદર્શન કરી રહી છે, અને ટીમ ઈન્ડિયા સેમિફાઈનલમાં પણ પહોંચી ચૂકી છે. પરંતુ આ બધાની વચ્ચે હવે સેમિફાઈનલમાં ભારત અને પાકિસ્તાન વચ્ચે મેચ રમાય તેવા સંકેતો મળી રહ્યાં છે. આ વર્લ્ડકપમાં ભારત અને પાકિસ્તાન ફરી એકવાર ટકરાશે. આ પહેલા જ્યારે ટીમ ઈન્ડિયા ODI વર્લ્ડકપ ૨૦૧૧ની ફાઈનલમાં પહોંચી હતી ત્યારે સેમિફાઈનલમાં ભારતે પાકિસ્તાનને હરાવ્યું હતું. જાણો અહીં ભારત અને પાકિસ્તાન વચ્ચે વર્લ્ડકપની સેમિફાઈનલ મેચ કેવી રીતે રમાઈ શકે છે. ભારતીય ટીમે હાલમાં ૮ માંથી તમામ ૮ મેચ જીતી છે. અને ૧૬ પૉઈન્ટ સાથે પૉઈન્ટ ટેબલમાં ટોચ પર બેઠી છે, જ્યાંથી હવે કોઈ અન્ય ટીમ તેને હટાવી શકશે નહીં, કારણ કે કોઈપણ ટીમ ૧૬ પૉઈન્ટ મેળવી શકશે નહીં. આવામાં ટીમ ઈન્ડિયા પૉઈન્ટ ટેબલમાં ટોપ પર એટલે કે નંબર-૧ પર રહેશે તે નક્કી છે.

### ગાઝાપટ્ટીને બે ભાગમાં વહેંચી દીધાનો ઈઝરાયેલનો દાવો

। જેરૂસલેમ, તા.૬ ।

ઈઝરાયલ અને હમાસ વચ્ચે છેલ્લાં ૩૦ દિવસથી ઘમસાણ યુદ્ધની સ્થિતિ જોવા મળી રહી છે. આ દરમિયાન બંને તરફથી અત્યાર સુધીમાં કુલ ૧૨૦૦૦ જેટલાં લોકો જીવ ગુમાવી ચૂક્યા છે. આ સૌની વચ્ચે ઈઝરાયલી સૈન્યએ ગાઝા પટ્ટીને લઈને એક મોટો દાવો કર્યો છે. જોકે આ યુદ્ધમાં પેલેસ્ટાઈન અને ગાઝાને મોટું નુકસાન વેઠવું પડ્યું છે. દરમિયાન ઈઝરાયલના સૈન્યએ (આઈડીએફ) દાવો કર્યો છે કે તેણે ગાઝા શહેરની સંપૂર્ણપણે ઘેરાબંધી કરી લીધી છે. તેના પછી તેમણે ગાઝા પટ્ટીને બે ભાગમાં વહેંચી દીધાનો પણ મોટો દાવો કરી દીધો છે.

## તંત્રી લેખ...

# બેદરકારીનું પરિણામ અકસ્માત તરફ દોરી જાય

ટ્રેનની વ્હીસલ હવે પોતાની યાત્રાના જોખમો તરફ ધ્યાન દોરવા માટે જ વાગતી હોય એવું લાગે છે. આંધ્રપ્રદેશના વિજિયાનગરમ જિલ્લામાં બે ટ્રેનો વચ્ચેની ટક્કરે ફરી એકવાર રેલવે સુરક્ષા સાથે જોડાયેલા પ્રશ્નો તરફ દેશનું અને પ્રવાસીઓનું ધ્યાન દોર્યુ છે. વિશાખાપટ્ટનમથી પલાસા જતી એક પેસેન્જર ટ્રેન સિગ્નલના અભાવે ધીમી ગતિએ જઈ રહી હતી, જે તે જ લાઈન પર વધુ ઝડપે પાછળ આવી રહેલી બીજી ટ્રેન સાથે પાછળથી અથડાઈ હતી. રેલવે અધિકારીઓનું માનવું છે કે આ દુર્ઘટના અન્ય ટ્રેનના એન્જિન-પાયલોટની ભૂલનું પરિણામ હોય તેવું લાગે છે, જે પોતે આ અકસ્માતનો શિકાર બન્યો હતો. આ દુર્ઘટનાએ લગભગ પાંચેક મહિના પહેલા ઓરિસ્સામાં થયેલા ભયાનક ટ્રેન અકસ્માતની યાદ અપાવી છે, જેમાં ૨૮૦થી વધુ મુસાફરોના મોત થયા હતા. આ મહિનાની ૧૨ તારીખે બિહારના બક્સરમાં નોર્થ-ઈસ્ટ એક્સપ્રેસના ૨૩ ડબ્બા પણ પાટા પરથી ઉતરી ગયા હતા. એ ન ભૂલવું જોઈએ કે ભારતીય રેલવે દરરોજ કરોડો લોકોને તેમના ગંતવ્ય સ્થાને પહોંચાડે છે. આવી સ્થિતિમાં આ નાના-મોટા અકસ્માતો ઘણા લોકોના મનમાં ચિંતા પેદા કરે છે. જેઓ નિર્ભયપણે ક્યાંક જવા માટે રેલવેનો સહારો લે છે, તેઓનો જીવ હવે અદ્ધર થવા લાગ્યો છે. એમાંય મહાનગરોનો બુદ્ધિજીવી વર્ગ હવે ટ્રેનમાં રાતની મુસાફરી કરવાનું પસંદ કરતો નથી. અનિવાર્ય હોય તો જ તેઓ તેમ કરે છે કારણ કે ટ્રેનમાં રાત્રિ પ્રવાસ હવે એક દુઃસાહસ કહેવાશે. જ્યાં સુધી રેલવેની સુરક્ષા વ્યવસ્થાનો સવાલ છે તો એ અંગેની સંસદીય સમિતિ અને કેગ બંનેના અહેવાલો આ બાબતોની ગંભીરતા તરફ ધ્યાન દોરે છે. બન્ને અહેવાલો રેલવેની ઘોર ટીકા કરનારા છે. ડિસેમ્બર ૨૦૧૬ અને માર્ચ ૨૦૨૩ વચ્ચેના આવા ઓછામાં ઓછા ત્રણ પ્રગટ અહેવાલો છે, જે દર્શાવે છે કે રેલવે તેના સલામતી ધોરણોને પૂર્ણ કરવામાં હવે સક્ષમ નથી. જ્યાં સુધી સુરક્ષા પરના ખર્ચની વાત છે, નેશનલ રેલવે સેફ્ટી ફંડ ૨૦૧૭-૧૮માં બનાવવામાં આવ્યું હતું. આ ભંડોળમાં નાણાંની કોઈ અછત નહોતી, પરંતુ માર્ચ ૨૦૨૩માં, સંસદીય સમિતિએ અહેવાલ આપ્યો કે એક વર્ષ પણ એવું પસાર થયું નથી જેમાં આ વાર્ષિક રકમનો સંપૂર્ણ ઉપયોગ કરવામાં આવ્યો હોય. ધ્યાનમાં રાખો, જૂનમાં ઓડિશામાં થયેલા અકસ્માત પાછળ સિગ્નલિંગ સિસ્ટમમાં સમસ્યા હોવાનું પણ કહેવાય છે. જોકે, તે કેસમાં સીબીઆઈએ ત્રણ રેલવે કર્મચારીઓ સામે ચાર્જશીટ દાખલ કરી છે. હવે આંધ્રપ્રદેશમાં થયેલા અકસ્માતની જવાબદારી એન્જિન પાયલોટના માથે નાખવામાં આવી રહી છે, જે હવે પોતાનો કેસ રજૂ કરવા માટે જીવિત નથી. આ માનવીય ભૂલ હોઈ શકે છે, પરંતુ જવાબદારી રેલવે તંત્રની છે. લોકોમોટિવ પાયલોટ્સ જે પડકારો અને પરિસ્થિતિઓ હેઠળ કામ કરે છે તે ભૂલી શકાય નહીં. આ સંદર્ભમાં, સંસદીય સમિતિએ ડિસેમ્બર ૨૦૧૬માં ધ્યાન દોર્યું હતું કે લોકોમોટિવ પાયલોટ્સ લગભગ દરેક કિલોમીટરે સિગ્નલ પસાર કરે છે અને તેમની પાસે પર્યાપ્ત ટેકનિકલ બેકઅપ હોતું નથી. ઘણીવાર તેમને તેમની શિફ્ટ ૧૦ કલાક સુધી લંબાવવી પડે છે. આવી સ્થિતિમાં, સલામતી સંબંધિત આ પાસાઓને અવગણીને ટ્રેનોની સ્પીડ વધારવા પર ભાર મૂકવામાં આવે તો ભવિષ્યમાં વધુ ગંભીર સ્થિતિ સર્જાઈ શકે છે. આંધ્રપ્રદેશમાં તાજેતરના અકસ્માતમાં પાછળથી આવી રહેલા એક વાહને પોતાની આગળ જતા અન્ય વાહનને ટક્કર મારી હતી. થોડા સમય પહેલા ઓડિશાના બાલાસોરમાં ત્રણ ટ્રેનો વચ્ચેની ભયાનક અથડામણમાં ત્રણસોથી વધુ લોકોના મોત થયા હતા અને લગભગ એક હજાર લોકો ઘાયલ થયા હતા.

# ટ્રેનમાં શું-શું ન લઈ જઈ શકે મુસાફર?

જો તમે સામાન્ય રીતે ભારતીય રેલ્વેની સેવાઓનો લાભ લો છો, તો આ સમાચાર તમારા માટે ખૂબ જ ઉપયોગી છે. લાંબા અંતરની મુસાફરી માટે રેલ હંમેશા લોકોનું પસંદગીનું માધ્યમ રહ્યું છે. તે સલામત હોવાની સાથે આરામદાયક પણ છે. ઘણા લોકો માટે ટ્રેનની મુસાફરી પણ ખૂબ આનંદદાયક હોય છે. પરંતુ ટ્રેનમાં મુસાફરી કરતા પહેલા તેનાથી સંબંધિત કેટલાક મહત્વપૂર્ણ નિયમો વિશે જાણવું ખૂબ જ જરૂરી છે. અમે તમને રેલવેમાં મુસાફરી કરવાના કેટલાક નિયમો વિશે માહિતી આપી રહ્યા છીએ. જેથી પ્રવાસમાં તમને કોઈ સમસ્યાનો સામનો ન કરવો પડે. રેલ યાત્રા દરમ્યાન સ્ટવ્સ, ગેસ સિલિન્ડરો, કોઈપણ પ્રકારના જ્વલનશીલ કેમિકલ્સ, ફટાકડા, એસિડ, દુર્ગંધવાળી વસ્તુઓ, ચામડુ અથવા ભીના ચામડાની ખાલ, પેકેટ્સમાં રાખેલા તેલ, ગ્રીસ, તેમજ અન્ય પેકેટોમાં લઈ જવામાં આવતી ચીજવસ્તુઓ લઈ જવાની મનાઈ છે. એટલે કે રેલવેમાં મુસાફરી કરતા યાત્રાળુઓને કે તેમના માલસામાનને નુકસાન પહોંચાડે તેવી ચીજવસ્તુઓ લઈ જવાની મનાઈ છે. રેલવેના નિયમો પ્રમાણે ૨૦ કિલોગ્રામ ઘી મુસાફરો તેમની યાત્રા દરમ્યાન લઈ જઈ શકે છે, પરંતુ ઘી ટીનના ડબ્બામાં બરોબર પેક કરેલ હોવુ જરુરી છે. રેલ યાત્રા દરમ્યાન પ્રતિબંધિત વસ્તુઓ સાથે લઈ જવાની મનાઈ છે. તેમ છતા જો કોઈ યાત્રાળુ ઉપરોક્ત પ્રતિબંધિત વસ્તુઓ સાથે યાત્રા કરતો માલુમ પડે તો રેલવે એક્ટ મુજબ કલમ નંબર ૧૬૪ પ્રમાણે કાર્યવાહી કરવામાં આવી શકે છે. આ કલમ મુજબ મુસાફરને ૧૦૦૦ રુપિયાનો દંડ અને ત્રણ વર્ષની જેલની સજા કરવામાં આવે છે. ભારતમાં મુસાફરી માટે બેસ્ટ અને દરેક લોકોની પહેલી પસંદગી ભારતીય રેલવે છે. જેમાં ૧૩૦૦૦ ટ્રેનોનું સંચાલન કરે છે. આજે જાણતા અજાણતા મુસાફરો દરેક વસ્તુઓ ટ્રેનમાં લઈ જતા હોય છે. પરંતુ શુ તમને ખબર છે કે ભારતીય રેલવેમાં કેટલીક વસ્તુઓ લઈ જવાની મનાઈ છે. કારણ કે તેના કારણે મુસાફરોની સુરક્ષામાં ખતરો આવી શકે છે. અને જો કોઈ મુસાફર પ્રતિબંધિત વસ્તુઓ સાથે યાત્રા કરે તો તેને દંડ અને જેલ પણ થઈ શકે છે. ટ્રેનમાં મુસાફરી દરમિયાન તમે સ્ટોપ, ગેસ સિલિન્ડર, કેમિકલ, ફટાકડા, એસિડ જેવી કોઈપણ પ્રકારની જ્વલનશીલ વસ્તુ સાથે લઈ જઈ શકતા નથી. આ સિવાય આવી વસ્તુઓ જેના તૂટવા કે લીક થવાથી સામાન કે મુસાફરોને નુકસાન થઈ શકે છે. તે વસ્તુઓ પણ લઈ શકતા નથી. ટ્રેનમાં મુસાફરી કરતી વખતે સામાન લઈ જવા માટે નિયમો બનાવવામાં આવ્યા છે. આ મુજબ, મુસાફરો ટ્રેનમાં મુસાફરી કરતી વખતે ફક્ત ૪૦ થી ૭૦ કિલો સામાન જ લઈ જઈ શકે છે. જો કોઈ વ્યક્તિ આનાથી વધુ સામાન સાથે મુસાફરી કરે છે, તો તેણે અલગ ભાડું ચૂકવવું પડશે. રેલવેના કોચ પ્રમાણે સામાનનું વજન અલગ-અલગ હોય છે. ટ્રેન દ્વારા માલ મોકલવા માટે, તમે સ્ટેશન પર સવારે ૯ થી સાંજના ૫ વાગ્યા સુધી પાર્સલ કરી શકો છો.

# છેલ્લા એક દાયકામાં જનરેશન ગેપ એટલો વધી ગયો છે, કે પહેલી પેઢીને ત્રીજી પેઢીનુ એકસાથે ચાલવું ઘણીવાર શક્ય નથી



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

હે ઈશ્વર.

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. હું એક શુદ્ધ અને પવિત્ર આત્મા છું, જેને સમય સંજોગ ના દુઃખ કે સુખ સ્પર્શી શકે નહીં, તેમજ સબંધોની માયાજાળ ઉલજાવી શકે નહીં, અને આજ નિતાંત સત્ય છે, એ જાણવા છતાં કાયમ યાદ રહેતું નથી, એ પણ એક વાસ્તવિકતા છે, અને તેથી જ ચૈતન્યના આ શુદ્ધ પ્રવાહમાં હું મારા અસ્તિત્વનો પ્રભાવ વધારવા અકારણ મથી રહી છું, અને સત્યના પ્રકાશથી દૂર જઈ રહી છું. કારણ કે વળી પાછું મા થી એક બાળ વિખૂટું પડ્યું! ભલે એ આજે નહીં તો કાલે થવાનું જ હતું, અને એ પણ એની ગૃહસ્થી ની સુકાન સંભાળશે એનાથી રાજીપો પણ એટલો જ છે! પણ છતાં મા ની મમતા ને કોણ સમજાવે! કદાચ આવા કડવા ઘૂંટડા પી પી ને જ મા મીઠી મધ જેવી થઈ જાય છે. આવા પરંતુ સમયે સદગુરુ બોધ હર હંમેશ અસત્ય તરફ જતા રોકે છે, અને જાત અને જીવન બંને બચી જાય છે, કેટલું સચોટ જ્ઞાન છતાં આપણે એનાથી વિમુખ કેવી અસમંજસતા છે કે જાણવા છતાં અજાણ્યું કરી જીવવું!! બસ આવી જ પરિસ્થિતિ માંથી આજે સમાજ પસાર થઈ રહ્યો છે, અને કોઈ સમયે જાગી જાય છે, તો કોઈ આત્મા વાણી સાંભળવા છતાં એ તરફ દુર્લક્ષ સેવી પતનને માર્ગે જાય છે. સુખ-દુઃખ કોના જીવનમાં આવતા નથી? હર કોઈના જીવન સાથે નાના મોટા સુખ દુખ વણાયેલા જ હોય છે, પરંતુ એ કઈ કાયમી હોતા નથી, એ યાદ રાખીને સૌએ જીવવું પડે! સમય ના બદલાવ પણ આ રીતે જ આવતા હોય છે! જો તમે એની સાથે ન ચાલી શકો તો એ તમારી માટે મુશ્કેલીનું સર્જન કરે અથવા મુશ્કેલી વધારે! આજે તો વિશ્વ આખું આવાં સળગતા કેટલાય સવાલોથી ભરેલું છે અને એનાં જવાબ કોઈ પાસે નથી! પણ મુશ્કેલી વૈશ્વિક હોય, સામાજિક હોય, પારિવારિક હોય, કે પછી વ્યક્તિગત હોય, પરંતુ માનવી એ હવે તેની સાથે ચાલતા શીખવું પડશે, અથવા વિકલ્પ શોધી લેવો પડશે. અમદાવાદ જેવા મહાનગરમાં



ગઈ હોવાથી ત્યાંની બજાર, ત્યાંના કલ્ચર, અને ત્યાં વસતા લોકોની રહેન સહેન ની સરખામણી સ્વાભાવિક થઈ જાય અને આપણને લાગે કે, છેલ્લા એક દાયકામાં જનરેશન ગેપ એટલો વધી ગયો છે કે, પહેલી પેઢી અને ત્રીજી પેઢીનુ એકસાથે ચાલવું ઘણીવાર શક્ય નથી. તો આજે આપણે વિકાસ અને જનરેશન ગેપના તાલમેલ વિશે વાત કરીશું

દેખીતી રીતે આપણે એકવીસમી સદીમાં પ્રવેશ કરી ચૂક્યા છીએ, અને એ રીતે જોઈએ તો પહેલા કરતા ઘણો સારો સમય આવી ગયો છે. એટલે કે સમયનું ચક્ર ઘણું આગળ નીકળી ગયું છે, આજે શહેરો મોટા મોટા થતાં જાય છે, ગામડાનું પણ આધુનિકરણ થઈ ગયું છે. દરેક વર્ણ અને વર્ગ શિક્ષણના મહત્વને અપનાવ્યું છે. સ્ત્રીને પણ ઘણી સફળતા મળી છે,અને સ્વતંત્રતા પણ મળી છે. સમાજ બૌદ્ધિક રીતે ઘણો આગળ વધી ગયો છે. ક્યાંક ક્યાંક લોકો સમાજ પ્રત્યેની જવાબદારી સ્વીકારતા થયા છે, તો ક્યાંક ક્યાંક આપણા મૂળ સંસ્કાર એટલે કે યોગ આર્યુવેદ વગેરે જાગૃત થાય એ માટે પણ કામ કરે છે, લોકોની ભાષા પહેરવેશ ખાણીપીણી બધું જ આધુનિકતાને નામે બદલાઈ ગયું છે. પરંતુ શું આને વિકાસ કે યુગ પરિવર્તન કહી શકાય ખરો?? કારણ કે અમુક માનસિકતામાં હજી આપણે હતા ત્યાં જ છીએ, ક્યાંક યુગ પરિવર્તન પરાકાષ્ઠા એ થાય છે, તો ક્યાંક હજી ૧૮મી સદી જેવી જ માનસિકતા દેખાય છે, અને એમાં પણ ખાસ કરીને સ્ત્રીઓની બાબતમાં ભારતીય સમાજ અમુક વાસ્તવિકતા સ્વીકારી શક્યો નથી. ક્યારેક અહમને નામે, ક્યારેક આગ્રહના નામે, તો ક્યારેક ક્યારેક પરંપરાને નામે સ્ત્રીનું શોષણ થતું આવ્યું છે. કોઈ ઘરમાં વડીલ જનરેશન ગેપની સાથે ચાલી ન શકે તો ત્યાં તેનું શારીરિક અથવા માનસિક શોષણ થાય, તો ક્યાંક વચલી પેઢીનો મરો થાય,અને ક્યાંક યુવા પેઢીનો, આવું બધું ચાલ્યા કરે છે.

તો આપણને એમ થાય કે પુરુષ અને સ્ત્રી એ સમાજના બંને સશક્ત અંગો છે,એ બે માંથી એક અંગની જોઈએ તે પ્રમાણમાં પુષ્ટિ ન થાય તો સમાજ સ્વસ્થ બની શકે નહીં, અને આવું કયા કારણ થી થાય છે અથવા તો આ ભેદ કે આ શોષણ અટકે એ માટે શું કરવું જોઈએ. ભારતીય સંસ્કૃતિ એ વિકાસને નામે કે આધુનિકતાને નામે ઘણું બધું અપનાવ્યું છે. પરંતુ આપણી જે મૂળ સંસ્કૃતિ હતી, એને ભૂલ્યા વગર જો નવું અપનાવ્યું હોત અથવા તો નવાનો પણ સ્વીકાર કર્યો હોત, તો સામાજિક રીતે પણ વિજ્ઞાનની જેટલી જ તરક્કી દેખાત, પણ અમુક મૂલ્યો ચૂકી જવાથી સામાજિક સ્તરે એટલો વિકાસ દેખાતો નથી, અને જેટલું થવું જોઈએ એટલું યુગ પરિવર્તન થતું નથી, આ તેનું મુખ્ય કારણ છે. ભારતીય સંસ્કૃતિના મૂળ ચાર આધાર સ્તંભ છે એ આપણે સૌ કોઈ જાણીએ છીએ એટલે કે માતૃદેવો ભવઃ, પિતૃદેવો ભવઃ, આચાર્ય દેવો ભવઃ, અને અતિથિ દેવો ભવઃ, આ ચારેચાર સંબંધને આપણે તેના મૂલ્ય સ્તર કરતાં ક્યાંક કિંમત ઓછી આંકતા થઈ ગયા છીએ. એટલે કે વ્યક્તિગત રીતે તો કદાચ હજી થતું હોય, એટલે કે પોતાની માતાને માન અપાતું હોય, પોતાના પિતાને અપાતું હોય, આચાર્યને પણ અપાતું હોય, અને ઘરમાં અતિથિ સત્કાર પણ થતો હોય, પરંતુ આપણી માતા જેટલું જ માન આપણે અન્યની માતાને આપી શકતા નથી. ક્યારેક એવું બને કે, આપણી આસપાસ કે સોસાયટી એટલે સમાજમાં સરેઆમ તેની ઈજ્જત ઉછળતી હોય, અથવા તો તેને કોઈ સમસ્યા હોય તો, એમાં આપણું રુંવાડુ પણ ફરકતું ન હોય. તો ક્યારેક દંભને ખાતર સમાજની આવી ઘટનામાં આગેવાની લઈ અને તેને ન્યાય અપાવવા નીકળતા માણસો પોતાની ઘરની મા બહેન કે પત્નીને એટલું માન આપતા ન પણ હોય, તો ક્યારેક એવું બને કે પત્નીને માન આપવામાં ઘરની માતાને માન અપાતું ન હોય, અથવા તો ક્યારેક માતાને માન આપવાના વલણમાં પત્નીનો માન ચૂકાય જાય, એટલે આ બધી પરિસ્થિતિ સામાજિક વિકાસ થવા દેતી નથી. એવી જ રીતે પિતૃદેવો ભવ, આચાર્ય દેવો ભવ, કે અતિથિ દેવો ભવ માં, પણ થાય છે. એટલે કે સંબંધની મજબૂતી ક્યાંક નબળી થઈ ગઈ હોય એવું લાગે છે, અને એને કારણે સમાજ જોઈએ તેટલો વિકાસ કરી શકતો નથી. તો ક્યાંક એવું બને કે માતા તો મોર્ડન બની છે, અને વહુને અપનાવતી થઈ છે. એટલે એને પહેરવેશની દ્રષ્ટિએ, કે સ્વતંત્રતાની દ્રષ્ટિએ તે ઉદાર મને અપનાવે છે. તો ત્યાં આગળ આધુનિક સ્ત્રી આધુનિકતામાં, તેનું અપમાન કરતી હોય એવું પણ બને. એટલે સંબંધોના અંદરો અંદરના વ્યવહાર આવી નાની-મોટી વાતોને કારણે જટિલ બન્યાં છે, ક્યાંક વ્યવહારને નામે ન કરવાનું પણ કર્યું, અને ક્યાંક વ્યવહાર શૂન્ય પણ થયાં, અને એને કારણે દેખાડાનો એક વ્યવહાર સમાજમાં આજે પરંપરાના નામે પોષાતો થયો. વાત વિકાસની હોય કે જનરેશન ગેપની પણ જ્યાં સુધી બંને માં તાલમેલ સાધીને જીવવામાં આવશે નહીં ત્યાં સુધી એ વિકાસને સર્વાંગી બનાવશે. આપણે આ વાત ને ધ્યાનમાં રાખીને સમયની સાથે ડગલાં ભરીને ચાલી શકાય, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

# ઉતાવળે કરેલા ભોજનથી ભલે સ્વાદનો અનુભવ ન થાય, પણ ભૂખ તો ભાંગે છે, એમ અજાણ પણે પ્રભુનું નામ પણ પાપનો નાશ કરે છે



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા

અયોધ્યામાં રામ મંદિર નિર્માણનું કાર્ય ઝડપભેર ચાલી રહ્યું છે. આગામી જાન્યુઆરી મહિનામાં ખુલ્લું મુકાશે જે ઘડીનો ઈન્તજાર સૌ કોઈને છે.. વિધાનસભા લોકસભાની ચૂંટણીમાં આ મુદ્દો મહત્વનો બની જાય તો નવાઈ નહીં. રામ.. રામ કરો... ભગવદ્ જ્ઞાન કંઈક આવું જ કહે છે. રામનામમાં જે શક્તિ છે તે ખુદ રામમાં નથી. રામજીએ પોતાના જીવન દરમિયાન કેટલાકનો ઉદ્ધાર કર્યો. ત્યારપછી રામનામે કંઈક અનેકોને તાર્યા છે. નામ અને જપનો મહિમા અનેરો છે. તુલસીદાસજી કહે છે કે, વિષયરૂપી નાગને વશ કરનારો મણિ છે. નામથી તો વિધાતાએ લલાટે લખેલો લેખ પણ ફરી જાય છે. નામ જપથી દશે દિશાઓ મંગલમય બની જાય છે. જપ તો જનાબાઈએ કર્યો. જનાબાઈ છાણાં થાપે. કોઈ ચોરી કરી જાય. જનાબાઈએ નામદેવને આ બાબતની ફરિયાદ કરી. નામદેવે કહ્યું, છાણાં બધાં સરખાં. તારાં છાણાં ઓળખાય કેમ? ચોર પકડાય કેમ? જનાબાઈએ કહ્યું કે, ન કેમ ઓળખાય? મારાં છાણાં ઓળખી શકાશે. મારું છાણું કાન પાસે ધરશો તો તેમાંથી વિઠ્ઠલ વિઠ્ઠલ એવો ધ્વનિ સંભળાશે. જનાબાઈ છાણાં થાપતી વખતે વિઠ્ઠલ વિઠ્ઠલ નામનો જપ કરતાં જાય અને છાણાં થાપતાં જાય. એટલે કહે છે કે, છાણામાંથી જપનો ધ્વનિ નીકળશે. નામદેવે ખાતરી કરી જોઈ. છાણામાંથી વિઠ્ઠલ વિઠ્ઠલ ધ્વનિ આવતો સંભળાયો. તેમણે જનાબાઈને કહ્યું કે, નામદેવ હું નહીં, પણ તું છે. જનાબાઈ છાણાં થાપતી વખતે વિઠ્ઠલ વિઠ્ઠલ નામના જપમાં એવાં તલ્લીન બનતાં કે, જડ છાણામાંથી જપનો ધ્વનિ નીકળતો. જય વિધિમાં બે નિયમ સાચવજો. બ્રહ્મચર્ય પાળવું અને બીજા કોઈ નું ખાવું નહીં.કેવળ વાંચવાથી જ્ઞાન નો અનુભવ થતો નથી. પ્રાચીનકાળમાં સંતો ક્યાં ભણવા ગયા એવું તેમના ચરિત્રમાં લખ્યું નથી.પણ ભાગવત ભક્તિથી ચિત્ત શુદ્ધ થતાં અંદરથી જ્ઞાનનું સ્ફુરણ થતું. પંડિત શાસ્ત્રની પાછળ દોડે છે.મીરાંબાઈ જે બોલે તેની પાછળ શાસ્ત્ર દોડે છે. તેર કરોડ જપ કરવાથી જપ અને



ઈશ્વરનું મિલન થાય છે. કળિકાળમાં આ સિવાય બીજો કોઈ ઉપાય નથી. અધિકારી ગુરુ પાસેથી મંત્ર ગ્રહણ કરવાથી મંત્રથી દિવ્યશક્તિ આવે છે. કેવળ વેદાંતના સિદ્ધાંતો સમજવા મુશ્કેલ છે અને સમજાય તો પણ અનુભવવા મુશ્કેલ છે.

દુઃખ શરીરને થાય છે. આત્મા કેવળ દૃષ્ટા છે,એમ બોલવું– સમજવું સહેલું છે. પણ આ સિદ્ધાંતોનો અનુભવ કરવો મુશ્કેલ છે, ત્યારે નામસ્મરણ સહેલું છે. ભક્તિ સહેલી અને સરળ છે. ભક્તિ મરણ સુધારે છે. કથા જીવનમાં માર્ગ બતાવે છે. કથા મનુષ્યને તેના સૂક્ષ્મ દોષોનું ભાન કરાવે છે, પણ તેનો ઉદ્ધાર તો નામ જપ,નામ સ્મરણથી જ થાય છે. આ સંબંધમાં અજામિલનું દૃષ્ટાંત આપવામાં આવે છે. અજામિલ અધમ હતો, પણ ભગવન્નામનો આશ્રય કરી કૃતાર્થ થયો. આપણે બધા અજામિલ છીએ. અજા એટલે માયા. માયામાં જ મળી ગયો તે અજામિલ.સંસારમાં માયા ના સંસર્ગમાં આવવું જ પડે છે. માયાને પકડવી પડે પણ તેને અગ્નિ ની પેઠે વિવેકરૂપી સાણસીથી પકડજો. અગ્નિ વિના વ્યવહાર ચાલતો નથી, છતાં કોઈ અગ્નિને હાથમાં લેતું નથી. માયા આપણી પાછળ પડે છે. તેનાથી બચવાનું છે અને ઈશ્વર પાછળ પડવાનું છે. ઈશ્વર પાછળ પડતા માયા દૂર થશે કનક અને કાંતાએ માયાના રૂપો છે એ બે વસ્તુમાં મન જાય તેવો નિશ્ચય કરજો. શરીરથી પાપ કરશો તો સજા થાય છે, અને મનથી પાપ કરશો તો તેની પણ સજા થાય છે. કાન્યકુબ્જ દેશમાં અજામિલ નામ નો એક બ્રાહ્મણ હતો.એ અનેક પ્રકારનાં પાપો કરી ગુજરાન ચલાવતો. જો કે પહેલાં તો મંત્ર વેત્તા, પવિત્ર અને સદાચારી હતો. પણ એક કુલટાને જોઈ એનું મન બગડ્યું. પહેલું આંખ વાટે આવે છે.આંખ બગડી એનું મન બગડ્યું. મન બગડ્યું એનું જીવન પાપ માટે કામને આંખમાં આવવા દેશો નહીં. આંખમાં નહીં આવી શકે તો કામ મનમાં આવશે નહીં. બગડ્યું. એનું નામ બગડ્યું. રાવણની આંખ બગડેલી તો હંમેશ માટે તેનું નામ બગડેલું રહ્યું છે. મનુષ્ય શરીરથી નહીં, આંખ અને મનથી વધારે પાપ કરે છે. એથી વગર પ્રયોજને કોઈને આંખ આપવી નહીં. આંખમાં રામ રાખો તો કામ મનમાં આવશે નહીં. અજામિલ પેલી બાઈને પોતાને ઘરે લઈ આવ્યો. એક પાપમાંથી બીજું પાપ આવે છે તેમ અજામિલ દુરાચારમાં આગળ વધ્યોને પાપાચાર કરવા લાગ્યો. ચોરી પણ કરવા લાગ્યો. લૂંટ પણ કરે છે.


એક વખત કેટલાક સાધુઓ ફરતા ફરતા અજામિલને ઘરે આવ્યા. તેમણે ભિક્ષા માગી. બાઈએ તેમને અનાજ આપ્યું.દુરિદ્રતાનું અન્ન લેવાની શાસ્ત્ર ના પાડી છે, પણ સાધુઓ બાઈને જાણતા ન હતા અટલે તે અન્નની રસોઈ કરી સાધુ ઓ જમ્યા.તે પછી અજામિલે સાધુઓને પ્રણામ કર્યા. સાધુઓ છે, તારા ઘરેથી ભોજન મળ્યું,પણ દક્ષિણા મળી નહીં!અજામિલ કહે હું તમને લૂંટી લેતો નથી એજ તમારી દક્ષિણા છે. હું કો સાધુને પૈસા આપતો નથી. બીજું કાંઈ માગો તો આપું.સાધુની ભાવના એ કે જેનું ખાધું એનું કલ્યાણ થાઓ. એટલે તેમણે કહ્યું, તારા ઘરે જે પુ આવે તેનું નામ નારાયણ રાખજે. આ અમે માગ્યું!અજામિલને ત્યાં પુત્રજન્મ થયો. એનું નામ નારાયણ રાખ્યું. છેલ્લી સંતતિમાં માતાપિતાને વિશેષ પ્રેમ હોવાથી અજામિલ વારંવાર નારાયણને બોલાવે છે. આમ નારાયણ નામની ટેવ પડી અતિશય પાપી, અતિકામી, પૂરું આયુષ્ય ભોગવી શકે નહીં. અજામિલનું બાર વર્ષનું આયુષ્ય બાકી હતું, તેમ છતાં યમદૂતો લેવા આવ્યા. અજામિલનો મૃત્યુકાળ નજીક આવ્યો. પોતાના સૌથી નાના પુત્ર નારાયણમાં તે અતિ આસક્ત એટલે પોતાના પુત્રનું નામ દઈને તે બોલવા લાગ્યો. નારાયણ, નારાયણ. છેલ્લા સંતાન માં મા-બાપનું મન વિશેષ ફસાય છે. રોજની આદત પ્રમાણે અજા મિલ નારાયણ, નારાયણ એમ બે વખત બોલ્યો.તેનો દીકરો નારાયણ તો આવ્યો નહીં, પણ વિષ્ણુદૂતો આવ્યા. વિષ્ણુદૂતો યમદૂતોને કહે કે, આને છોડી દો.એ પાપી છે, પણ તેણે ભગવાનનું નામ લઈ પાપનું પ્રાયશ્ચિત્ત કર્યું છે. તેનાં થોડાં પાપ બળી ગયાં છે. હવે તેને જીવવા દ્યો. તેના આયુષ્યના બાર વર્ષ હજુ બાકી છે.યમદૂતો કહે છે કે, અજામિલ નારાયણ, નારાયણ કરતો હતો, પણ તે વૈકુંઠવાસી નારાયણ નહીં. એના છોકરાનું નામ નારાયણ છે. એ તો એના દીકરા નારાયણને બોલાવતો હતો. ત્યારે વિષ્ણુદૂતો કહે છે, અજાણતાં પણ પ્રભુનું નામ તેના મુખેથી નીકળ્યું છે. અજાણતાં પણ પગ અગ્નિ ઉપર પડે તો પણ અગ્નિ બાળે છે, પગ દાઝે છે. તે પ્રમાણે અજાણતામાં પણ ભગવાનનું નામ લેવાય તો કલ્યાણ થાય છે.અજાણતામાં પણ ભગવાનનું નામ લેવાય તો તેનું ફળ મળે છે. ઉતાવળે કરેલા ભોજનથી ભલે સ્વાદનો અનુભવ ન થાય, પણ ભૂખ તો ભાંગે છે. એમ અજાણપણે પ્રભુનું નામ પણ પાપનો નાશ કરે જ છે.અજામિલ ઉદ્દેશીને નારાયણ,નારાયણબોલ્યો પણ અ બહાને તેણે બે વખત ભગવાનનું નામ તો લીધું ને! ગમે તેવા દુરાચારીનો ઉદ્ધાર કરવાની ભગવાનમાં તાકાત છે. આ બાબતમાં ભાગવત બિલકુલ સ્પષ્ટ છે.તે કહે છેકે, જાણવાવાળાઓ જાણે છે કે,સંકેતમાં પરિહાસ માં, આલાપમાં અથવા કોઈની અવહેલના કરવા માં પણ જો કોઈ ભગવાનના નામો નું સ્મરણ કરે છે તો તેનાં સઘળાં પાપો નષ્ટ થઈ જાય છે.જે મનુષ્ય પડતી વખતે, પગ લપસી પડે ત્યારે,અંગ ભંગ થાય ત્યારે,સાપ ડંસે ત્યારે,તાવમાં સપડાયેલો હોય ત્યારે, ચોટ લાગે ત્યારે વગેરે સમયે વ્યાકુળ બની 'હરિ હરિ' કહી ભગવાનના નામનું ઉચ્ચારણ કરે છે,તે નરકની યાતના ને પાત્ર રહેતો નથી. પડતી વખતે, કાંઈ નુકસાન થાય ત્યારે હાય હાય ન કરો, હરિ હરિ કરો. ઘરમાં દૂધ ઉભરાયને ત્યારે માતાજી હાય હાય કરે છે. હાય હાય કરે શું વળવાનું હતું? તેને બદલે હર હર કરો! અનાયાસે યજ્ઞનું ફળ મળશે. બાકી કોઈ અગ્નિને આહુતિ આપવાના નથી. હાયમાં સહેજ ફેરફાર કરી હિર હિર કહો.આથી અનાયાસે નામ સ્મરણ થશે, હરિના નામનો જપ થશે.

# તમારા મૂલ્યોને તમારી પસંદગીઓ ચલાવવા દો

હું જે ઉકેલો અજમાવી રહ્યો છું તેમાંથી એક એ છે કે મારા મૂલ્યોને મારી પસંદગીઓ ચલાવવા દો. તેનો અર્થ એ નથી કે હું મારી નિર્ણય લેવાની પ્રક્રિયાના અન્ય પાસાઓની અવગણના કરું છું. હું ફક્ત મારા મૂળ મૂલ્યોને મિશ્રણમાં ઉમેરું છું. ઉદાહરણ તરીકે, જો હું મારા વ્યવસાયમાં કોઈ સમસ્યા પર કામ કરું છું, તો માત્ર પૂછવાને બદલે, ‘‘શું આનાથી પૈસા મળશે?’’ હું પૂછી શકું છું, ‘‘શું આ મારા મૂલ્યો સાથે સંરેખિત છે?’’ અને પછી, ‘‘શું આ પૈસા કમાશે?’’ જો હું બંનેમાંથી કોઈને ના કહું, તો હું બીજો વિકલ્પ શોધું છું. આ પદ્ધતિ પાછળનો વિચાર એ છે કે જો આપણે આપણા મૂલ્યો સાથે સંરેખિત રહીને જીવીએ અને કામ કરીએ, તો આપણે એવું જીવન જીવી શકીશું કે જેના પર આપણને અફસોસ છે તેના કરતાં આપણને ગર્વ છે. દરેક નિર્ણય અમુક પ્રકારની મર્યાદામાં લેવામાં આવે છે. કદાચ તમારી પાસે કેટલું જ્ઞાન છે. કદાચ તમારી પાસે કેટલા પૈસા છે. કદાચ તમારી પાસે કેટલા સંસાધનો છે. તમારી પાસે કયા મૂલ્યો છે તે શા માટે નથી? વધુ સારી પસંદગીઓ કરવી એ ઘણી વખત સારી મર્યાદાઓ પસંદ કરવાની બાબત છે. તમારા વિકલ્પોને તમારા મૂલ્યો સાથે બંધબેસતા વિકલ્પો સુધી મર્યાદિત કરીને, તમારું વર્તન તમારી માન્યતાઓ સાથે મેળ ખાય છે તેની ખાતરી કરવા માટે તમે એક મહત્વપૂર્ણ પગલું લઈ રહ્યા છો. જો તમે ક્યારેય તમારા મૂલ્યો વિશે વિચારવા બેસો નહીં, તો તે સમયે તમારી સામે જે પણ માહિતી હશે તેના આધારે તમે નિર્ણયો લેવાની શક્યતા વધુ હશે. તે રસ્તા પર અફસોસ માટે એક રેસીપી હોઈ શકે છે. જીવન જટિલ છે અને આપણે બધા આપણા અંગત અને વ્યાવસાયિક જીવનમાં એવી ક્ષણોનો સામનો કરીએ છીએ કે જેના માટે આપણને જરૂરી હોય તેટલી માહિતી વિના પસંદગી કરવાની જરૂર પડે છે. મૂળભૂત ધારણા એ છે કે અમને આ પરિસ્થિતિઓમાં વધુ જ્ઞાન અથવા સંશોધનની જરૂર છે, પરંતુ ઘણી વાર અમને ફક્ત અમારા મૂલ્યોની સ્પષ્ટ સમજની જરૂર હોય છે. જો તમે જાણતા ન હોવ કે તમે શેના માટે ઉભા છો અને તમે ક્યાં જઈ રહ્યા છો, તો પછી કોર્સથી છૂટકારો મેળવવો, તમારે જે કરવાની જરૂર નથી તે કરવામાં તમારો સમય બગાડવો અથવા અપવાદ કરવો ખૂબ જ સરળ છે (‘‘માત્ર આ એકવાર’’) જે તમને ખતરનાક માર્ગ પર લઈ જાય છે.

# શા માટે હકીકતો આપણા વિચારોને બદલતી નથી

માનવીને ટકી રહેવા માટે વિશ્વના વ્યાજબી રીતે સચોટ દષ્ટિકોણની જરૂર છે. જો તમારું વાસ્તવિકતાનું મોડેલ વાસ્તવિક દુનિયાથી તદ્દન અલગ છે, તો તમે દરરોજ અસરકારક પગલાં લેવા માટે સંઘર્ષ કરો છો. જો કે, સત્ય અને સચોટતા જ માનવ મન માટે મહત્વની બાબતો નથી. માનવીને પણ સંબંધ રાખવાની ઊંડી ઈચ્છા હોય તેવું લાગે છે. એટોમિક હેબિટ્સમાં, મેં લખ્યું, ‘‘માણસો ટોળાંના પ્રાણીઓ છે. અમે ફિટ થવા માંગીએ છીએ, અન્ય લોકો સાથે બોન્ડ કરવા અને અમારા સાથીદારોનો આદર અને મંજૂરી મેળવવા માંગીએ છીએ. આવા ઝોક આપણા અસ્તિત્વ માટે જરૂરી છે. આપણા મોટાભાગના ઉત્ક્રાંતિ ઈતિહાસ માટે, આપણા પૂર્વજો આદિવાસીઓમાં રહેતા હતા. આદિજાતિથી અલગ થવું-અથવા વધુ ખરાબ, કાઢી મૂકવું-એક મૃત્યુદંડ હતી.’’ પરિસ્થિતિનું સત્ય સમજવું અગત્યનું છે, પરંતુ તે આદિજાતિનો બાકીનો ભાગ છે. જ્યારે આ બે ઈચ્છાઓ ઘણીવાર સારી રીતે કામ કરે છે, તેઓ ક્યારેક ક્યારેક સંઘર્ષમાં આવે છે. ઘણા સંજોગોમાં, કોઈ ચોક્કસ હકીકત અથવા વિચારની સત્યતાને સમજવા કરતાં સામાજિક જોડાણ ખરેખર તમારા રોજિંદા જીવનમાં વધુ મદદરૂપ છે. હાર્વર્ડના મનોવૈજ્ઞાનિક સ્ટીવન પિંકરે તેને આ રીતે મૂક્યું છે, ‘‘લોકો તેમની માન્યતાઓ અનુસાર સ્વીકારવામાં આવે છે અથવા નિંદા કરવામાં આવે છે, તેથી મનનું એક કાર્ય એવી માન્યતાઓ રાખવાનું હોઈ શકે છે જે માન્યતા ધરાવનારને સૌથી વધુ સંખ્યામાં સાથીઓ, રક્ષકો અથવા શિષ્યો લાવે છે.




માન્યતાઓ કરતાં જે સાચી હોવાની સંભાવના છે. અમે હંમેશા વસ્તુઓ પર વિશ્વાસ કરતા નથી કારણ કે તે સાચી છે. કેટલીકવાર આપણે વસ્તુઓ પર વિશ્વાસ કરીએ છીએ કારણ કે તે આપણને જે લોકોની કાળજી રાખે છે તે લોકો માટે આપણને સારા દેખાવાનું કારણ બને છે. મેં વિચાર્યું કે કેવિન સિમલેરે લખ્યું ત્યારે તે સારી રીતે મૂક્યું, ‘‘જો મગજ ધારે છે કે તેને કોઈ ચોક્કસ માન્યતા અપનાવવા બદલ પુરસ્કાર મળશે, તો તે આમ કરવામાં સંપૂર્ણ રીતે ખુશ છે, અને પુરસ્કાર ક્યાંથી આવે છે તેની ખૂબ કાળજી લેતો નથી - પછી ભલે તે વ્યવહારિક હોય ( બહેતર નિર્ણયોના પરિણામે વધુ સારા પરિણામો), સામાજિક (સાથીઓ તરફથી સારી સારવાર), અથવા બેમાંથી કેટલાક મિશ્રણ.’’ ખોટી માન્યતાઓ વાસ્તવિક અર્થમાં ઉપયોગી ન હોય તો પણ સામાજિક અર્થમાં ઉપયોગી થઈ શકે છે. વધુ સારા શબ્દસમૂહના અભાવ માટે, અમે આ અભિગમને ‘‘વાસ્તવિક રીતે ખોટા, પરંતુ સામાજિક રીતે સચોટ’’ કહી શકીએ છીએ. જ્યારે અમારે બેમાંથી પસંદગી કરવાની હોય છે, ત્યારે લોકો ઘણીવાર તથ્યોને ધ્યાનમાં રાખીને મિત્રો અને પરિવારને પસંદ કરે છે.

આ આંતરદષ્ટિ માત્ર સમજાવે છે કે શા માટે આપણે રાત્રિભોજનની પાર્ટીમાં આપણી જીભને પકડી રાખીએ છીએ અથવા જ્યારે આપણા માતા-પિતા કંઈક અપમાનજનક કહે છે ત્યારે બીજી રીતે જોઈ શકીએ છીએ, પરંતુ અન્ય લોકોના મનને બદલવાની વધુ સારી રીત પણ દર્શાવે છે. કોઈને તેમનો વિચાર બદલવા માટે મનાવવા એ ખરેખર તેમને તેમની જાતિ બદલવા માટે સમજાવવાની પ્રક્રિયા છે. જો તેઓ તેમની માન્યતાઓને છોડી દે છે, તો તેઓ સામાજિક સંબંધો ગુમાવવાનું જોખમ ચલાવે છે. જો તમે તેમના સમુદાયને પણ છીનવી લેશો તો કોઈ વ્યક્તિ તેમનો વિચાર બદલશે તેવી તમે અપેક્ષા રાખી શકતા નથી. તમારે તેમને ક્યાંક જવા માટે આપવા પડશે. જો એકલતાનું પરિણામ હોય તો કોઈ પણ તેના વિશ્વ દષ્ટિકોણને તોડી નાખવા માંગતું નથી.

લોકોના વિચારો બદલવાની રીત છે તેમની સાથે મિત્રતા કરવી, તેમને તમારા જનજાતિમાં એકીકૃત કરવા, તેમને તમારા વર્તુળમાં લાવવા. હવે, તેઓ સામાજિક રીતે ત્યજી દેવાના જોખમ વિના તેમની માન્યતાઓને બદલી શકે છે. બ્રિટીશ ફિલસૂફ એલેન ડી બોટન સૂચવે છે કે જેઓ અમારી સાથે અસંમત હોય તેમની સાથે અમે ફક્ત ભોજન વહેંચીએ છીએ: ‘‘અજાણ્યાઓના જૂથ સાથે ટેબલ પર બેસવાથી તેમને મુક્તિ સાથે ધિક્કારવું થોડું વધુ મુશ્કેલ બનાવવાનો અજોડ અને વિચિત્ર ફાયદો છે.

# અનિશ્ચિતતાની લાગણી તમને નબળા અથવા અયોગ્ય બનાવતી નથી

તમારી ક્ષમતાઓ વિશે અનિશ્ચિત અને અનિશ્ચિત અનુભવવા જેવું લાગે છે તે મને મળે છે. હું સમજું છું કે તમે જે કરવા માંગતા હતા તે કરવા માટે આખરે હિંમત કેળવવી કેવું લાગે છે પ અને પછી તમારા ચહેરા પર સપાટ પડી જાઓ. સદ્ભાગ્યે, મેં દબાણ કરવાનું ચાલુ રાખ્યું, વિવિધ વ્યવસાયિક વિચારો સાથે પ્રયોગ કરવાનું ચાલુ રાખ્યું, અને હું ૩ વર્ષથી વધુ સમયથી પૂર્ણ-સમયનો ઉદ્યોગસાહસિક છું. એક ઉદ્યોગસાહસિક બનવું એ મેં લીધેલા શ્રેષ્ઠ નિર્ણયોમાંનો એક હતો. પરંતુ શરૂઆતમાં તે સરળ નહોતું. આત્મ-શંકા અને ભય ઘણો હતો. અને એવું અનુભવવાનાં ઘણાં કારણો હતાં. મેં અન્ય ક્ષેત્રોમાં સમાન લાગણીઓ નોંધી છે. આ સોમવાર અને ગુરુવારના લેખો લખવાનું શરૂ કરવા માટે મેં આખરે હિંમત દાખવી તે પહેલાં મેં એક ખાનગી દસ્તાવેજમાં એક વર્ષથી વધુ સમય સુધી લખ્યું. હવે આ જગ્યા જુઓ. અમારા નાના સમુદાયમાં અમારી પાસે ૪૭,૦૦૦ થી વધુ સભ્યો છે. આ ડર અને અનિશ્ચિતતા દરેક જગ્યાએ છે. અમે તેમને જીમમાં જવા જેવી નાની વસ્તુઓથી અનુભવીએ છીએ. પરંતુ, અને આ બધાનો મુખ્ય મુદ્દો છે, હું ઈચ્છું છું કે તમે જાણો કે હું તમારી સાથે તેમાંથી પસાર થઈ રહ્યો છું. મેં આ ઘણી વાર કહ્યું છે, પરંતુ મારી પાસે બધા જવાબો નથી. હું બીજા બધાની જેમ જ રસ્તામાં શીખી રહ્યો છું અને મુસાફરી દરમિયાન જે આવે છે તે શેર કરું છું. પરંતુ મારી પાસે કોઈ એવી વ્યક્તિ બનવાની કોઈ યોજના નથી જે તેના વિશે લખે છે અને તેનો અભ્યાસ કરતો નથી. મારા માટે અહીં બેસીને કહેવું કેટલું સરળ હશે, ‘‘બારમાં તે વ્યક્તિ મૂર્ખ હતો! તેની પાસે પૈસા છે. તેની પાસે સ્વતંત્રતા છે. તેણે તેના સપનાને અનુસરવું જોઈએ!’’ અને મને લાગે છે કે તેણે તેમને અનુસરવું જોઈએ, પરંતુ શું તમે ક્યારેય ખુલ્લા હાથે તે પ્રકારની અનિશ્ચિતતાને સ્વીકારી છે? પરિવર્તન મુશ્કેલ છે, પરંતુ ઘણી વખત સૌથી મુશ્કેલ ભાગ એ જાણતો નથી કે કયા પગલાં લેવા જોઈએ અથવા તમારા માટે શું મહત્વનું છે તે નક્કી કરવું. સખત ભાગ તમારા પોતાના મનોવિજ્ઞાનને સંભાળવાનો છે, તમારા પોતાના ડર પર કાબૂ મેળવવો અને કંઈક થાય તે માટે સંયમ શોધવો. જો હું તે અજાણી વ્યક્તિને ફરીથી જોઈ શકું, તો હું તેને બે વસ્તુઓ કહીશ. પ્રથમ, હું ત્યાં માણસ રહ્યો છું. હું સમજી ગયો. તમે અનિશ્ચિત અને અનિશ્ચિત છો અને તમને શંકા છે કે તમે આ બધું કામ કરી શકશો. તે સામાન્ય છે. જ્યારે હું નવા દેશમાં ગયો ત્યારે મને અનિશ્ચિત લાગ્યું. જ્યારે મેં મારો પ્રથમ વ્યવસાય શરૂ કર્યો ત્યારે મને અનિશ્ચિત લાગ્યું. જ્યારે મેં જાહેરમાં લખવાનું શરૂ કર્યું ત્યારે મને કલાપ્રેમી જેવું લાગ્યું. તે તમને નબળા અથવા વિચિત્ર અથવા અયોગ્ય બનાવતા નથી. એ સામાન્ય છે. અને બીજું, દબાણ ચાલુ રાખો. વસ્તુઓને ‘‘માત્ર એક સપનું’’ ન બનાવો. તે જીમમાં જવા જેવું કંઈક નાનું હોઈ શકે છે અથવા બ્યુનોસ એરેસની વન-વે ટિકિટ ખરીદવા જેવું કંઈક મોટું હોઈ શકે છે, પરંતુ જો તમે પૂરતું દબાણ ચાલુ રાખશો, તો તે સ્વપ્નને બદલે વાસ્તવિકતા બનશે. હું એક અજાણી વ્યક્તિને બ્યુનોસ એરેસ જવા માટે સમજાવવાનો પ્રયાસ કરી રહ્યો હતો.

# જાણો કઈ-કઈ દવાઓ ડિપ્રેશનની સારવારમાં મદદ કરી શકે છે?

ડિપ્રેશન એ માનસિક સ્વાસ્થ્ય સમસ્યા છે જે મોટાભાગે પ્રારંભિક પુખ્તાવસ્થામાં શરૂ થાય છે. તે સ્ત્રીઓમાં પણ વધુ સામાન્ય છે. જો કે, કોઈપણ ઉંમરે કોઈપણ વ્યક્તિ ડિપ્રેશનનો સામનો કરી શકે છે. ડિપ્રેશન તમારા મગજને અસર કરે છે, તેથી તમારા મગજમાં કામ કરતી દવાઓ ફાયદાકારક સાબિત થઈ શકે છે. સામાન્ય એન્ટીડિપ્રેસન્ટ્સ તમારા લક્ષણોને હળવા કરવામાં મદદ કરી શકે છે, પરંતુ અન્ય ઘણા વિકલ્પો પણ છે. ડિપ્રેશનની સારવાર માટે વપરાતી દરેક દવા તમારા મગજમાં ન્યુરોટ્રાન્સમીટર નામના અમુક રસાયણોને સંતુલિત કરીને કામ કરે છે. આ દવાઓ તમારા ડિપ્રેશનના લક્ષણોને હળવા કરવા માટે થોડી અલગ રીતે કામ કરે છે. એન્ટીડિપ્રેસન્ટ્સનો સૌથી સામાન્ય રીતે સૂચિત વર્ગ. સેરોટોનિનનું અસંતુલન ડિપ્રેશનમાં ભૂમિકા ભજવી શકે છે.



આ દવાઓ તમારા મગજમાં સેરોટોનિનનું પુનઃઉપટેક ઘટાડીને ડિપ્રેશનના લક્ષણો સામે લડે છે. આ અસર તમારા મગજમાં કામ કરવા માટે વધુ સેરોટોનિન ઉપલબ્ધ કરાવે છે. ડિપ્રેશનની સારવાર ઉપરાંત, ડ્યુલોક્સેટીન પણ પીડાને દૂર કરી શકે છે. આ મહત્વપૂર્ણ છે કારણ કે ક્રોનિક પીડા ડિપ્રેશન તરફ દોરી શકે છે અથવા તેને વધુ ખરાબ કરી શકે છે.

કેટલાક કિસ્સાઓમાં, ડિપ્રેશન ધરાવતા લોકો પીડા અને પીડા વિશે વધુ જાગૃત બને છે. ડિપ્રેશન અને પીડા બંનેની સારવાર કરતી દવા, જેમ કે ડ્યુલોક્સેટીન, આ લોકોને મદદરૂપ થઈ શકે છે. આ વર્ગની દવા કે જેનો ઉપયોગ ડિપ્રેશનની સારવાર માટે થાય છે તેને વિલાઝોડોન (વાઈબ્રીડ) કહેવાય છે. તે સેરોટોનિન સ્તર અને અન્ય ચેતાપ્રેષકોને સંતુલિત કરીને કામ કરે છે. ડિપ્રેશનની પ્રથમ લાઈન સારવાર તરીકે આ દવાનો ભાગ્યે જ ઉપયોગ થાય છે. તેનો અર્થ એ છે કે તે સામાન્ય રીતે ફક્ત ત્યારે જ સૂચવવામાં આવે છે જ્યારે અન્ય દવાઓ તમારા માટે કામ કરતી ન હોય અથવા કંટાળાજનક આડઅસરોનું કારણ બને છે.

## BOLLYWOOD | બોલિવૂડ-હોલિવૂડ

NEWS FLASH

# તનાઝ ઈરાનીની પ૧ વર્ષમાં જ બગડી હાલત, છેલ્લા કેટલાક સમયથી તેના સ્વાસ્થ્યને લઈને ચિંતિત છે




। મુંબઈ, તા.૬ ।

એવા ઘણા ટીવી સ્ટાર્સ છે જેમણે ફિલ્મોમાં કામ કર્યું અને પછી ત્યાં જ રહી ગયા. કેટલાક એવા સ્ટાર્સ છે જેમણે ફિલ્મોમાં કામ કર્યું પરંતુ ટીવી પણ નથી છોડ્યું. આજે આપણે જે અભિનેત્રી વિશે વાત કરવા જઈ રહ્યા છીએ તે પણ એવી અભિનેત્રીઓમાંથી એક છે જેમણે ઘણી હિટ ફિલ્મોમાં કામ કર્યું પરંતુ ટીવી સાથેનું પોતાનું કનેક્શન નથી છોડ્યું. ૩ બાળકોની માતા, જેની ઉંમરનો અંદાજો આજે પણ લોકો લગાવી શકતા નથી, તેણી છેલ્લા ૨ વર્ષથી લાકડીના સહારે ચાલવા માટે મજબૂર છે, આ અભિનેત્રી છે તનાઝ ઈરાની. ૫૧ વર્ષની તનાઝ ઈરાની ફેન્સને આજે પણ ટીનએજર લાગે છે. તનાઝ છેલ્લા કેટલાક સમયથી તેના સ્વાસ્થ્યને લઈને ચિંતિત છે. સ્થિતિ એવી છે કે માત્ર ૫૧ વર્ષની ઉંમરે તેને લાકડીનો સહારો લેવો પડે છે. અહેવાલ મુજબ, તનાઝ છેલ્લા બે વર્ષથી પીઠમાં ગંભીર ઈજાના કારણે સ્વાસ્થ્ય સંબંધી પડકારોનો સામનો કરી રહી છે.

# વિરાટ કોહલીની બર્થ ડે પર અનુષ્કા શર્માએ શેર કર્યો બન્નેનો મસ્ત ફોટો

। મુંબઈ, તા.૬ ।

વિરાટ કોહલીને ક્રિકેટના ગ્રાઉન્ડમાં જોતાની સાથે લોકો ખુશ થઈ જાય છે અને ચીસો પાડવા લાગે છે. ક્રિકેટના મેદાન પર બલ્લેબાજીના અનેક રેકોર્ડ્સ કોહલીએ તોડ્યા છે. ક્રિકેટની દુનિયામાં વિરાટનું નામ કંઈક અલગ જ છે. વિરાટ કોહલીનો ફેન્સ વર્ગ બહુ મોટો છે. વિરાટ કોહલી ક્રિકેટના એવા શિખર પર પહોંચી ગયા છે કે જેને જોઈને બીજી ખેલાડીઓ પણ આ સપના પૂરા કરવા માટે સપના જોઈ રહ્યા છે. આ ખાસ દિવસે વિરાટની વાઈફ અનુષ્કા શર્માએ ખાસ અંદાજમાં બર્થ ડે વિશ કરીને લોકોને કરી દીધા છે. બર્થ ડે વિશનો



અનુષ્કાનો આ આઈડિયા જોઈને લોકો ચારેબાજુ ચર્ચાઓ કરી રહ્યા છે. અનુષ્કા શર્માએ હાલમાં ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર વિરાટ કોહલીને આ ખાસ અંદાજમાં બર્થ ડે વિશ કરી છે. બર્થ ડે વિશમાં અનુષ્કાએ એક મસ્ત તસવીર શેર કરી છે જેમાં પહેલી તસવીરમાં વિરાટ કોહલીએ જીરો રન પર આઉટ કરનાર એક આર્ટિકલનો સ્ક્રીનશોટ શેર કર્યો છે. આ આર્ટિકલમાં વિરાટ કોહલી એ મેચનો ઉલ્લેખ છે જ્યારે ક્રિકેટરે ઝીરો રન પર કેવિન પીટરસનને આઈટ કર્યો હતો. આ વાત વર્ષ ૨૦૧૧ના ટી૨૦ મેચ દરમિયાનની છે. જ્યારે બીજી તસવીરમાં વિરાટ એકદમ ફની અંદાજમાં જોવા મળી રહ્ય છે. અનુષ્કા શર્માએ ત્રીજી તસવીર શેર કરી છે જેમાં પતિ વિરાટની સાથે નજરે પડી રહી છે. આમાં વિરાટની સ્માઈલ કરતા પોઝ આપી રહ્યો છે.

# આમિર ખાને દીકરી Iraની કેલવન સેરેમનીમાં નહોતી આપી હાજરી



। મુંબઈ, તા.૬ ।

બોલિવૂડના મિસ્ટર પરફેક્ટનિસ્ટ આમિર ખાનની દીકરી ઈરા ખાનની જલદી બોયફ્રેન્ડ નુપુર શિખરે સાથે લગ્નના બંધનમાં બંધાશે. જો કે આમિર ખાનની દીકરીની પ્રી વેડિંગ ફંક્શનની શરૂઆત થઈ ગઈ છે. જેની કેટલીક તસવીરો ઈરા ખાને સોશિયલ મિડીયામાં શેર કરી છે. જો કે આ દરમિયાન આમિર ખાન જોવા મળ્યા નહીં. જો કે આમિર ખાને કેમ હાજરી આપી નહીં એ વિષય હાલમાં ચર્ચાનો મુદ્દો બની ગયો છે. ફંક્શનની તસવીરો હાલમાં સોશિયલ મિડીયામાં ખૂબ વાયરલ થઈ રહી છે. લગ્ન પહેલાં ઈરા ખાન અને નૂપુરના વેડિંગ ફંક્શનની શરૂઆત થઈ ગઈ છે. કેલવન સેરેમનીથી ફંક્શનની શરૂઆત થઈ છે. જો કે ઈરાના દુલ્હા નૂપુર એક મહારાષ્ટ્રિયન છે. કેલવન ફંક્શનમાં દુલ્હા અને દુલ્હનની ફેમિલીને લગ્ન પહેલાં ટ્રેડિશનલ સ્વાદિષ્ટ ભોજન માટે એકબીજાને મળે છે જેથી કરીને એકબીજાને લગ્ન માટે ઈનવાઈટ કરી શકાય. આમાં દુલ્હા-દુલ્હનના ઘરના લોકા લગ્નના બંધનમાં બંધાય એ પહેલાં ગિફ્ટ આપતા હોય છે. ઈરાએ જે તસવીરો શેર કરી છે એમાં ઈરા પિંક-વ્હાઈટ લેરિયા સાડીની સાથે નોઝ રિંગ પહેરેલી જોવા મળી છે.



# માલદીવમાં વેકેશન એન્જોય કરી રહી છે સિગંર નેહા કક્કર

। મુંબઈ, તા.૬ ।

પોતાના સુરીલા અવાજથી લોકોને દિવાના બનાવનાર નેહા કક્કરે ઘણા ગીતો ગાઈને આખા ભારતમાં ચાહકો બનાવ્યા છે. અદ્ભુત લવ સોંગ ગાતી નેહા કક્કરે ક્યારેય વિચાર્યું નહોતું કે જીવનસાથીની શોધ માત્ર તેના ગાયનથી જ પૂરી થશે. હા, નેહા કક્કરે ૨૦૨૦ પહેલા કોઈને પોતાનો જીવનસાથી બનાવવાનું વિચાર્યું પણ નહોતું, પરંતુ રોહનપ્રીતની એન્ટ્રીએ તેને કહેવા મજબૂર કરી દીધી કે, ‘મિલે હો તુમ હમકો નસીબો સે...’. નેહા કક્કર અને રોહનપ્રીત સિંહને તેમની મીટિંગ સમયે કોઈ ખ્યાલ નહોતો કે તેઓ કાયમ માટે એક થઈ જશે. પરંતુ ભગવાનના મનમાં બંને માટે કંઈક અલગ જ હતું, જેને નેહા અને રોહન પણ નકારી શક્યા ન હતા. નેહા કક્કરને તેના કામ દરમિયાન ભગવાન તરફથી સૌથી કિંમતી ભેટ મળી હતી. ખરેખર, રોહનપ્રીત અને નેહાની પહેલી મુલાકાત ‘નેહુ ધ વ્યાહ’ના સેટ પર થઈ હતી. ગીતના શૂટિંગ દરમિયાન બંનેની પહેલી મુલાકાત, નેહા અને રોહનપ્રીત સિંહની દોસ્તી આગળ વધી અને બન્ને એક થઈ ગયા. નેહા કક્કર અને રોહનપ્રીત સિંહે ૨૪ ઓક્ટોબર ૨૦૨૦ ના રોજ લગ્ન કર્યા હતા.



। ઓમકારસિંહ ચૌહાણ સંતરામપુર, તા.૬ ।

સંતરામપુર તાલુકાના કસલપુર પ્રાથમિક શાળાના આચાર્ય શ્રી છત્રસિંહ ઝવેરભાઈ પટેલીયા તથા તેમના ધર્મપત્ની શ્રીમતી ઈન્દિરાબેન છત્રસિંહ પટેલીયાનો સંયુક્ત રીતે ગુજરાત સરકારના કેબિનેટ મંત્રી આદિજાતિ વિભાગ, પ્રાથમિક, માધ્યમિક અને પૌઢ શિક્ષણ શ્રી કુબેરભાઈ ડીંડોરના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવ્યો. જેમાં સંતરામપુર મંડળ પ્રમુખશ્રી બળવંતભાઈ પટેલિયા મહામંત્રી શ્રી છગનભાઈ માલ તથા શિક્ષક સમાજ, જેમના સગા સંબંધીઓ, મિત્ર મંડળ ગામના આગેવાન ભાઈઓ બહેનો, યુવા મિત્રો તથા ભારતીય જનતા પાર્ટીના અનેક કાર્યકર્તા ભાઈઓ બહેનો ઉપસ્થિત રહી નિવૃત્ત થનાર બંને પતિ પત્નીને આશીર્વાવચન પાઠવ્યા.

# 'સ્વચ્છતા હી સેવા' અભિયાન અંતર્ગત ગણદેવી તાલુકાના સાલેજ ગામમાં સાફ સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યું





રાજ્ય સરકારના 'સ્વચ્છતા હી સેવા' સેવા કાર્યક્રમને જન પ્રતિસાદ મળી રહ્યો છે. નવસારી જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોના જાહેર સ્થળો, મંદિર પરીસરો, શાળા, કોલેજો તેમજ ગ્રામ પંચાયતોમા સ્વચ્છતા અભિયાન હાથ ધરવામા આવેલ છે. 'સ્વચ્છતા હી સેવા' ૨૦૨૩ અભિયાન અંતર્ગત આજ રોજ ગણદેવી તાલુકાના સાલેજ ગામના જાહેર સ્થળો પર ગ્રામજનો દ્વારા સાફ સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું.

### ૮મા રાષ્ટ્રીય આયુર્વેદિક દિનની ઉજવણી

# વાપીમાં કનુભાઈ દેસાઈની અધ્યક્ષતામાં આયુષ મેળાનું ઉદઘાટન કરવામાં આવ્યું

### આયુર્વેદ દરેક રોગના નિદાન અને ઉપચાર માટે સર્વોચ્ચ સ્થાન ધરાવે છે : મંત્રીશ્રી

। વાપી, તા.૬ ।

વાપીમાં ૮મા રાષ્ટ્રીય આયુર્વેદિક દિનની ઉજવણી નિમિત્તે નાણાં, ઊર્જા અને પેટ્રોકેમિકલ મંત્રીશ્રી કનુભાઈ દેસાઈની અધ્યક્ષતામાં ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, નિયામકશ્રી આયુષની કચેરી ગાંધીનગરના નિર્દેશનથી વલસાડ જિલ્લા પંચાયતની આરોગ્ય શાખા અને સરકારી આયુર્વેદિક હોસ્પિટલ વલસાડ દ્વારા આયોજિત આયુષ મેળાનું ઉદઘાટન કરવામાં આવ્યું. મંત્રીશ્રીએ વિવિધ પ્રદર્શાનોની મુલાકાત પણ લીધી હતી.

કાર્યક્રમમાં મંત્રીશ્રી કનુભાઈએ પ્રાસંગિક ઉદબોધનમાં જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ જ્યારથી દેશનું સુકાન સંભાળ્યું છે ત્યારથી આપણી જીવનશૈલી, વ્યવહાર અને આર્થિક વિકાસમાં ઘણી વૃદ્ધિ થઈ છે. વિશ્વ યોગ દિનની ઉજવણીથી સમગ્ર વિશ્વમાં યોગની ગાથા ફેલાવી છે. ભારત વિશ્વમાં જીવન પદ્ધતિ, વ્યવહાર અને આરોગ્યની સર્વોચ્ચ કક્ષાએ હતું. સમય જતા એમાં બદલાવ આવ્યો હતો. પરંતુ વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં ફરી આપણે આપણી સંસ્કૃતિના મૂળ તરફ આગળ વધી રહ્યા છે. એમણે લાલ કિલ્લા ઉપરથી હુંકાર કર્યો હતો કે દરેક જગ્યાએ શૌચાલયો હોવા જ જોઈએ, મહિલાઓને તકલીફ ન પડવી જોઈએ. ગંદકીના કારણે રોગચાળો ફેલાય છે. તેથી શૌચાલયો અને સ્વચ્છતા માટે વડાપ્રધાનશ્રીએ સરાહનીય પ્રયત્નો કર્યા છે. આયુર્વેદ દરેક રોગના



નિદાન અને ઉપચાર માટે સર્વોચ્ચ સ્થાન ધરાવે છે. ઓપરેશન ન કરવું પડે તેવા મોટાભાગના રોગોનો ઉપચાર આયુર્વેદની સામાન્ય દવાઓથી શક્ય છે. હોમિયોપેથી પણ રોગના ઉપચારમાં આગવું સ્થાન ધરાવે છે. આયુર્વેદની પદ્ધતિઓનો પ્રચાર પ્રસાર કરી વિશ્વમાં આયુર્વેદનો વ્યાપ વધારવા સૌએ પ્રયત્નો કરવા. આયુષ મેળામાં જનરલ ઓપીડી, સ્ત્રી રોગ, બાળ રોગ અને બીજા વિવિધ દર્દીઓનીં તપાસ કરી ઉપચાર કરવામાં આવ્યો. સાથે સાથે મિલેટ્સ વાનગી, વનસ્પતિ, રસોડાના ઔષધ, પુસ્તક અને સંહિતા પ્રદર્શન પણ યોજાયું હતું. યોગ ઈસ્ટ્રક્ટર સૌરભભાઈ અને ટીમ દ્વારા વિવિધ યોગોનું નિદર્શન કરવામાં આવ્યું હતું. આ આયુષ મેળામાં આયુર્વેદ અને હોમિયોપેથીથી રોગોના નિદાન, સારવાર, દવા વિતરણ, ઉકાળા વિતરણ, ૦ થી ૧ ૨ વર્ષના બાળકોને સુવર્ણ પ્રાસન, હોમિયોપેથી આરોગ્ય પેયના ટીપા પીવડાવવામાં આવશે.

## આવો, કારીગરોના 'પરિશ્રમને અજવાળીએ' અને 'લોકલ' ઉત્પાદનો માટે 'વોકલ' બનીએ



### તાપી જિલ્લાના જાગૃત નાગરિક અરુણાબેન ચૌધરીએ દિવાળી હસ્તકલા પ્રદર્શન મેળામાંથી સ્થાનિક નાગરિકો પાસેથી વિવિધ ચીજ વસ્તુઓ ખરીદી વોકલ ફોર લોકલ બન્યા

। તાપી, તા.૬ ।

અરુણાબેન ચૌધરી તાપી જિલ્લાના જાગૃત નાગરિકે વ્યારા તાલુકા ખાતે હસ્તકલા યોજના અંતર્ગત 'દિવાળી હસ્તકલા' પ્રદર્શન મેળામાંથી સ્થાનિક નાગરિકો પાસેથી વિવિધ ચીજ વસ્તુઓ ખરીદી તેઓને આર્થીક રીતે મદદરૂપ બનવાનો સરાહ-નિય પ્રયાસ કર્યો હતો. વધુમાં તેમણે પ્રાકૃતિક ખેત પેદાશોનો રોજીંદાજીવનમાં ઉપયોગ કરવા જાહેર અનુરોધ કર્યો હતો.

નોંધનિય છે કે, 'પરિશ્રમને અજવાળીએ' કેમ્પેઈન અંતર્ગત સમગ્ર રાજ્યમાં સ્થાનિક સ્તરે નાના વેપારીઓના રોજગાર વૃદ્ધિના શુભ હેતુથી આરંભાયેલું આ કેમ્પેઈન ૧ નવેમ્બર થી ૨૦ નવેમ્બર,૨૦૨૩ સુધી ચાલનાર છે જેમાં નાના-મધ્યમ વેપારીઓના વેપારને પ્રોત્સાહન મળે તે માટે સ્થાનિક કારીગરો પાસેથી ચિજ વસ્તુઓ ખરીદી તેની રીલ/ વીડિયો કે વિડિયો બનાવી #vocalforlocal હેશટેગનો ઉપયોગ કરી સોશિયલ મીડિયા ઉપર મુકીએ અને @InfoGujarat અને @ infotapigog ને ટેગ કરો. આ પ્રદર્શન કેન્દ્રમાંથી વધારેમાં વધારે ચીજ વસ્તુઓ ખરીદી લોકલ કલાકારોને આર્થીકરૂપ મદદરૂપ થઈ 'વોકલ ફોર લોકલ' બનવા જિલ્લા તંત્ર દ્વારા પણ જાહેર જનતાને ખાસ અનુરોધ કરાયો છે.

### મહીસાગર જિલ્લા સેવા સદન ખાતે મહિલા અને બાળ કલ્યાણ તેમજ સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ મંત્રીશ્રી

# શ્રીમતી ભાનુબેન બાબરીયા અને શિક્ષણ મંત્રીશ્રી ડો કુબેરભાઈ ડીંડોરે ૧૫ એમ્બ્યુલન્સને લીલી ઝંડી આપી



। મહીસાગર, તા.૬ ।

મહીસાગર જિલ્લા સેવા સદન ખાતે આરોગ્યની વિશેષ સવલતો સુદ્રઢ કરવા અર્થે ૧૫ માં નાણા પંચ યોજના, ૧૫% વિવેકાધીન યોજના (જનરલ), ૫૦ વિકાસશીલ તાલુકા જોગવાઈ, એ.ટી.વી.ટી. યોજના હેઠળ કુલ ૧૫૨.૫ લાખ રૂપિયાના બજેટમાં કુલ ૧૫ એમ્બ્યુલન્સનું મહિલા અને બાળ કલ્યાણ તેમજ સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ મંત્રીશ્રી શ્રીમતી ભાનુબેન બાબરીયા અને આદિજાતિ વિકાસ, પ્રાથમિક, માધ્યમિક અને પ્રોઢ શિક્ષણ મંત્રીશ્રી ડો. કુબેરભાઈ ડિંડોર ઉપસ્થિતિમાં લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતું.

આ પ્રસંગે આદિજાતિ વિકાસ, પ્રાથમિક, માધ્યમિક અને પ્રોઢ શિક્ષણ મંત્રીશ્રી ડો. કુબેરભાઈ ડિંડોર એ જણાવ્યું હતું કે, મહીસાગર જિલ્લામાં આરોગ્યને વધુ ઉત્કૃષ્ટ બનાવવા માટે મહીસાગર જિલ્લાના તમામ તાલુકામાં ૧૫ નવી એમ્બ્યુલન્સની ફાળવણી કરવામાં આવી આ નવી એમ્બ્યુલન્સ મળવાથી આજુબાજુના વિસ્તારના ગામલોકોની આરોગ્યની સુવિધામાં વધારો થશે

આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખશ્રી બાબુભાઈ પટેલ, પંચમહાલ સાંસદશ્રી રતનસિંહ રાઠોડ, ધારાસભ્યશ્રી માનસિંહ ચૌહાણ, કલેકટરશ્રી મહિસાગર ભાવિન પંડયા, જિલ્લા વિકાસ અધિકારીશ્રી ચંદ્રકાંત પટેલ, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ઉપસ્થિત રહી ૧૫ જેટલી એમ્બ્યુલન્સ લીલી ઝંડી આપી હતી.

# મંત્રીશ્રી શ્રીમતી ભાનુબેન બાબરિયા દ્વારા મહીસાગર ખાતે રૂ.૨૧૧ લાખના ખર્ચે ૩૦ જેટલા નંદઘરનું ઈ લોકાર્પણ અને ઈ ભૂમિપૂજન

। મહીસાગર, તા.૬ ।

મહિલા અને બાળ વિકાસ વિભાગ, ગુજરાત સરકાર દ્વારા વડોદરા ઝોનમાં સમાવિષ્ટ ૭ જિલ્લા તેમજ ૧ મહાનગ પાલિકા ની કુલ ૧૩૩૭૩ આંગણવાડી કેન્દ્રોની કાર્યકર અને તેડાગર બેહનોને ગણવેશ વિતરણ, વિભાગના વિવિધ પ્રકલ્પોના વિમોચન/ અનાવરણ તેમજ વિભાગના વિવિધ લાભાર્થીને સહાય વિતરણ તથા લાભાર્થીઓનું બહુમાન અને શ્રી અન્ન (મિલેટ) વાનગી સ્પર્ધા-૨૦૨૩ના વિજેતાને ઈનામ વિતરણ



કાર્યક્રમ મહિલા અને બાળ કલ્યાણ તેમજ સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ મંત્રી શ્રીમતી ભાનુબેન બાબરીયા અધ્યક્ષ સ્થાને અને આદિજાતિ વિકાસ, પ્રાથમિક, માધ્યમિક અને પ્રોઢ શિક્ષણ મંત્રીશ્રી ડો. કુબેરભાઈ ડિંડોરની પ્રેરક ઉપસ્થિતિમાં યોજાયો. મહિલા અને બાળ કલ્યાણ તેમજ સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ મંત્રી શ્રીમતી ભાનુબેન બાબરીયા અને આદિજાતિ વિકાસ, પ્રાથમિક, માધ્યમિક અને પ્રોઢ શિક્ષણ મંત્રીશ્રી ડો. કુબેરભાઈ ડિંડોર હસ્તે મહીસાગર જિલ્લાના બેતાલીસ પાટીદાર સમાજ ઘર, લુણાવાડા ખાતે રૂ. ૨૧૧.૦૦ લાખના ખર્ચે ૨૭ આંગણવાડી કેન્દ્ર "નંદઘર"નું "ઈ-લોકાર્પણ તથા ૩ આંગણવાડી કેન્દ્ર "નંદઘર"નું "ઈ-ભૂમિપૂજન" કરવામાં આવ્યું. આ પ્રસંગે મહિલા અને બાળ કલ્યાણ તેમજ સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ મંત્રી શ્રીમતી ભાનુબેન બાબરીયા એ જણાવ્યું હતું કે, પ્રધાનમનત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી રાજ્યના મુખ્યમંત્રી હતા ત્યારે, બાળકી, દીકરી અને મહિલાને શિક્ષણ અને આરોગ્ય થકી સશક્ત બનાવી મજૂબત સમાજ અને રાષ્ટ્ર નિર્માણમાં સહભાગી બનાવવા અનેક યોજનાઓ અમલી બનાવી હતી.

# કાંકરેજ તાલુકામાં લાયસન્સ વગર ફટાકડા દારૂખાનાની ધમધમતી જાહેરમાં હાટડીઓ

। યશપાલસિંહ ટી. વાઘેલા થરા, તા.૬ ।

દિવાળી નવા વર્ષના તહેવારો લોકો શાંતિ કોઇ પણ પ્રકારની દહેશત વગર ઉજવી શકે તે માટે સરકાર દ્વારા જે તે વિસ્તારના જવાબદાર અધિકારીઓ કર્મચારીઓને સુચના આપી સતર્ક રહેવા જણાવવામાં આવે છે. રાજ્યમાં દિન પ્રતિદિન અપમૃત્યુના બનાવો વધી રહ્યા છે. બેરોજગાર યુવાનો વ્યસનો અને અન્ય રવાડે ચડી રહયું છે તો બીજી બાજુ ભેળસેળયુક્ત ખાદ્ય પદાર્થો ઘી, તેલ દૂધ મીઠાઈઓ ફરસાણ વેચાય છતાં સરકાર દ્વારા ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ અને અન્ય જવાબદાર અધિકારીઓ કર્મચારીઓ હપ્તા રાજમાં લપેટાઈ લોકોના આરોગ્ય સાથે ખુલ્લે આમ ચેડાં કરી રહયા છે. કાંકરેજ તાલુકામાં છેલ્લા કેટલાક સમયથી વિસ્ફોટક દારુખાના ફટાકડાની નાની



મોટી હાટડીઓ લાયસન્સ કે કોઈજાતના નીતિ નિયમોનું પાલન કર્યા વગર ચાલી રહી છે તો તંત્ર મુકસેવક બની તમાશો જોઈ રહયું છે.આ ફટાકડા દારૂખાનાની લારી કે હાટડીમાં એક ચિનગારી પડે તો મોટી જાનહાની થઈ શકે છે. કાંકરેજ મામલતદાર કે પોલીસ અધિકારીઓથી આ હાટડીઓ લાયસન્સ નિતિ નિયમો પાલન થાય છેઃ તેવી સામાન્ય તપાસ કરશે. થરા નગરમાં એક બે વેપારી દિવાળી પહેલા બે પાંચ કરોડ રૂપિયાનો ફટાકડા દારૂખાનાનો જથ્થો ઠાલવી તાલુકામાં નાના વેપારીઓને મોડી રાત સુધી વેચે છે તેનાથી તંત્રના સાહેબો અજાણ છે.આ વિસ્ફોટકો અકસ્માતે લોકોના જાનમાલને નુકસાન કરશે ત્યારે મગરના આંસુ સારવા નેતા ઓ અધિકારીઓ દોડશે? કાંકરેજ એમ એલ એ દારૂ સાથે દારુખાનાની રજુઆત કેમ ન કરી?

# આજનું રાશિ ભવિષ્ય.....



**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે તમારા સ્વાસ્થ્યમાં સુધારો લાવે એવી બાબતો પર કામ કરવા માટે લાભદાયક દિવસ. આજે તમને કોઈ અજાણ્યા સ્રોત્ર થી ધન લાભ થયી શકે છે જેના લીધે તમારી ઘણી આર્થિક મુશ્કેલીઓ દૂર થયી જશે. મિત્રો તથા પરિવારના સભ્યો તમને મદદ અને પ્રેમ પૂરો પાડશે. આજે તમે જો થોડો પ્રેમ વહેંચશો તો, તમારૂં પ્રિયપાત્ર તમારી માટે દેવદૂત બની જશે.



**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે છેલ્લા થોડા સમયથી તમારામાંના જે લોકો ઑવરટાઈમ કામ કરી રહ્યા છે- તેઓ આજે તાણ અને દુવિધા આ બે બાબતો નહીં ઈચ્છે. તમારી કોઈ જૂની બીમારી તમને આજ હેરાન કરી શકે છે જેના લીધે તમને હોસ્પિટલ જવું પડી શકે છે અને તમારું ઘણું ધન પણ ખર્ચ થયી શકે છે. તમને જેના પર વિશ્વાસ છે તે કદાચ તમને આખું સત્ય નથી જણાવી રહ્યા.



**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે વ્યસ્તતા છતાં સ્વાસ્થ્ય સારૂં રહેશે. આજે તમે સારૂં એવું ધન કમાશો-પણ ખર્ચમાં વધારાને કારણે બચત કરવામાં તમને મુશ્કેલી પડશે. ઘર ના કોઈપણ સભ્ય ના વર્તન ને કારણે તમે પરેશાન થઈ શકો છો. તમારે તેમની સાથે વાત કરવા ની જરૂર છે. તમારા જીવનસાથી પ્રત્યે તમારૂં બેદરકારીભર્યું ધ્યાન ઘરમાં તાણભરી ક્ષણો લાવી શકે છે. સાહસિક લોકો સાથે ભાગીદારીમાં આગળ વધો.



**કર્ક (ડ,હ) :**

આજના દિવસે દોડધામભર્યો દિવસ હોવા છતાં સારો દિવસ. તમે જો બધું જ બરાબર કરશો તો આજે તમે વધારાના નાણાં કમાઈ શકશો. પરિવારમાં કોઈ મહિલા સભ્યની તબિયત ચિંતાનું કારણ બનશે. તમારા પ્રિયપાત્રને આજે આખો દિવસ તમારી ગેરહાજરી ખૂબ જ ખટકશે. એકાદ સરપ્રાઈઝનું આયોજન કરો અને આજના દિવસને તમારા જીવનનો સૌથી સુંદર દિવસ બનાવો.



**સિંહ (મ,ટ) :**

આજના દિવસે આજે તમે નિરાંત અનુભવશો તથા મોજ-મજા માટે યોગ્ય મૂડમાં હશો. અણધાર્યા બિલ આર્થિક બોજો વધારશે. કોઈક તમને નુકસાન પહોંચાડવાની કોશિષ કરશે-કેટલીક મજબૂત શક્તિઓ તમારી વિરૂદ્ધ કામ કરી રહી છે-ઘર્ષણ થાય તેવી પ્રવૃત્તિઓ તમારે ટાળવી જોઈએ-તમે જો ખરેખર મામલાને અંજામ જ આપવ માગતા હો તો સમજાવટથી મામલો પતાવવો એ જ શ્રેષ્ઠ વિકલ્પ છે.



**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે તમારી જાતને આજે તમે સામાન્યપણે તમે હો છો એના કરતાં ઓછા ઊર્જાવાન મહેસૂસ કરશો-વધારાના કામ દ્વારા તમારી જાત પર વધુ બોજો ન નાખતા-થોડોક આરામ કરો તથા તમારી એપોઈન્ટમેન્ટ બીજા કોઈ દિવસ માટે રાખો. જીવન ના ખરાબ તબક્કા માં પૈસા તમારા કામ આવશે તેથી આજ થીજ પોતાના પૈસા બચત કરવા ના વિષે વિચારો નહિ તો તમને તકલીફો આવી શકે છે.



**તુલા (ર,ત) :**

આજના દિવસે તમે નવરાશની લહેજત માણવાના છો. એક નવો આર્થિક સોદો પાર પડશે અને નાણાંનો નવો ધોધ વહેતો થશે. તમારી વધારાની ઊર્જા તથા અસાધારણ ઉત્સાહ તમારી તરફેણમાં પરિણામો લાવશે તથા ઘરના મોરચે રહેલું ટૅન્શન હળવું કરશે. ભૌતિક અસ્તિત્વનું હવે કોઈ મહત્વ નથી, કેમ કે તમે એકમેકને એકબીજાના પ્રેમમાં જ અનુભવો છો. આજે તમે તમારા પ્રયપાત્રના હૃદયના ધહકારા સાથે સાથે મિલાવશો.



**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે અન્યો સાથે ખુશી વહેંચવાથી તમારા સ્વાસ્થ્યમાં સુધારો થશે. ધન નું આવાગમન આજ ના સંપૂર્ણ દિવસ રહેશે અને સાંજ થતા તમે અમુક ધન બચાવી શકશો? સંબંધો સાથે જોડાણો અને બંધનો તાજાં કરવાનો દિવસ. પ્રેમીઓ પારિવારિક લાગણીઓ પ્રત્યે ખૂબ જ વિચારશીલ બનશે. પ્રસ્થાપિત લોકો સાથે તથા એવા લોકો જેઓ તમને ભાવિ પ્રવાહો વિશે માહિતગાર કરાવી શકે છે.



**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે હૃદયરોગના દર્દીઓ માટે કૉફી છોડવાનો આ યોગ્ય સમય છે. તેનો હજી વધુ ઉપયોદ હૃદય પર બિનજરૂરી દબાણ વધારશે. આજે કોઈ વિપરીત લિંગી ની મદદ થી તમને નોકરી અથવા વેપાર માં આર્થિક લાભ થવા ની શક્યતા છે. તમારી વધારાની ઊર્જા તથા અસાધારણ ઉત્સાહ તમારી તરફેણમાં પરિણામો લાવશે તથા ઘરના મોરચે રહેલું ટૅન્શન હળવું કરશે. કામદેવના બાણથી બચવાની શક્યતા આજે ઓછી છે.



**મકર (ખ,જ) :**

આજના દિવસે તમારૂં મગજ સારી બાબતોને સ્વીકારશે. તમારા ઘરને લગતું રોકાણ ફાયદાકારક પુરવાર થશે. મહેમાનોની સંગત માણવા માટે અદભુત દિવસ. તમારા સગાં-સંબંધીઓ સાથે કોઈક ખાસ યોજના ઘડો. તેઓ પણ આ બાબતને ચોક્કસ જ બિરદાવશે. તમારા પ્રિયપાત્રના સોશિયલ-મિડિયા પરના છેલ્લાં કેટલાક દિવસોના સ્ટેટસ ચેક કરો, તમને એક સુંદર આશ્ચયર્ય મળશે.



**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે ગરદન -કમરમાં સતત દુખાવાથી તમે પીડાવ એવી શક્યતા છે. જો આ દુખાવા સાથે તમે સામાન્ય નબળાઈ પણ અનુભવતા હો તો તેની અવગણના કરશો નહીં. આજે આરામ મહત્વનો પુરવાર થશે. તમે જો રૂઢિગત રીતે રોકાણ કરશો તો તમે સારૂં એવું ધન કમાઈ શકશો. ઘરના દેખાવને સુધરવા માટે ઘરની આસપાસ નવા ફેરફાર હાથ ધરશો.



**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે આજે ખાસ દિવસ છે કેમ કે સારૂં સ્વાસ્થ્ય તમને કશુંક અસાધારણ કરવાની ક્ષમતા આપશે. દિવસના ઉત્તરાર્ધમાં આર્થિક સ્થિતિ સુધરશે. તમારી જીભ પર કાબૂ રાખો કેમ કે તમારા શબ્દોથી તમારા વડીલોની લાગણી દુભાઈ શકે છે. બકવાસ કરીને સમય વેડફવા કરતાં શાંત રહેવું વધુ સારૂં છે. યાદ રાખો આપણે અર્થપૂર્ણ પ્રવૃત્તિઓ દ્વારા જ આપણા જીવનને અર્થસભર બનાવીએ છીએ.

## ન્યુઝ બોક્ષ

### રેલવે બ્રિજ પર બેકાબૂ બસ રેલવે ટ્રેક પર પટકાતાં ૪ લોકોનાં મોત

। દૌસા, તા.૬।

રાજસ્થાનથી એક ભીષણ અકસ્માતના અહેવાલ મળી રહ્યાં છે. અહીં દૌસા કલેક્ટ્રી સર્કલ નજીક રેલવે બ્રિજ પર એક બસ બેકાબૂ થઈ જતાં રેલવે ટ્રેક પર પટકાઈ હતી. આ અકસ્માતમાં ચાર લોકો મૃત્યુ પામી ગયા હતા. જોકે અનેક ઘાયલોને હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. દૌસાના એડીએમ રાજકુમાર કસ્વાએ કહ્યું કે દુર્ઘટના બાદ ૨૮ લોકોને હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા જેમાં ચાર મૃતકો પણ સામેલ હતા. ડૉક્ટરો યુદ્ધના ધોરણે બચાવ કામગીરી કરી રહ્યા છે. એસડીએમને પણ ઘટનાસ્થળે તપાસ માટે રવાના કરાયા હતા. દુર્ઘટના બાદ ડીએમ સહિત અનેક મોટા અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. આ દુર્ઘટના નેશનલ હાઈવે નંબર ૨૧ પર સર્જાઈ હતી. જોકે અકસ્માતને લીધે ટ્રેનોની અવર-જવર બંધ થઈ ગઈ હતી. માહિતી અનુસાર એક મુસાફર બસ બ્રિજની રેલિંગ તોડી નીચે રેલવે ટ્રેક પર પટકાઈ હતી.

### મધ્યમ રેન્જના બેલેસ્ટિક મિસાઈલ્સ તૈનાત કરવા તૈયારી

। નવી દિલ્હી, તા.૬ ।

ભારતના પૂર્વ ચીફ ઑફ ડિફેન્સ સ્ટાફ (સીડીએસ) જનરલ બિપિન રાવતની યોજનાને આગળ વધારતા ભારતીય સૈન્યની રોકેટ ફોર્સને વધુ મજબૂત બનાવવા પર કામ શરૂ થઈ ગયું છે. તેના માટે મધ્યમ રેન્જની બેલેસ્ટિક મિસાઈલોને તૈનાત કરવાની તૈયારી કરવામાં આવી રહી છે. ભારતીય સૈન્ય રોકેટ ફોર્સના ભાગ રૂપે લગભગ ૧,૫૦૦ કિલોમીટરની રેન્જ સાથે ટૂંકા અંતરની બેલેસ્ટિક મિસાઈલો તૈનાત કરવાની યોજના બનાવી રહી છે. સંરક્ષણ મંત્રાલય સાથે જોડાયેલા સૂત્રોએ જણાવ્યું હતું કે રોકેટ ફોર્સ બનાવવાની દિશામાં પ્રયાસો તેજ કરવામાં આવ્યા છે. સંરક્ષણ મંત્રાલયે પ્રલય બેલેસ્ટિક મિસાઈલ ખરીદવાના પ્રસ્તાવને પહેલા જ મંજૂરી આપી દીધી છે અને હવે મધ્યમ રેન્જની બેલેસ્ટિક મિસાઈલોને સામેલ કરવા પર પણ વિચાર કરવામાં આવી રહ્યો છે. માહિતી અનુસાર સૈન્યને પરંપરાગત ભૂમિકામાં ઉપયોગ માટે બેલેસ્ટિક મિસાઈલોના હાલના કાફલામાંથી કોઈ અન્યનીપસંદ કરવાનો મોકો મળી શકે છે. સેના તેની મિડિયમ રેન્જ ફાયરપાવરને મજબૂત કરવા માટે રોકેટ ફોર્સ બનાવી રહી છે. પાકિસ્તાન અને ચીન બંને પાસે આ ક્ષમતા છે હવે પ્રલય મિસાઈલોનું મોટાપાયે ઉત્પાદન કરવામાં આવશે અને ભવિષ્યમાં ઓપરેશનલ સેવા માટે તૈયાર કરવાની અપેક્ષા છે. રોકેટ ફોર્સ પ્રોજેક્ટ વ્યૂહાત્મક રોકેટ ફોર્સ વિકસાવવાના આર્મીના પ્રયાસોને વેગ આપશે.

### સંરક્ષણ ક્ષેત્રમાં ક્યારેય ૧૦૦% એફડીઆઈને મંજૂરી આપવામાં આવી ન હતી

# Saab FFV India વિદેશી કંપની ભારતમાં રોકેટ બનાવશે

**ભારતમાં સાબની રોકેટ સુવિધા હરિયાણા રાજ્યમાં બની શકે છે, સાબની વેબસાઇટ પર એવું કહેવામાં આવ્યું છે કે તેની ભારતીય સુવિધામાં ઉત્પાદન આવતા વર્ષથી શરૂ થઈ શકે છે**

। નવી દિલ્હી, તા.૬ ।

ભારતમાં સંરક્ષણ ઉત્પાદનને તાજેતરમાં મોટું પ્રોત્સાહન મળ્યું છે. પહેલીવાર સરકારે સંરક્ષણ ક્ષેત્રમાં ૧૦૦% FDIના પ્રસ્તાવને મંજૂરી આપી છે. આ FDI પ્રસ્તાવ ભારતમાં જ રોકેટના ઉત્પાદન સાથે સંબંધિત છે. મતલબ કે પ્રપોઝલ કરનારી પ્રખ્યાત વિદેશી ડિફેન્સ કંપની ટૂંક સમયમાં મેડ-ઈન-ઈન્ડિયા રોકેટ બનાવવા જઈ રહી છે. અહેવાલ મુજબ, સરકારે જે પ્રસ્તાવને મંજૂરી આપી છે તે સ્વીડિશ કંપની સાબની છે. સાબે રોકેટ મેન્યુફેક્ચરિંગ ફેસિલિટી સ્થાપવા માટે FDIનો આ પ્રસ્તાવ આપ્યો છે. આ માટે Saab FFV India નામની નવી કંપની રજીસ્ટર કરવામાં આવી છે. કંપની ભારતમાં કાર્લ-ગુસ્તાફ





૨૪ સિસ્ટમ રોકેટની નવી પેઢીનું ઉત્પાદન કરવા જઈ રહી છે. આ FDI દરખાસ્તનું મૂલ્ય ૫૦૦ કરોડ રૂપિયાથી ઓછું હોવાનું કહેવાય છે. સાબ હાલમાં માત્ર સ્વીડનમાં કાર્લ-ગુસ્તાફ એમ૪ સિસ્ટમનું ઉત્પાદન કરે છે. ભારતીય સેના પહેલાથી જ આ રોકેટનો ઉપયોગ કરી રહી છે. ભારત સિવાય અમેરિકા અને યુરોપના ઘણા દેશો પણ આ રોકેટનો ઉપયોગ કરે છે. અહેવાલ મુજબ ભારતમાં સાબની રોકેટ સુવિધા હરિયાણા રાજ્યમાં બની શકે છે. સાબની વેબસાઈટ પર એવું કહેવામાં આવ્યું છે કે તેની ભારતીય સુવિધામાં ઉત્પાદન આવતા વર્ષથી શરૂ થઈ શકે છે. ભારતીય સેના દાયકાઓથી સાબ રોકેટનો ઉપયોગ કરી રહી છે. કાર્લ-ગુસ્તાફ સિસ્ટમ માટેનો પ્રથમ કરાર ૧૯૭૬માં ભારતીય સેના અને સાબ વચ્ચે થયો હતો. આ એફડીઆઈ પ્રસ્તાવ પહેલા, સાબ ભારતીય કંપનીઓ મ્યુનિશન્સ ઈન્ડિયા લિમિટેડ અને એડવાન્સ્ડ વેપન્સ એન્ડ ઈક્વિપમેન્ટ ઈન્ડિયા લિમિટેડ સાથે મળીને ભારતીય સેના માટે શસ્ત્રો અને શસ્ત્રોનું ઉત્પાદન કરતા હતા. સંરક્ષણ ક્ષેત્રમાં ૧૦૦% એફડીઆઈની દરખાસ્તને મંજૂરી આપવામાં આવી હોય તેવો આ પહેલો કિસ્સો હશે.

### ૨૦૧૮ના જમ્મુ આર્મી કેમ્પ પર હુમલાના માસ્ટર માઈન્ડ

## આતંકી ખ્વાજા શાહિદની માથું કાપેલી હાલતમાં લાશ મળી

। નવી દિલ્હી, તા.૬ ।

તાજેતરમાં ભારતના અનેક દુશ્મનોના શંકાસ્પદ પરિસ્થિતિઓમાં મોત થઈ રહ્યા છે. ત્યારે હવે એવી માહિતી મળી રહી છે કે, વર્ષ ૨૦૧૮માં જમ્મુમાં આર્મી કેમ્પ પર કરવામાં આવેલા હુમલાનો માસ્ટરમાઈન્ડ પીઓકેમાં તેમના ઘરમાં મૃત હાલતમાં મળી આવ્યો છે. મૃતકની ઓળખ ખ્વાજા શાહિદ તરીકે થઈ છે. પ્રાપ્ત માહિતી પ્રમાણે ખ્વાજા શાહિદનું માથુ કાપેલી હાલતમાં લાશ મળી આવી છે. થોડા દિવસો પહેલા ખ્વાજા શાહિદનું અપહરણ કરી લેવામાં આવ્યુ હતું. ખ્વાજા શાહિદ આતંકવાદી લશ્કર-એ-તૈયબાનો કમાન્ડર હતો અને તે ૨૦૧૮માં જમ્મુના સુંજવાનમાં આર્મી કેમ્પ પર હુમલાનો માસ્ટરમાઈન્ડ હતો. આ હુમલામાં આતંકવાદીઓએ આર્મી કેમ્પ પર એકે-૪૭ રાઈફલ અને ગ્રેનેડથી હુમલો કર્યો હતો જેમાં સેનાના ૬ જવાનો શહીદ થઈ ગયા હતા. ખ્વાજા શાહિદ ઉર્ફે મિયાં મુજાહિદ પાકિસ્તાન અધિકૃત કાશ્મીરમાં નીલમ ઘાટીનો રહેવાસી હતો. ખ્વાજા શાહિદનું તાજેતરમાં અજાણ્યા બંદૂકધારીઓએ અપહરણ કરી લીધુ હતું અને ત્યારબાદ ખ્વાજા શાહિદ વિશે કોઈ માહિતી નહોતી મળી.

### બીએસએફે સરહદે મધપૂડા લગાવવાનું હવે શરૂ કર્યું

। નવી દિલ્હી, તા.૬ ।

ભારત-બાંગ્લાદેશ સરહદે દાણચોરી સહિત અન્ય ગુનાખોરીને રોકવા માટે એક નવી રીત અપનાવવાની તૈયારી કરવામાં આવી રહી છે. બોર્ડર સિક્યોરિટી ફોર્સ (બીએસએફ) ના જવાનોએ સરહદે મધમાખીઓના મધપુડા લગાવવાનું શરૂ કરી દીધું છે. વરિષ્ઠ અધિકારીઓએ આપેલી માહિતી અનુસાર આ પ્રકારની પ્રથમ યોજના નાદિયા જિલ્લાના સરહદી વિસ્તારમાં શરૂ કરાઈ છે. આ અનોખા પ્રયોગની મદદથી સરહદે સુરક્ષા સુનિશ્ચિત કરવાનો પ્રયાસ કરાશે.

### ઈઝરાયેલ-હમાસ યુદ્ધ વચ્ચે પાક.નો હમાસ પ્રેમ ઊભરાયો

# હમાસના નેતાનો કાશ્મીર મુદ્દે પણ નિશાન તાકવાના પ્રયાસ

**જેયુઆઈ-એફના પ્રમુખે કતારમાં હમાસના સર્વોચ્ચ લીડર ઈસ્માઈલ હનાયા-ખાલિદ મશાલ સાથે મુલાકાત કરી**

। કરાચી, તા.૬ ।

ઈઝરાયલ અને હમાસ વચ્ચે જારી યુદ્ધ વચ્ચે પાકિસ્તાનને હમાસ પ્રેમ ઉભરી આવ્યો. પાકિસ્તાનની ધાર્મિક પાર્ટી જમિયત ઉલેમા એ ઈસ્લામ પાકિસ્તાન (જેયુઆઈ-એફ) ના પ્રમુખ મૌલવી ફઝલ ઉર રહેમાને કતારમાં આતંકી સંગઠન હમાસના સર્વોચ્ચ લીડર ઈસ્માઈલ હનાયા અને ખાલિદ મશાલ સાથે મુલાકાત કરી હતી.

જેયુઆઈ-એફએ એક નિવેદનમાં જણાવ્યું કે ફઝલ ઉર રહેમાને ગાઝાના લોકો સાથે એકજૂટતા બતાવી હતી. આ ઉપરાંત હમાસના નેતાએ કાશ્મીર મુદ્દે પણ નિશાન તાકવાનો પ્રયાસ કર્યો હતો. હમાસના નેતાએ કહ્યું કે પેલેસ્ટાઈન અને કાશ્મીરમાં અન્યાય એ દેશોના ચહેરા પર એક તમાચો છે જે માનવાધિકારોના ઉલ્લંઘન માટે બીજા દેશોની ટીકા કરે છે.

અહેવાલ અનુસાર જેયુઆઈ-એફના પ્રમુખ શનિવારે કતાર પહોંચ્યા હતા. ગાઝાના સ્વાસ્થ્ય મંત્રાલયે કહ્યું કે બંને નેતાઓ વચ્ચે મુલાકાત એવા સમયે થઈ હતી જ્યારે ઈઝરાયલી ફાઈટર જેટ સતત ગાઝા પટ્ટી પર હવાઈ હુમલા કરી રહ્યા છે. ૭ ઓક્ટોબરથી આ યુદ્ધમાં અત્યાર સુધીમાં ૪૮૦૦થી વધુ બાળકો સહિત આશરે ૧૦ હજારથી વધુ લોકો મૃત્યુ પામી ચૂક્યા છે.

જેયુઆઈ-એફપ્રમુખ મૌલવી ફઝલ ઉર રહેમાને હમાસના નેતા સાથે વાતચીત દરમિયાન વિકસિત દેશોને ગાઝાની વર્તમાન સ્થિતિ માટે જવાબદાર ઠેરવ્યા હતા. તેમણે કહ્યું કે વિકસિત દેશોના હાથ ગાઝાના નિર્દોષ બાળકો અને મહિલાઓના લોહીથી રંગાયેલા છે. પેલેસ્ટાઈન ન ફક્ત પોતાની જમીન માટે લડી રહ્યું છે પણ મુસ્લિમ ઉમ્મત તરફથી પ્રથમ કાબાની આઝાદી માટે લડીને પોતાની ફરજનું પાલન કરી રહ્યું છે.

### ઈઝરાયેલ-હમાસ યુદ્ધને મહિનો પૂરો થવા આવ્યો

# તુર્કીમાં પેલેસ્ટાઈન સમર્થકોએ અમેરિકાના એરબેઝને ઘેર્યું

**તૂર્કીયેની પોલીસે મોરચો સંભાળતાં દેખાવકારોને વેરવિખેર કરી નાખવા માટે ટીયરગેસનો મારો ચલાવ્યો**

। તુર્કી, તા.૬ ।

ઈઝરાયલ અને હમાસ વચ્ચે જારી યુદ્ધને લગભગ મહિનો પૂરો થવા આવ્યો છે ત્યારે દુનિયાભરમાં આ યુદ્ધના વિરોધમાં દેખાવો થઈ રહ્યા છે. અમેરિકા દ્વારા ઈઝરાયલને સમર્થન આપવામાં આવતા ત્યાં પણ જોરદાર વિરોધ થઈ રહ્યો છે. દરમિયાન ગાઝા અંગે શાંતિ મંત્રણા કરવા અમેરિકી વિદેશમંત્રી એન્ટી બ્લિંકન તૂર્કીયે પહોંચે તે પહેલાં જ રવિવારે પેલેસ્ટાઈનના સમર્થકોએ એક મોટી રેલી યોજીને અમેરિકી સૈનિકોના નિવાસ ધરાવતા એરપોર્ટ પર જ હુમલો કરી દીધો હતો. આ પહેલા રશિયામાં પણ એક એરપોર્ટને પેલેસ્ટાઈનના સમર્થકોએ ઘેરી લઈને યહૂદીઓની શોધખોળ ચાલુ કરી હતી ભારે ઉત્પાત મચાવ્યો હતો. તૂર્કીયેની પોલીસે મોરચો સંભાળતાં દેખાવકારોને વેરવિખેર કરી નાખવા માટે ટીયરગેસનો મારો ચલાવ્યો અને પાણીનો તોપમારો કરી દેખાવકારોને ભગાડ્યા હતા. તૂર્કીયે ગાઝામાં માનવીય સંકટ બદતર થવાને કારણે ઈઝરાયલની આકરી ટીકા કરી રહ્યું છે.

# સેન્સેક્સમાં ૫૯૫ અને નિફ્ટીમાં ૧૮૧ પોઈન્ટનો વધારો નોંધાયો

। મુંબઈ, તા.૬ ।

ભારતીય શેર બજારમાં આજે શાનદાર તેજીનો માહોલ જોવા મળ્યો હતો, આજે ખુલતા માર્કેટની સાથે જ તમામ ઈન્ડેક્સ તેજી સાથે ખુલ્યા અને કારોબારી દિવસના અંતે તેજી સાથે બંધ થયા હતા. કારોબારી દિવસના અંતે આજે બીએસઇ ઈન્ડેક્સ સેન્સેક્સ ૦.૯૨ ટકા ચઢીને ૫૯૪.૯૧ પૉઈન્ટ ઉછળ્યો હતો, અને ૬૪,૯૫૮.૬૯ના સ્તરે બંધ રહ્યો હતો. તો વળી, નિફ્ટીમાં પણ તેજી જોવા મળી હતી. કારોબારી દિવસના અંતે એનએસઇ ઈન્ડેક્સ નિફ્ટી ૦.૯૪ ટકાના વધારા સાથે ૧૮૧.૧૫ પૉઈન્ટ અપ રહ્યો અને ૧૯,૪૧૧.૭૫ના સ્તરે બંધ રહ્યો હતો. ઓવરઓલ ભારતીય શેર માર્કેટમાં આજે તેજીનો માહોલ જોવા મળ્યો હતો. આ સપ્તાહના અંતે ધનતેરસ અને દિવાળીનો તહેવાર છે. આજે આ તહેવારોના સપ્તાહની બજારમાં શાનદાર શરૂઆત થઈ છે. રોકાણકારોની જોરદાર ખરીદીને કારણે ભારતીય શેરબજારમાં અદભૂત ઉછાળો જોવા મળ્યો છે અને સેન્સેક્સ ૬૦૦ પોઈન્ટના ઉછાળા સાથે બંધ થયો છે. બજારમાં આ વધારો બેંકિંગ, એનર્જી અને આઈટી શેરોમાં ખરીદીને કારણે થયો હતો. આજના કારોબારના અંતે બીએસઈસેન્સેક્સ ૫૯૫ પોઈન્ટના ઉછાળા સાથે ૬૪,૯૫૯ પોઈન્ટની સપાટીએ બંધ રહ્યો હતો જ્યારે નેશનલ સ્ટોક એક્સચેન્જનો નિફ્ટી ૧૮૧ પોઈન્ટના ઉછાળા સાથે ૧૯,૪૧૨ પોઈન્ટની સપાટીએ બંધ રહ્યો હતો. આજના કારોબારમાં બેંકિંગ શેરોમાં ખરીદીને કારણે બેંક નિફ્ટી ૩૦૧ પોઈન્ટના ઉછાળા સાથે ૪૩,૬૧૯ પોઈન્ટ પર બંધ થયો હતો. આજના કારોબારમાં ઓટો, આઈટી, ફાર્મા, એફએમસીજી, મેટલ્સ, એનર્જી, ઈન્ફ્રા, હેલ્થકેર, ઓઈલ એન્ડ ગેસ સેક્ટરના ઈન્ડેક્સ ઉછાળા સાથે બંધ થયા છે. જ્યારે આજના કારોબારમાં માત્ર પીએસયુબેંકોના શેરોના ઈન્ડેક્સ અને કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ શેરોના ઈન્ડેક્સ લાલ નિશાનમાં બંધ થયા હતા. આજના કારોબારમાં મિડ-કેપ અને સ્મોલ-કેપ શેરોમાં ખરીદીને કારણે ઈન્ડેક્સ ફરીથી વધારા સાથે બંધ થયો. સેન્સેક્સના ૩૦ શેરોમાંથી ૨૬ શેર ઉછાળા સાથે અને ૪ નુકસાન સાથે બંધ થયા હતા. જ્યારે નિફ્ટીના ૫૦ શૅર્સમાંથી ૪૪ શૅર ઉછાળા સાથે અને ૬ ઘટાડાની સાથે બંધ થયા હતા.

## વિશેષ

**રાજ્યમાં ૩,૦૧૪ તલાટી કમ મંત્રી સહિત ૪,૧૫૯ નવ નિયુક્ત યુવા કર્મીઓને નિમણૂંક પત્ર એનાયતનો ગૌરવશાળી સમારોહ ગાંધીનગરમાં સંપન્ન**

# નાનામાં નાના-છેવાડાના માનવીને વિકાસની મુખ્ય ધારામાં લાવવાના વડાપ્રધાન નરેન્દ્રના સંકલ્પ ના સંવાહક બનવા નવનિયુક્ત પંચાયત કર્મીઓને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનું પ્રેરક આહવાન

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્ય સરકારમાં નવી નિમણૂંક મેળવી રહેલા ૪,૧૫૯ જેટલા યુવાઓને નાનામાં નાના-છેવાડાના માનવીને વિકાસની મુખ્ય ધારામાં લાવવાના સંવાહક બનવા પ્રેરક આહવાન કર્યું છે. આ સંદર્ભમાં મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આરોગ્ય, શિક્ષણ સહિત સમાજ કલ્યાણની દરેક યોજનાઓથી છેવાડાના માનવી અને જરૂરત મંદ લોકોને ૧૦૦ ટકા આવરી લેવાનાં આપેલા સેચ્યુરેશન પોઈન્ટના લક્ષ્યાંકને પાર પાડવાનું સેવા દાયિત્વ આ નવ યુવા કર્મીઓએ નિભાવવાનું છે. ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, GPSC તથા ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા આયોજિત સ્પર્ધાત્મક પરીક્ષા દ્વારા પસંદગી પામેલા ૩,૦૧૪ તલાટી કમ મંત્રી, ૯૯૮ જુનિયર ક્લાર્ક, ૭૨ નાયબ સેક્શન ઓફિસર, ૫૮ અંગ્રેજી સ્ટેનોગ્રાફર તથા ૧૭ હવાલદાર મળીને સમગ્રતયા ૪,૧૫૯ નવ યુવાઓને સરકારી સેવામાં નિમણૂંકના પત્રો મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં ગાંધીનગરમાં યોજાયેલા ગૌરવશાળી સમારોહમાં એનાયત કરવામાં આવ્યા હતા. મુખ્યમંત્રીશ્રીએ નવી નિમણૂંક મેળવી રહેલા આ યુવા કર્મીઓને દિપાવલી પર્વના પ્રારંભિક દિવસોમાં આ રોજગાર અવસર આર્થિક ઉજાસનો આધાર બન્યો છે તે માટે અભિનંદન પાઠવ્યા હતા. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે આ તકે સ્પષ્ટપણે જણાવ્યું કે, સરકારી નોકરી, પદ કે હોદ્દાને માત્ર આર્થિક લાભ કે આધાર તરીકે જોવાને બદલે જન સેવાની મળેલી તક તરીકે સ્વીકારીને કાર્યરત રહેવાથી અન્યનું ભલું કરવાનો, સારું કરવાનો ભાવ આપોઆપ ઉજાગર થશે. તેમણે





ઉમેર્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પારદર્શી અને અસરકારક કાર્યપ્રણાલી પ્રસ્થાપિત કરીને ગુડ ગવર્નન્સનું મોડેલ આપ્યું છે. ગુજરાતની આ ગુડ ગવર્નન્સ અગ્રેસરતાથી વિકાસની ગતિ વધુ સારી રીતે આગળ લઈ જવામાં પંચાયત સેવાના પાયાના કર્મચારી તરીકે નવનિયુક્ત કર્મયોગીઓની જવાબદારીઓ વિશેષ છે તેની ભૂમિકા મુખ્યમંત્રીશ્રીએ આપી હતી.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે નવી નિમણૂંક પામી રહેલા કર્મયોગીઓને જીવનમાં ઉત્તરોત્તર પ્રગતિ માટે ઊંચા લક્ષ્ય, નિષ્ઠા અને કર્તવ્ય પરાયણતાથી પ્રતિબદ્ધ રહેવાની શીખ આપતા કહ્યું કે, તમારા કામથી લોકો તમને યાદ કરવા જોઈએ. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈના નેતૃત્વમાં દેશ અમૃતકાળમાં પ્રવેશ્યો છે ત્યારે વિકસિત ભારત@૨૦૪૭ માટે વિકસિત ગુજરાતથી રાષ્ટ્ર નિર્માણ યાત્રાના સહયોગી બનવાની પ્રેરણા પણ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે યુવા નવનિયુક્ત કર્મીઓને આપી હતી. નવી નિમણૂંક મેળવી રહેલા કર્મયોગીઓને પ્રેરણા-માર્ગદર્શન આપતા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના શુભેચ્છા પત્રનો મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ઉલ્લેખ કરતાં કહ્યું કે, વિકાસ, સુશાસન અને શ્રેષ્ઠતાની ત્રિવેણીથી રાષ્ટ્ર અને રાજ્યની ગૌરવ-પ્રતિષ્ઠા સતત વધારવામાં આ યુવા શક્તિના ઉમંગ, જોશ અને નવી ચેતનાસભર વિચારો ઉપયુક્ત બનશે.

રાજ્ય અને પંચાયત સેવામાં નવનિયુક્ત થયેલા ઉમેદવારોને શુભેચ્છાઓ પાઠવતા પંચાયત રાજ્યમંત્રી શ્રી બચુભાઈ ખાબડે જણાવ્યું હતું કે, આઝાદીના અમૃતકાળમાં ગુજરાતની પંચાયત સેવાને વધુ સબળ, સુગમ અને મજબૂત બનાવવા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ સંપૂર્ણ ભરતી પ્રક્રિયાને પારદર્શિતા સાથે ખૂબ જ ટૂંકા ગાળામાં પૂર્ણ કરી આજે સૌને નિમણુંક પત્રો એનાયત કરવામાં આવ્યા છે. પસંદગી પામેલા સૌ ઉમેદવારો પાસે રાજ્ય સરકારમાં જોડાઈને નાગરિકોની સેવા કરવા માટેની જ્વલંત તક છે. ત્યારે નવનિયુક્ત કર્મયોગીઓ પણ સંપૂર્ણ નિષ્ઠા અને પારદર્શિતા સાથે કામ કરી રાજ્યના વિકાસમાં પોતાનો સહયોગ આપે, તેવો મંત્રીશ્રીએ સૌને અનુરોધ કર્યો હતો. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના દરેક ગામડાની ગ્રામ પંચાયતોને અદ્યતન બનાવવા જરૂરી તમામ સુવિધાઓ પૂરી પાડી છે. પરિણામે આજે ગ્રામ પંચાયતોમાં સચિવાલય જેટલી જ સુવિધા હોવાથી તેને ગ્રામ સચિવાલય પણ કહેવામાં આવે છે. આ ગ્રામ સચિવાલયમાં આપ સૌ કર્મયોગીઓની ભૂમિકા સૌથી મહત્વપૂર્ણ છે. મંત્રીશ્રીએ સૌનો ઉત્સાહવર્ધન કરતા કહ્યું હતું કે, કોઈ દિવસ નબળો વિચાર ન કરીએ, નબળું કામ ન કરીએ, જે પણ કામ કરીએ એ આજે જ કરીએ અને શ્રેષ્ઠ કરીએ તેમ તેમણે ઉમેર્યું હતું.

મંત્રી શ્રી ખાબડે વધુ ઉમેર્યું હતું કે, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના મક્કમ નેતૃત્વ હેઠળ રાજ્યમાં છેલ્લા એક વર્ષ દરમિયાન રાજ્ય સરકારની વિવિધ ૧૭ કેડરમાં ૧૩,૦૦૦ જેટલા કર્મયોગીઓની રાજ્ય સરકારમાં સીધી ભરતીથી નિમણૂંક કરવામાં આવી છે. ગુજરાતના ઈતિહાસમાં એક વર્ષ દરમિયાન આટલા મોટા પ્રમાણમાં પહેલી વાર ભરતી થઈ છે. મંત્રીશ્રીએ નવનિયુક્ત ઉમેદવારોને સંપૂર્ણ નિષ્ઠા સાથે કામ કરી, છેવાડાના નાગરિકો સુધી સરકારી સેવાના લાભ પહોંચાડવા અનુરોધ કરતા, દિવાળીના પાવન પર્વની શુભચ્છાઓ પણ પાઠવી હતી.

આ પ્રસંગે ગાંધીનગર (ઉત્તર)ના ધારાસભ્ય શ્રીમતી રીટાબેન પટેલ, ગાંધીનગર મહાનગર પાલિકાના મેયર શ્રી હિતેશ મકવાણા, ગાંધીનગર જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતી શિલ્પાબેન પટેલ, મુખ્ય સચિવ શ્રી રાજકુમાર, સામાન્ય વહીવટ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી કમલ દયાણી, પંચાયત વિભાગના અગ્ર સચિવ શ્રી સંદીપ કુમાર, અધિક વિકાસ કમિશનર ડૉ. ગૌરવ દહિયા, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળના અધ્યક્ષ શ્રી હસમુખ પટેલ, સભ્ય શ્રી રાજિકાબેન કચેરીયા અને શ્રી નીતાબેન સેવક સહિત પસંદગી પામેલા ઉમેદવારો અને તેમના પરિવારો ઉપસ્થિત રહ્યા હતા.

**ન્યૂઝ બ્રિફ**

## વલસાડમાં ટીસ્યુ પેપર બનાવતી એક ફેક્ટરીમાં આગ લાગી

। વલસાડ, તા.૬ ।

વલસાડમાં ટીસ્યુ પેપર બનાવતી ફેક્ટરીમાં આગની ઘટના બની છે. મોડી રાત્રે અચાનક ભીષણ આગ લગતા આસપાસના લોકો ચિંતામાં મુકાયા હતા. ઉમરગામના દહેરીમાં આ ઘટના બની હતી. જે બાદ ફાયરની ૬ ગાડી ઘટના સ્થળે પહોંચી હતી. ફાયર વિભાગે પાણીનો મારો ચલાવી ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો. મહત્વનુ છે કે આગને પગલે ફેક્ટરીમાં મોટાપાયે નુકસાન થયું છે. વલસાડમાં ઉમરગામના દહેરીમાં ટીસ્યુ પેપર બનાવતી ફેક્ટરીમાં આગ લાગવાની ઘટના બની છે. મોડી રાત્રે અચાનક ભીષણ આગ લાગતા અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. છેલ્લા એક માહિનામાં વલસાડના અનેક વિસ્તારોમાં આગ લાગવાના બનાવ બન્યા હતા. જેમાં હજી પણ નવી ઘટનાઓનો ઉમેરો થઈ રહયો છે. દહેરીમાં ટીસ્યુ પેપર બનાવતી ફેક્ટરીમાં આગની ઘટનાને પગલે ફાયરની ૬ ગાડી ઘટના સ્થળે પહોંચી છે. ભારે જહેમત બાદ ફાયરની ટીમે આગ પર કાબૂ મેળવ્યો હતો.

## કોપરના ગોડાઉનમાં ૧ કરોડથી વધુના કોપરના ભંગારની લૂંટ

। સુરત, તા.૬ ।

સુરત જિલ્લાઓ હવે ગુનેગારો માટે આશ્રય સ્થાન બની ગયો છે. દિવસે દિવસે ગુનાખોરીનું પ્રમાણ સુરત જિલ્લામાં મોટા પ્રમાણમાં વધી રહ્યું છે, ત્યારે આજે મોડી રાત્રે પણ સુરત જિલ્લાના કડોદરા ચાર રસ્તા નજીક એક કોપરનો વ્યવસાય કરતા વેપારીના જીએસટી વિભાગ દ્વારા સિઝ કરાયેલા ગોડાઉનમાં લૂંટની ઘટના બની છે. મોઢા પર બુકાની બાંધી ટ્રક લઈ આવેલા આશરે ૧૦થી ૧૫ જેટલા લૂંટારુઓએ મિલના કામદાર અને વોચમેનને પરિવાર સહિત ગોડાઉન ના ઉપરના ભાગે બનાવવામાં આવેલા રહેવાના રૂમમાં બંધક બનાવી આશરે ૧ કરોડથી વધુની કિંમતના ૧૭થી ૧૮ ટન જેટલા કોપર વાયરની લૂંટ કરી ફરાર થઈ ગયા હતા. ૪૦ દિવસ પહેલા પડેલી જીએસટી વિભાગની રેડ બાદ આ ગોડાઉન જીએસટી વિભાગ દ્વારા સિઝ કરવામાં આવ્યું હતું. જેને લઈ ગોડાઉન પર ૧૩૦ ટન જેટલો કોપરનો જથ્થો હતો. રાત્રે ૧ વાગ્યા આસપાસ મારક હથિયાર સાથે આવેલા લૂંટારુંઓ ગોડાઉનમાં ૩ વોચેમન અને કામદારોને પરિવાર સાથે બંધક બનાવી લૂંટ કરી ફરાર થઈ ગયા હતા.

## માણેજામાં પતિ-પત્ની વચ્ચે મારામારી થતા સામસામે ફરિયાદ નોંધાઇ

। વડોદરા, તા.૬ ।

વડોદરાના માણેજામાં શિવબા નગરમાં રહેતી ભાવિતા સોલંકી સિલાઈ કામ કરે છે. મકરપુરા પોલીસ સ્ટેશનમાં તેણે ફરિયાદ નોંધાવી જણાવ્યું છે કે હું મારા પિયર નજીકમાં ભાડાના મકાનમાં દોઢ વર્ષથી મારા પતિ અને બે બાળકો સાથે રહું છું, મારા પતિ નયનભાઈ કોલેજનો સુપરવાઈઝર તરીકે નોકરી કરે છે. મારા પતિ મારા પર શક વહેમ રાખતા હોવાથી દસ દિવસ પહેલા મારે બોલાચાલી થઈ હતી. જેથી મારા પતિ સાંકરદા મારી સાસરીમાં રહેવા જતા રહ્યા હતા અને ગઈકાલે સવારે તેઓ ઘરે આવ્યા હતા. રાત્રે ૯:૩૦ વાગે હું તથા મારા પતિ અને બાળકો ઘરે બેઠા હતા તે વખતે મારા પતિએ મારા પર આક્ષેપ કરી ગાળો બોલતા હતા અને મારી સાથે જપાજપી કરતા હતા. મારી નાની બહેન છોડાવવા વચ્ચે પડતા તેને પણ મારા પતિએ ધક્કો મારીને પાડી દીધી હતી. મારા પપ્પા આવી જતા મારો પતિ ઘરેથી ભાગી ગયો હતો. સામા પક્ષએ પતિ નયન સોલંકીએ પત્ની ભાવિતા અને સસરા નગીનભાઈ કરસનભાઈ સોલંકી સામે ફરિયાદ નોંધાવી જણાવ્યું છે કે, મારા મોટા પુત્ર પૃથ્વીને કૂતરું કરડતા અમે તેની બાધા રાખી હતી. તે બાધા પૂરી કરવા માટે હું મારી પત્નીને સાંકરદા ખાતે અમારા ઘરે જવાનું કહેતો હતો પરંતુ મારી પત્ની ના પાડતી હોવાથી અમારે તે બાબતે ઝઘડા થતા હતા.



દિવાળીમાં ઘરમાં સુશોભન કરવા માટે આર્ટીફિશીયલ ફ્લાવર પોર્ટની લોકો દ્વારા ખરીદી કરવામાં આવી રહેલ છે.

### ગુ. માધ્ય. અને ઉ. માધ્ય. બોર્ડના નવા ચેરમેનની નિમણૂંક

## બંછાનિધિ પાની બન્યા શિક્ષણ બોર્ડનાં નવા ચેરમેન

। ગાંધીનગર, તા.૬ ।



ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડના ચેરમેન એ.જે શાહે અચાનક રાજીનામું ધરી દેતા અનેક તર્ક-વિતર્ક શરૂ થયા છે. રાજ્ય સરકાર દ્વારા એ.જે શાહનું રાજીનામું સ્વીકારી લીધું છે. ત્યારે આજે ગુજરાત માધ્યમિક. અને ઉચ્ચતર માધ્યમિક બોર્ડનાં નવા ચેરમેન પદે બંછાનિધિ પાનીની નિમણૂંક કરવામાં આવી છે. નિવૃત્ત IAS અધિકારી એ.જે. શાહ શિક્ષણ બોર્ડના ચેરમેન તરીકે છેલ્લા કેટલાય વર્ષોથી ફરજ બજાવી રહ્યા છે અને ચોખ્ખી છાપ ધરાવે છે. એ.જે શાહ ૨૦૧૬-૧૭માં ઉચ્ચ શિક્ષણ કમિશનર તરીકે ફરજ બજાવતા હતા અને તેમની પાસે શિક્ષણ બોર્ડનો ચાર્જ પણ હતો. જે બાદ તેઓ નિવૃત્ત થયા હતા. નિવૃત્તિ બાદ પણ તેમને એક્સટેન્શન આપીને બોર્ડના ચેરમેન તરીકે ચાલુ રાખવામાં આવ્યા હતા. તેમને પાંચમું એક્સટેન્શન મળ્યા બાદ તેમણે અચાનક રાજીનામું ધરી દેતા શિક્ષણ આલમમાં ભારે ચર્ચા ઉઠી છે. એ.જે શાહ લાંબા સમય સુધી બોર્ડના ચેરમેન રહ્યા બાદ પાંચમું એક્સટેન્શન પૂર્ણ થાય તે પહેલા જ તેમણે અચાનક રાજીનામું આપી દેતા અનેક તર્ક-વિતર્ક શરૂ થયા છે.



। ઓમકારસિંહ ચૌહાણ સંતરામપુર, તા.૬ ।

મહિસાગર જિલ્લાના બાલાસિનોર ખાતે આદિજાતિ વિકાસ, પ્રાથમિક, માધ્યમિક અને પ્રોઢ શિક્ષણ મંત્રીશ્રી પ્રો. ડૉ. કુબેરભાઈ ડિંડોર સાહેબની પ્રેરક ઉપસ્થિતિમાં કરુનાનિકેતન વિદ્યાલય ખાતે ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગાંધીનગર પ્રેરિત જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીની કચેરી મહિસાગર તથા જીલ્લા શિક્ષણ સમિતિ મહીસાગર દ્વારા માર્ગદર્શિત જીલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સંતરામપુર દ્વારા આયોજીત એજ્યુકેશન ઈનોવેશન ફેસ્ટિવલ ૨૦૨૩-૨૪ અંતર્ગત જીલ્લા કક્ષાના પ્રાથમિક બાળ વૈજ્ઞાનિક પ્રદર્શનના ઉદ્‌ઘાટન પ્રસંગે ઉપસ્થિત રહી દરેક સ્ટોલની મુલાકાત લીધી. આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખશ્રી બાબુભાઈ પટેલ, પંચમહાલના સાંસદશ્રી રતનસિંહ રાઠોડ, જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી શ્રીમતી અવનીબા મોરી, જીલ્લા શિક્ષણ સમિતિના ચેરમેનશ્રી પિનાકીનભાઈ શુક્લા, બાલાસિનોરના ધારાસભ્યશ્રી માનસિંહ ચૌહાણ, મહિલા અને બાળ વિકાસ સચિવશ્રી કે. કે. નિરાલા, મહીસાગર કલેક્ટર શ્રી ભાવિનભાઈ પંડ્યા, જિલ્લા વિકાસ અધિકારીશ્રી ચંદ્રકાંતભાઈ પટેલ, જીલ્લા મહામંત્રી શ્રી રાવજીભાઈ પટેલ અને પ્રદિપસિંહ રાઠોડ સહિત મોટી સંખ્યામાં બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

### અકસ્માતમાં એક વ્યક્તિને પગમાં ઇજા પહોંચી

## સુરેન્દ્રનગરમાં પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીના કાફલાને અકસ્માત નડ્યો

। સુરેન્દ્રનગર, તા.૬ ।

સુરેન્દ્રનગર વિસ્તારમાં પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપ ાણીના કાફલાને અકસ્માત નડ્યો હોવાની ઘટના સામે



આવી છે. વિગતો મુજબ હાઈવે પરથી પસાર થઈ રહેલા પૂર્વ CM રૂપાણીના કાફલામાં સવાર પોલીસની પાયલોટિંગ કાર એક બાઈક સાથે અથડાતાં આ અકસ્માત સર્જાયો હતો. આ ઘટનામાં એક વ્યક્તિને પગમાં ઈજા પહોંચી હતી. જેને લઈ વિજય રૂપ ાણીએ ઈજાગ્રસ્ત વ્યક્તિની સારવાર માટેની વ્યવસ્થા કરી તેમને સારવાર માટે મોકલી આપ્યા હતા. રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીના કાફલાની પોલીસ પાયલોટિંગ કાર અને બાઈક વચ્ચે અકસ્માત સર્જાયો હતો. પૂર્વ CM રૂપાણીના કાફલાની પોલીસ પાયલોટિંગ કાર હાઈવે પરથી પસાર થતાં એક બાઈકને અથડાઈ હોવાની પ્રાથમિક માહિતી સામે આવી છે. ઘટનામાં બાઈક સવાર એક વ્યક્તિને પગના ભાગે ઈજા પહોંચતા પૂર્વ CM રૂપાણીએ પોતાની કારમાંથી ઉતરી તાત્કાલિક ઈજાગ્રસ્ત વ્યક્તિને હોસ્પિટલ પહોંચાડવાની કવાયત કરી હતી.

## AMCના બજેટમાં જુઠા વાયદાઓ કરી પ્રજાને ગુમરાહ કરતું સત્તાધારી પક્ષ ભાજપ

### બિસ્માર રસ્તાઓ, રખડતા ઢોરનો ત્રાસ, મહિલાઓ માટે પીન્ક બસો, વી.એસ. હોસ્પિટલનું નવીનીકરણ જેવા અનેક કામોનાં વાયદા કર્યા હતા જે પૂરા થયા નથી

। અમદાવાદ, તા.૬ ।



અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની પાછલા વર્ષ તથા ચાલુ વર્ષ ૨૦૨૩-૨૪ ના બજેટમાં મંજુર થયેલા કામો બાબતો અંગે આજે બજેટ રીવ્યુ કમિટીની બેઠક યોજાઈ હતી. ત્યારે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ભાજપના સત્તાધીશો દ્વારા દર વર્ષેની જેમ શાસકો દ્વારા બજેટ મંજુર કરવામાં આવે છે. તે પાસ કરેલા બજેટને વર્ષના અંતે તેને રીવાઈઝડ કરવામાં આવે છે. આ એક કડવી વાસ્તવિકતા છે ત્યારે પાછલું વર્ષ ૨૦૨૧-૨૨ તથા ચાલુ વર્ષ ૨૦૨૨-૨૩ના બજેટ રીવાઈઝડ પણ થઈ ગયેલ છે. ગત વર્ષોના મંજુર કરાયેલા બજેટના કામોનો પ્રગતિ રીર્પોટ તથા અગ્રતાક્રમ આપવા બાબતે મળેલ બેઠક હાસ્યાસ્પદ રહી છે. દર વર્ષનું બજેટ કરોડો રૂપિયાનું હોવા છતાં પ્રજાકીય કામો ખોરંભે ચડે છે અને રોજ-પ્રતિદિન વધતી સમસ્યાઓનું કોઈ નિરાકરણ થતું નથી.

**રોજ પ્રતિદિન વધતી સમસ્યાઓ**

અમદાવાદ મહાનગરપાલિકામાં રખડતાં ઢોરની સમસ્યાઓ, બિસ્માર હાલતમાં રસ્તાઓ, પ્રદૂષણયુક્ત સાબરમતી નદી, હવમાં થતુ પ્રદૂષણ, ટ્રાફિકજામ, કચરાનો નિકાલ, વરસાદી પાણીનો ભરાવો.

**વર્ષ ૨૦૨૧-૨૨ના બજેટમાં મંજુર થયેલ હોવા છતા અમલ ના થયો હોય તેવા કામોની સૂચી**

મહિલાઓ માટે પિંક ટોઈલેટ, મ.ન.પા.ની તમામ મિલકતો પર સોલાર સીસ્ટમ લગાવવી, મહિલાઓ માટે પીંક બસોની સુવિધા, AMC સંચાલીત શાળાઓના વિદ્યાર્થીઓને સ્માર્ટ ફોન આપવા, વી.એસ. હોસ્પિટલનું નવીનીકરણ, ઝાયડસ રોડ પર ૩૦ બેડની નવી હોસ્પિટલ, પ્રાથમિક સુવિધાના કામો અંદાજપત્ર વર્ષમાં પુરા કરી તેના નકશા બનાવવા, મ્યુ.કોર્પોની માલીકીનો હોટમીક્ષ પ્લાન્ટ બનાવવા.

વર્ષ ૨૦૨૨-૨૩ના બજેટમાં મંજુર થયેલ હોવા છતા અમલ ના થયો હોય તેવા કામોની સૂચી રામદેવનગર થી ઈસ્કોન ચાર રસ્તા અન્ડરબ્રિજ નિર્માણ, સાંરગપુર તથા કાલુપુર બ્રિજ પહોળો કરવો, શહેરમાં પ્રવેશવાનાં માર્ગનું બ્યુટીફીકેશન, એલીસબ્રિજનું સમારકામ કરવું, ડી સીલ્ટીંગ કરવા માટેના મશીનો ખરીદવા.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશના સત્તાધીશ ભાજપ દ્વારા મંજુર કરાયેલી અનેક દરખાસ્તોને હાલ પણ અમલમાં મૂકી નથી. જે સત્તાધારી ભાજપની વહીવટી નિષ્ફળતા પુરવાર થાય છે. અને પ્રજાને લોલીપોપ અપવામાં માહીર ભાજપ પ્રજાને ગુમરાહ કરે છે. જે સત્તાધારી પક્ષ માટે શરમજનકની બાબત છે. પ્રજાને સુચારૂ વહીવટ અને સારી પ્રાથમિક સુવિધા આપવા માટે સત્તાધારી ભાજપની ઈચ્છાશક્તિ મરી પરવારી હોય તેવું જણાઈ રહયું છે માત્ર વાહવાહી મેળવવાના નામે કામો મંજૂર કરીને માત્ર બજેટ બુકમાં રહેવા પામે છે આ તમામ બાબતોને લઈને બજેટના કોઈ પણ પ્રકારના કામોનું અમલીકરણ કરવા જરૂરી વ્યવસ્થા તથા કાર્યવાહી સમયસર થઈ શકે તેવું આયોજન કરવા અમારી માંગણી છે.

## સૌરાષ્ટ્રના યાર્ડમાં ડુંગળીની જંગી આવક થતા ભાવમાં કડાકો

। અમદાવાદ, તા.૬ ।

સૌરાષ્ટ્રના માર્કેટિંગ યાર્ડમાં ખરીફ ડુંગળીની મોટા પ્રમાણમાં આવકો થતા ભાવમાં કડાકો બોલ્યો છે. રાજકોટ-ગોંડલ માર્કેટિંગ યાર્ડમાં ડુંગળીની મોટા પ્રમાણમાં આવકો થઈ છે. ડુંગળીની મોટા પ્રમાણમાં આવકો થતા ભાવમાં ઘટાડો થયો છે. છેલ્લા પાંચ દિવસમાં ડુંગળીનાં ભાવમાં પ્રતિ મણે ૧૫૦થી ૩૦૦ રૂપિયા સુધીનો ઘટાડો થયો છે. હાલ સારામાં સારી ડુંગળી એક મણે ૫૦૦ થી ૬૦૦ રૂપિયા ભાવે વેચાઈ રહી છે. હાલ ખરીફ ડુંગળીની મોટા પ્રમાણમાં આવકો થઈ છે. સરેરાશ ડુંગળીના ૪૦૦ રૂપિયાથી ૬૦૦ રૂપિયા ભાવ બોલાઈ રહ્યો છે. રાજકોટ અને ગોંડલ માર્કેટિંગ યાર્ડમાં મોટા પ્રમાણમાં ડુંગળીની આવકો થઈ છે. છેલ્લા એક-બે મહિના દરમિયાન



સમગ્ર દેશમાં ડુંગળીના ભાવમાં ભારે વધારો થયો છે. દેશના ઘણા ભાગોમાં ડુંગળીના છૂટક ભાવ ૧૦૦ રૂપિયા પ્રતિ કિલોની નજીક પહોંચી ગયા છે. ડુંગળીના ભાવમાં આ વધારો એવા સમયે થયો છે જ્યારે સમગ્ર દેશ તહેવારોની ઉજવણીમાં ડૂબેલો છે. જેના કારણે તહેવારોની સિઝનમાં મોંઘવારી ફરી કાબૂ બહાર જવાની સંભાવના વધી ગઈ છે. આ કારણે સરકાર ડુંગળીના ભાવને અંકુશમાં લેવા માટે દરમિયાનગીરી કરી રહી છે. અહેવાલ મુજબ, ગ્રાહક બાબતોના મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું છે કે આ સપ્તાહના અંતથી સફલ મધર ડેરીમાં બફર સ્ટોકમાંથી ડુંગળીનું વેચાણ શરૂ થશે. ખરીફ પાકના આગમનમાં વિલંબ થઈ રહ્યો છે, જેના કારણે ડુંગળીના ભાવમાં વધારો થઈ રહ્યો છે. ગ્રાહકોને રાહત આપવા માટે બફર સ્ટોકમાંથી ડુંગળીનું છૂટક વેચાણ શરૂ કરવામાં આવ્યું છે. મંત્રાલયના જણાવ્યા અનુસાર, સરકારે ચાલુ વર્ષ માટે પાંચ લાખ ટન ડુંગળીનો બફર સ્ટોક જાળવી રાખ્યો છે. સરકાર વધારાના બે લાખ ટનનું બફર બનાવવાની યોજના ધરાવે છે. સરકારનું કહેવું છે કે આ પગલાંને કારણે ડુંગળીના જથ્થાબંધ ભાવમાં ઘટાડો જોવા મળી રહ્યો છે. સરકારનું કહેવું છે કે રિટેલ માર્કેટમાં તેની અસર જોવામાં સમય લાગી રહ્યો છે.

### ગણપત યુનિવર્સિટીના ખેલાડીએ ગતકાં માર્શલ આર્ટમાં બ્રોન્ઝ મેડલ મેળવી ગુજરાતનું ગૌરવ વધાર્યું

## ૩૭મી નેશનલ ગેમ્સમાં મહેસાણા જિલ્લાના સંદિપસિંહ ઝાલાએ બ્રોન્ઝ મેડલ મેળવ્યો

### સુણસરના ખેડૂત પુત્રે ઇજનેરનું ભણતા ભણતા મહેનતથી માવતરનું પણ નામ રોશન કર્યું

। મહેસાણા, તા.૬ ।

મિનિસ્ટ્રી ઓફ યુથ અફેર્સ એન્ડ સ્પોર્ટ્સ ગવર્મેન્ટ ઓફ ઈન્ડિયા, ઈન્ડિયન ઓલમ્પિક એસોસિએશન, ગવર્મેન્ટ ઓફ ગોવા અને ધિ સ્પસ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગોવા ના સંયુક્ત ઉપક્રમે ગોવા ખાતે તારીખ ૯મી નવેમ્બર સુધી ચાલી રહેલી ૩૭મી નેશનલ ગેમ્સ ગોવામાં ગતકાં માર્શલ આર્ટમાં મહેસાણા જિલ્લાના સુણસર ગામના ગણપત યુનિવર્સિટીના ખેલાડી સંદીપ સિંહ મેડલ મેળવીને ગુજરાતનું મહેસાણા નું ગૌરવ વધાર્યું છે. સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત દ્વારા અને ગુજરાત ઓલમ્પિક એસોસિએશન દ્વારા ગણપત યુનિવર્સિટી ખાતે ૧૧ ખેલાડીઓને ગતકાં ગેમ્સ માટે ૨૩ દિવસ પ્રશિક્ષણ આપવામાં આવેલ હતું આ પ્રશિક્ષણના ૧૧ ખેલાડીઓ માંથી એક એવા સંદિપસિંહ ઝાલાએ બ્રાન્ચ મેડલ મેળવીને ખેલાડીઓનું મનોબળ વધાર્યું છે તેમજ રમશે ગુજરાત જીતશે ગુજરાતને પણ સાર્થક કર્યુ છે. ગટકા એ એક માર્શલ આર્ટ છે જે સ્વરક્ષણની યુક્તિની રમત ગણાય છે. સ્વ બચાવની



જુદી જુદી રીત એટલે ગતકાં માર્શલ આર્ટ. ઉલ્લેખનીય છે કે ગણપત યુનિવર્સિટી ખેરવા રાજ્યની પ્રથમ યુનિવર્સિટી છે જેને ગત્તા રમતમાં બ્રોન્સ મેડલ મેળવ્યો છે. ગણપત યુનિવર્સિટીમાં ડિપ્લોમા ઓટો મોબાઈલ એન્જિનિયરિંગના પ્રથમ મિસ્ટરમાં ભણતા ૨૨ વર્ષીય સંદીપસિંહ ઝાલાએ ભણવા સાથે રમતગમતમાં પણ નિપુણતા અને લગ્ન કેળવી છે જેના પગલે તેઓ આ અદભુત સિદ્ધિ મેળવી શક્યા છે આ માટે સંદીપ સિંહ ઝાલા તેમના માતા પિતા નું મૂળ સ્વીકારે છે તેમજ રાજ્ય સરકાર દ્વારા કરાતી ખેલાડીઓને સહાય અને ગણપત યુનિવર્સિટી તેમજ શ્રી હિમાંશુભાઈ સોલંકી નો આભાર માને છે. મેડલ વિજેતા ખેલાડી સંદીપસિંહ કહે છે એમ ભણવાની સાથે સ્પોર્ટ્સમાં દરેકે ભાગ લેવો જોઈએ કારણ કે રમવા માટે ૩૭મી નેશનલ ગેમ્સ જેવા મોટા પ્લેટફોર્મ અને પ્રશિક્ષણ તેમજ વિનામૂલ્યે સરકાર દ્વારા પ્રશિક્ષણ પ્રોત્સાહન લાભ લઈને દેશ માટે રમી શકાય છે. કોચ શ્રી હિમાંશુભાઈ સોલંકી જણાવે છે એમ ગતકાં માર્શલ આર્ટમાં ગેમ્સમાં પ્રાપ્ત કરનાર મહેસાણા જિલ્લાના પ્રથમ ખેલાડી તરીકે નામના મેળવી છે તે ગુજરાત અને મહેસાણા માટે ગૌરવની વાત છે આવનારા સમયમાં તેઓ ઓલ ઈન્ડિયા યુનિવર્સિટીમાં પણ મેડલ લાવશે અને તેમની મહેનત અને લગન રંગ લાવશે. આ અગાઉ તેમણે છઠ્ઠી ઓગસ્ટ ૨૦૨૩ માં પણ આસામ ખાતે યોજાયેલ સાતમી નેશનલ ગતકાં ચેમ્પિયન શીપ ૨૦૨૩ માં પણ બ્રોન્સ મેડલ મેળવેલ છે. ૩૭મી નેશનલ ગેમ્સ ગોવા ખાતે તારીખ ૩૧ મી ઓગસ્ટ થી બે નવેમ્બર ૨૦૨૩ સુધી તેઓ ગતકાં ગેમ્સમાં ત્રીજા ક્રમે રહીને બ્રોન્ઝ મેડવલ મળ્યું છે.

## કારની ટક્કરથી ટુ વ્હિલર પર જતો પરિવાર ફૂટબોલની જેમ ફંગોળાયો

। આણંદ, તા.૬ ।

મોપેડ પર સવાર પિતા અને પુત્રીનું મોત નીપજ્યું હતું. આ ગોઝારા અકસ્માતના સીસીટીવી ફૂટેજ પણ સામે આવ્યા છે. જે જોઈને કડક મનનો માણસ પણ ધ્રુજી જશે તેવા છે. આણંદઃ બોરસદના દાવોલ પાસે એક ગમખ્વાર અકસમાત થયો છે. જેમાં પિતા અને પુત્રીનાં મોત નીપજ્યા છે. દાવોલ ખાતે બાઈક પર સવાર પરિવારને સુરત પાસીંગ કારના ચાલકે જોરદાર ટક્કર મારી હતી. જેમાં ચારેય લોકો ફૂટબોલની જેમ ફંગોળાયા હતા. મોપેડ પર સવાર પિતા અને પુત્રીનું મોત નીપજ્યું હતું. આ ગોઝારા અકસ્માતના સીસીટીવી ફૂટેજ પણ સામે આવ્યા છે. જે જોઈને કડક મનનો માણસ પણ ધ્રુજી જશે તેવા છે. આ અંગે મળતી માહિતી પ્રમાણે, બોરસદના શરણાઈકુઈ પાસે પુરપાટ ઝડપે જતી કારે મોપેડને જોરદાર ટક્કર મારી હતી. કારની ધડાકાભેર ટકકરને કારણે મોપડ પર સવાર દંપતી અને બે પુત્રીઓ ફૂટબોલની જેમ ફંગોળાયા હતા.

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત
દૈનિક સમાચાર પત્ર
ઉપાડો ફોન
9800708900
આ નંબર પર માત્ર
વોટ્સએપ મેસેજ જ કરવો
CNN CHANNEL NINE NETWORK GUJARAT
આપની આસપાસ બનતી ઘટનાઓના ફોટાઓ વિડીયો મોકલી આપો
દરેક જાતના પ્રસંગ, ઉમંગ, શાળાઓ, કોલેજોથી લઈને સોસાયટીઓ સુધી અવસરથી લઈને તહેવારો સુધી બધા જ સમાચારોને આવરી લેતુ અખબાર "ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત" દૈનિક હંમેશા તૈયાર રહે છે, આપની આસપાસ બનતી રસપ્રદ ઘટનાઓની માહિતી વોટ્સએપ નંબર ઉપર અથવા ઈ-મેઈલ પર અમને લખીને મોકલો...
cnngujarat@gmail.com

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨